કુમાર


જાન્યુઆરી ૧૯૯૭ • સંસ્થાપક • વર્ષ સિત્તેરમું

રવિશંકર રાવળ

૮૨૮

તંત્રી

ધીરુ પરીખ



ચિત્રકાર • નટુ પરીખ



૧૯૪૨નો જોસ્સો] [જગુભાઈ શાહ

‘ હિંદી છોડો ’નો નારો ૧૯૪૨માં મહાત્મા ગાંધીએ મુંબઈમાં લગાવ્યો અને સમગ્ર ભારત સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ માટે એકચિત્ત બની ગયું. એ સંગ્રામ સામે શાષકો તરફથી અનેક પ્રકારના સંઘર્ષો રચાયા. પરન્તુ ભારતની જાગ્રત પ્રજાએ અનેક વિરોધ – વીટંબણાઓ વચ્ચે પણ ધ્યેયપ્રાપ્તિ માટે જે આગેકૂચ જારી રાખી તેને અહીં ચિત્રકારે વમળોની વચ્ચેથી ઊર્ધ્વગતિ કરી રહેલાં પાત્રો દ્વારા એ વખતના જોસ્સાને કલ્પનાપૂર્વક આલેખ્યો છે. આ ચિત્રમાંનો આગળ પડતો રંગ જોસ્સાનો સૂચક બની રહે છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૦મું — અંક ૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

જાન્યુઆરી — ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૨૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચક લખે છે

આપે 'કુમાર'ને ફરી ઊભું કર્યું છે એટલું જ નહીં, પણ તેની અગાઉની કક્ષા જાળવી રાખી છે, તેમજ તેને સંજીવનીનું અમૃત પાઈ રહ્યા છો - તે અંક મળતાં વાંચી-જાણી આનંદ થયો. એ બદલ આપને સપ્રેમ નમન. અગાઉ 'કુમાર', 'મિલાપ', 'સંસ્કૃતિ' વગેરે અંકો વેળાસર મને મળી રહેતા. વિદ્યાર્થીકાળમાં શાળામાં વાંચવા મળતા. આથી 'કુમાર' પ્રત્યે મને સાહજિક લગાવ બની રહે તે એટલું જ સ્વાભાવિક છે. જેટલું બચપણમાં જાણવા-માણવા મળે તે બાકીની પાછળની જિંદગીના દિવસોમાં તેની યાદ વાગોળતા રહેવાનું પણ કંઈક અંશે મઝેનું લાગે છે. અમને અમારું દૂર વસતું કોઈ યાદ કરી 'કુમાર' મોકલતું થાય, તેમ મને પણ મન થયું છે કે હું પણ એવા કોઈને મોકલું - તેથી બે જણને 'કુમાર'ના વાર્ષિક ગ્રાહક તરીકે મરા તરફી નોંધવા આપને વિનતિ કરું છું.... - કેશવલાલ રામજી પટેલ (મુંબઈ)

*

'ફિનિક્સ' પક્ષીની જેમ ગુજરાતના સંસ્કારધન જેવા 'કુમાર'ને અવશેષમાંથી સજીવન કરવા માટે આપને તથા આપના સાથીઓને મારાં હાર્દિક અભિનંદન.

'કુમાર'ના ઑક્ટોબર, અંક ૮૨૫માં ભાઈશ્રી ભોજકે એક અભ્યાસપૂર્ણ સુંદર લેખ લખેલો છે, એમાં પૃ. ૫૫૨ના લખાણમાં એક હકીકતદોષ રહી ગયેલો છે : 'રસીલાં પ્રેમીનાં હૈયાં, પ્રીતમમાં રાતદિન રમતાં' - નાટક 'શાલિવાહન' (૧૯૨૭) - કવિ : પ્રભુલાલ દ્વિવેદી. વાસ્તવમાં આ ગીત કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનું લખેલું છે. - જયદેવ બ્રહ્મભટ્ટ (મુંબઈ)

*

નવેમ્બર ૧૯૯૬, સળંગ અંક ૮૨૬માં પાન ૬૪૯ ઉપર આપેલ ગણિત-ગમ્મતના અંકચોરસામાં એક ત્રાંસી લાઈનમાં ૩૪ સરવાળો થવાને બદલે ૩૯ થાય છે. આમ કેમ ? આડી-ઊભી-ત્રાંસી હારમાં સરવાળો એકસરખો ૩૪ થવો જોઈએ.

- ગ્રંથપાલ : ટાટા હાઈસ્કૂલ (બિલિમોરા)

(સાચી વાત છે. ડાબેથી બીજી ઊભી હારમાં ત્રીજો આંકડો **૧૬** નહિ, પણ **૧૧** જોઈએ. છાપભૂલ બદલ દિલગીર છીએ.)

*

'કુમાર' ડિસેમ્બર ૧૯૯૬માં મારી ગઝલ પ્રકટ થઈ તેથી ખૂબ રાજી થયો. આખો અંક સરસ છે. મારી ગઝલમાં બે ઠેકાણે દોષ પ્રવેશ્યો છે : (૧) પહેલા શેરની પહેલી પંક્તિમાં બીજો શબ્દ **વ્યાલપભર્યો** જોઈએ. (૨) ત્રીજા શેરમાં પહેલી પંક્તિમાં છેલ્લો શબ્દ **ક્યાં** જોઈએ. - મનહર મોદી (અમદાવાદ)

ગાંધીનિર્વાણ દિને

જે કાળ શા મ્હોળાને પથરાયલા પોતે હતા
તે સમેટાઈ હવે 'ક્ષણ'! બે મિનિટનું મૌન !

જે કાળ કેરો સાંઢ શૃંગેથી ગ્રહી હાંકી ગયા
તે આટલે વર્ષે હવે ખુદ બે મિનિટનું મૌન !

એ કેટલી મોટી હતી ઘટના ઘટી ઇતિહાસસૃજ
એ સ્વયં ઇતિહાસ પાને બે મિનિટનું મૌન !

એ પ્હાડના જેવું ઊંચું, અંજાણ્યું મ્હોળું પ્રાણી કો
તે સોયના નાકેથી સરકે ! બે મિનિટનું મૌન !

કાળમાં ભરતી ચઢી કેવી હતી ત્યારે અહો !
તે ઓટમાં ઓટાઈ થૈ લ્યો, બે મિનિટનું મૈન !

તે ત્રીસમી આજે હતી, એ'ગ્યાર વાગ્યાનો સમય
ક્યારે ગયો વીતી, ન યાદે; બે મિનિટનું મૌન !

તે પછી તો કાળમોજાં કેટલાં ઉપર'પરી !
બે મિનિટ ગુજર્યા ઉપર લ્યો, બે મિનિટનું મૌન !

ઉશનસ્

ધરતીનું રતન / અશોક હર્ષ

(ગાન)

વાગે હો ઢોલ, રણશિંગડાં ફૂંકાયે,
ખાંડાં ખખડે ને નવા ઓરતા ચડે;
કંકુના ચાંદલે ને કેસરના છાંટણે
લાખેણો રાજપૂત ઘોડલે ચડે.
આભના તે ગોખ થકી ઝાંખે સૂરજદેવ :
'મારો અનુજ આજ ધરમે પળે;
પુલકંતા પોરસે આશિષ એ ઉચ્ચરે :
'મારો પ્રકાશ તેજ તુંમાં ભરે.'
મેલે દાદાજી પરી હોકાની દાંડલી,
પ્રેમે ઊઠીને પીઠ થાબડી રહે :
'રંગ છે સપૂત ! જાઓ, ઘૂમો રણાંગણે,
મારું ખમીર આજ ઓપી રહે.'
આંગણે તે દોડતી માતા ઓવારણાં
લેતી ખુશાલ ખૂબ, હૈયું કહે :
'ખમ્મા હો, બેટડા ! જુગતે ઝઝૂમજો,
મારી છાતીનાં દૂધ દીપી રહે.'
'થોભો જરીક, વીર !' દોડતી કે' બેનડી :
'પેંગડે તે પાય જરા ભેરવો પછે;
રક્ષો કુળદેવતા એ આશિષ છે માહરી,'
બોલી ગભુડી બેન આંસુ લૂછે.
એથી વિશેષ વહે આંસુનાં પૂર તો ય
પેલી તેજલબા ન આંસુ લૂછે;
નેણલાં ભીંજાય તોય હૈયું હસી કહે :
'મારી તે સોડની પિછાણો થશે.'
થઈ એ પિછાણ, દૂધ માતનાં એ દીપિયાં,
દાદા તણું ખમીર ઓપી રહ્યું;
ધરણી મલકાઈ ઉર આગળા ઉઘાડતી :
'મારું રતન આજ પાછું મળ્યું !'

શબ્દપંખી / જગદીશ ત્રિવેદી

(વસન્તતિલકા)

જે શબ્દપંખી તણી રેશમ પાંખ માંહે
સંગોપીને પ્રણયનો ઋજુ એકરાર –
મારે તને અરવ પાંઠવવો હતો ને
તે શબ્દપંખી તવ આંખ મહીં અધીર
કેવું અહો થનગને ફફડાવી પાંખ
રે આવીને વિહરવા મુજ આંખઆભ !

જાતને ચાહ્યા પછી / મૌન બલોલી

(ગઝલ)

જાતને ચાહ્યા પછી જાણી શક્યો શું થાય છે;
ઘેરથી નીકળ્યા પછી ના અધવચે થંભાય છે.

કેટલીયે બસ અહીં થોભી અને ચાલી ગઈ,
તે છતાં બસ-સ્ટૅન્ડ પર એ કેમ હજુ દેખાય છે !

રોજ સૂરજ ઊગતો, પણ કેમ વાસી થઈ જતો ?
અર્ચ્ય છે સઘળું છતાં એ કેમ અર્ચિત થાય છે ?

છે ઘણી સૂધ-બૂધ છતાં એ પાર ના પામી શકે,
જાતમાં રહેવા મથે ને બ્હાર એ ઢોળાય છે.

જાગતા હો એ પળે પણ એકદમ ઝબકાય છે,
જ્યાં અચાનક કોઈ આવીને નિકટ રોકાય છે.

બોલવું સૂના નગરમાં આમ તો કોને ગમે !
સાદ દીકરીનો સુણી એ તુર્ત બેઠો થાય છે.

પંખીઓના આગમનથી વૃક્ષ કેવું કલબલે !
વાયરો ના હોય, તો પણ પાન તૂટતાં જાય છે.


આંતરીને સૌ અજાણ્યા પણ હવે બોલાવશે,
છાંયડામાં આજ પછડાયો મને દેખાય છે.

બંધ ઘરમાં એકલો 'ખામોશ' વર્ષોથી રહે,
તોય કોને ડોકિયાં કરવાની ઇચ્છા થાય છે.

અજાણ્યો જણ / વિષ્ણુ પટેલ

(ગઝલ)

ઊંઘમાં ઝબકી સતત જાગું હજી;
હું અજાણ્યો જણ મને લાગું હજી.
ના'વડ્યું વણતાં 'ચદરિયા' રે ! મને;
એ 'જુલાહા'નો કસબ માગું હજી.
કોઈ કેદારો ફરી જો ગાય તો,
કુંડ દામોદર ભણી ભાગું હજી.
જો અહીં ભૂલો પડે જગ-ખારવો,
પગ પખાળી લઉં કરી ત્રાગું હજી.
ફૂંક વાગી જો અલખની જાય તો,
વાંસળી થૈ રાત-દિન વાગું હજી.
વાટ વસમી, ટાઢ-તડકા, આ વિરહ;
ને પિયાનું ઘર ઘણું આઘું હજી !




स्वातंत्र्यसेनानी

સ્વાતંત્ર્યસેનાની અને પ્રખર સમાજસેવક

ચૂનીલાલ પુરુષોત્તમદાસ બારોટ

પ્રો. (ડૉ.) કે. સી. બારોટ

વામન કદ અને વિરાટ વ્યક્તિત્વ ધરાવતા સ્વાતંત્ર્યવીર અને પ્રખર જ્ઞાતિસેવક ચૂનીલાલ પુરુષોત્તમદાસ બારોટ (સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં તેમજ એમની કર્મભૂમિ ગૂજરાત વિદ્યાપીઠમાં તેઓ ચૂ. પુ.ના આદ્યાક્ષરી અને હુલામણા નામથી જ વિશેષ જાણીતા હતા.)નો જન્મ ૧૮-૧-૧૮૯૯ નડિયાદની સાક્ષરભૂમિમાં શ્રી પુરુષોત્તમદાસ દોલતરાયને ઘેર થયો હતો. તેમનાં માતાનું નામ અચરતબા. માતા-પિતા ધર્મપરાયણ અને સંસ્કારી હતાં. પિતાજી રેલવેમાં સ્ટેશનમાસ્તર હતા. દાદાજીએ પણ ગાયકવાડ સરકારના વડોદરા રાજ્યમાં વર્ષો સુધી શિરસ્તેદાર તરીકે સેવાઓ આપી હતી. પરિણામે શિક્ષણ એમને સાક્ષરભૂમિ નડિયાદ તરફથી અને સંસ્કાર સંસ્કારભૂમિ વડોદરા તરફથી વારસામાં મળ્યાં હતાં. પિતાજી રાજકારણ તેમજ સમાજસુધારણામાં સવિશેષ રુચિ ધરાવતા અને ઉત્તમ વિચારક દયાનંદ સરસ્વતીનો પ્રગાઢ પ્રભાવ ઝીલ્યો હતો. પરિણામે ચૂ.પુ.ના બાળમાનસ પર સ્વદેશપ્રેમ, સ્વભાષાપ્રેમ, સાહિત્યપ્રેમ, સમાજપ્રેમ તેમજ શાંતિપ્રેમના સંસ્કારોની અમીટ છાપ પડી હતી.



(બારસદ-સત્યાગ્રહ વખત)

પ્રાથમિક શાળાનો અભ્યાસ પતાવ્યા પછી ઉચ્ચ કેળવણી માટે ચૂ.પુ.ને નડિયાદ-વડોદરા આવ-જા કરવી પડતી. એક વાર વડોદરાથી નડિયાદ જવા માટેની ગાડી તેઓ ચૂકી ગયા. ચૌદ-પંદર વર્ષના કિશોર ચૂ.પુ. મૂંઝાયા. તરત જ વડોદરા રેલવે-સ્ટેશને નોકરી કરતા પોતાના કુટુંબના એક મુરબ્બી શ્રી પુરુષોત્તમદાસ માતરવાળાને મળ્યા. કારણ કહી રાત રોકાવા માટેની વ્યવસ્થા માટે વિનંતી કરી. ત્યારે 'આ ગાડી ચૂક્યા તે ચાલ્યું પણ જીવનની ગાડી ચૂકતા નહીં.' એવી ટકોર સાથે અસાધારણ વ્યક્તિત્વ અને વ્યક્તિપરખ ધરાવતા શ્રી માતરવાળા, એક ઝવેરી હીરાની પરખ કરે તેમ, ચૂ.પુ.નું કૌવત પારખી ગયા અને પોતાની સાથે રાખ્યા. કિશોર ચૂ.પુ.ના કુમળા માનસ પર આ ટકોર વ્રજલેખ બની કાયમી ધોરણે છપાઈ ગઈ. શ્રી માતરવાળાએ જ ચૂ.પુ.ની સુષુપ્ત શક્તિઓને ઓળખી કાઢી, એને ઢંઢોળીને સમાજસેવા તથા જ્ઞાતિસેવા તરફ વાળી. પરિણામે સમગ્ર સમાજને અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિને એક પ્રખર સેવક, એક અડીખમ યોદ્ધો અને એક બાહોશ તેમજ નીડર કાર્યકર મળ્યો.

પોતાને આ પ્રેરણા આપનાર શ્રી માતરવાળા જ હતા એમ કબૂલતા ચૂ.પુ. જાતે જ નોંધે છે કે, 'તેમની (ઉપરોક્ત) વાત મને અસાધારણ લાગી. તેની મારા પર ભારે અસર થઈ. જો હું આ રીતે તેમને અથડાયો ન હોત તો મારો જીવનપ્રવાહ બીજે રસ્તે વહી ગયો હોત. કારણ કે મારા પિતાના સંસ્કારો દેશસેવાના હતા, (માત્ર) જ્ઞાતિસેવાના નહીં. દેશ જ સર્વોપરી અને સેવા (સેવા કરવા યોગ્ય) વસ્તુ છે. એવા સંસ્કારો એમને દયાનંદ સરસ્વતી તરફથી મળ્યા હતા. ' અને આમ તેઓ દેશસેવાના ભેખધારી બન્યા.

ઈ.સ. ૧૯૨૦-૨૧માં એકવીસ વર્ષની યુવાવસ્થામાં નસોમાં ઊછળતા યુવાન લોહી સાથે દેશસેવા - સમાજસેવા - જ્ઞાતિસેવાના ભેખધારી ચૂ.પુ. મહાત્મા ગાંધી દ્વારા ચલાવવામાં આવી રહેલી અસહકારની લડતમાં જોડાઈ ગયા. ગાંધીજીની અંગ્રેજી શિક્ષણના ત્યાગની હાકલને માન આપીને એમણે 'ઈન્ટર

આર્ટ્સ'ની પરીક્ષા ટાણે જ કૉલેજના અંગ્રેજી શિક્ષણને સદાને માટે તિલાંજલી આપી અને ગાંધીજીના રચનાત્મક પ્રવૃત્તિના કેન્દ્ર રૂપ સ્થપાયેલા રાષ્ટ્રિય શિક્ષણસંસ્થા 'ગૂજરાત વિદ્યાપીઠ'માં જોડાઈ ગયા. ઈ.સ. ૧૯૨૩માં અહીંથી એમણે 'ભાષા વિશારદ'ની પદવી બાપુના વરદ હસ્તે મેળવી. એ સાથે બાપુના સત્યાગ્રહી અને સુધારક વિચારોને પણ આત્મસાત્ કરી, ગૂજરાત વિદ્યાપીઠમાં જ પુરાતત્ત્વ મંદિરના જ્ઞાનભંડારમાં સંરક્ષક-ક્યૂરેટર તરીકે જોડાઈ ગયા. પરિણામે તેઓને બાપુનું અવિરત સાંનિધ્ય સાંપડ્યું. તેથી તેઓ બાપુમય અને તેમના સાચા અંતેવાસી બની ગયા. બાપુના સુધારક અને રચનાત્મક વિચારો એમણે પોતાની રોજિંદી જિંદગીમાં ચુસ્તપણે ઉતાર્યા. સ્વદેશીના મોહ સાથે કુરિવાજ-ઉન્મૂલન તેમજ મદ્ય-નિષેધ અને ખાદીપ્રેમ એમની પ્રાણપ્યારી પ્રવૃત્તિ જ નહીં, પણ એક આદત બની ગઈ. વિદેશી કાપડ અને ખોટા ઠાઠમાઠથી તેઓ સદાય દૂર રહ્યા. પોતાના જ્યેષ્ઠ પુત્ર બંસીભાઈનાં રાજપીપળા મુકામે ૧૯૪૫માં થયેલાં લગ્નપ્રસંગે દંભ અને દેખાડામાં રાચતા તત્કાલીન સમાજમાં દાખલો બેસાડતાં એમણે પોતાનાં તમામ કુટુંબીજનોનાં કપડાં તો ખાદીનાં જ રાખ્યાં, પરંતુ કન્યાપક્ષેથી દહેજમાં પણ એકમાત્ર ખાદીની સાડી જ એમણે માગીને લોકોને વિચાર કરતા કરી દીધા. આમ, તેઓ જે વિચારતા તે જ કહેતા અને જે કહેતા તે જ કરતા. ખાદી અને સ્વદેશીના પ્રચાર માટે એમના તંત્રીપદે પ્રકટ થતા 'ભટ્ટભાસ્કર'માં એમણે અનેક લેખો લખીને જનજાગૃતિ કેળવી. વળી, બૅન્ડવાજાં અને ફટાકડા ફોડવાના ખોટા ભભકાથી તેઓ આવા શુભ-પ્રસંગે પણ દૂર રહ્યા હતા એટલું જ નહીં, પરંતુ વરના બાપ હોવા છતાં વેવાઈ પક્ષે જઈને તેઓ જાતે મિષ્ટાન્નને અડક્યા પણ ન હતા. દેશને આઝાદી ન મળે ત્યાં સુધી તેમણે મિષ્ટાન્ન નહીં લેવાની અને કેશ-કર્તન નહીં કરાવવાની પ્રતિજ્ઞા લીધી હતી તથા સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધી તે પ્રતિજ્ઞા અચૂક પાળી બતાવી હતી. આવા ટેકીલા અને સ્વદેશાભિમાની હતા તેઓ.

શ્રી ચૂ.પુ.એ મહાત્મા ગાંધી પ્રેરિત લગભગ તમામ રાષ્ટ્રિય ચળવળોમાં ખરા તન-મનથી ભાગ લીધો હતો. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ, ૧૯૩૦-૩૨માં સવિનય કાનૂનભંગની લડત, અને ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ ટાણે એમણે સત્યાગ્રહી પત્રિકાઓનું સંપાદન કરીને સ્વાતંત્ર્યઝુંબેશ બરાબર ચાલુ રાખી હતી. વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત 'સાબરમતી' નામના દ્વિમાસિકનું તંત્રીપદ સંભાળીને એમણે પોતાની તે જ વિચારધારાને અક્ષરદેહ આપવાની તાલીમ મેળવી હતી. એમની આવી રાષ્ટ્રિય સેવાના પુરસ્કાર રૂપે અંગ્રેજ સરકારે એમને કારાવાસની સજા ફટકારી હતી !

એમના વિચારો સાદગીપૂર્ણ છતાં પ્રભાવશાળી હતા. સ્વાતંત્ર્યસેનાનીઓ અને એને લગતું કામ કરતા લોકો તરફ તેમને ચોક્કસ પ્રકારનો સદ્ભાવ હોય એમ મને લાગ્યું હતું. પ્રોફેસર શ્રી શુક્લની ચૂ.પુ. સાથેની પ્રશ્નોત્તરી એમના ચોક્કસ વ્યક્તિત્વને ઉપસાવતી હોવાથી અત્રે રજૂ કરીએ છે.

પ્રશ્ન : આપ આ લડતમાં કોની પ્રેરણાથી જોડાયા ?

જવાબ : 'સ્વયમ્ પ્રેરણાથી.'

પ્રશ્ન : આપે આ લડતમાં કઈ કઈ પ્રવૃત્તિમાં ભાગ લીધો ?

જવાબ : 'સભા-સરઘસો અને પત્રિકાઓ છાપવાં-વહેંચવામાં.'

પ્રશ્ન : ઉપરની પ્રવૃત્તિમાં આપે ક્યારે અને ક્યાં ભાગ લીધો ?

જવાબ : 'અમદાવાદના છેલ્લા સરમુખત્યાર' તરીકે સરઘસ કાઢ્યું ત્યારે, મે-જૂન ૧૯૪૩-ગાંધીમાર્ગ (૫૨) તે વખતે સરઘસ પર પ્રતિબંધ હતો. મારા સાથી પાંડુરંગ દેશપાંડે હતા.'

પ્રશ્ન : આપ સરઘસમાં કે અન્ય સ્થળે હાજર હો અને ગોળીબારો કે લાઠીચાર્જ થયા હોય તેવા પ્રસંગો જણાવો.

જવાબ : 'પોલીસે ઉપરોક્ત સરઘસ પર ગોળીબાર કર્યો હતો.'

પ્રશ્ન : પત્રિકાઓ ક્યાં ક્યાં છપાવી હતી ?

જવાબ : 'વિદ્યાપીઠમાંથી ચૂ.પુ. બારોટ લખતા અને વિઠ્ઠલદાસ કોઠારી છાપતા.'

પ્રશ્ન : પત્રિકાઓ વહેંચવામાં આપ ભાગ લેતા ? કેવી રીતે ? ક્યારે ? કેટલી વાર ?

જવાબ : સ્વયંસેવકો દ્વારા આ પત્રિકાઓ રોજ કાઢીને રોજ વહેંચાવતા.

પ્રશ્ન : ગામડે જવા માટે યુવાનોને કોણે હાકલ કરી ? આપ ગામડે ગયા ? ક્યાં ? આપના સાથીદાર કોણ હતા ?

જવાબ : અમે સાણંદ તાલુકાનાં ઘણાંખરાં ગામોમાં જતા. શ્રીનારાયણ સલારિયા સાથે 'હિંદ છોડો'નો પ્રચાર કરવા જતા. જેલમાંથી છૂટ્યા પછી બોરસદ તાલુકામાં પણ ગયા હતા. ત્યાં પત્રિકાઓના તંત્રી તરીકે કામ કર્યું.'

પ્રશ્ન : આ લડતમાં ભાગ લેનાર યુવાનોનાં બને તેટલાં નામ આપો.

જવાબ : ગૂજરાત વિદ્યાપીઠમાંથી ઘણાખરાએ ભાગ લીધો, જેમાં (૧) શ્રી મગનભાઈ પ્ર. દેસાઈ (૨) શ્રી છગનલાલ કાછીઆ (૩) શ્રી પાંડુરંગ દેશપાંડે (૪) શ્રી વિઠ્ઠલભાઈ કોઠારી (૫) શ્રી શાંતિલાલ ગાંધી (૬) શ્રી છોટાભાઈ પટેલ વગેરે મુખ્ય હતા.

પ્રશ્ન : આ લડત માટેના ખર્ચની શ્રી જોગવાઈ હતી ?

જવાબ : 'પ્રાઈવેટ ફાઈનાન્સિંગ' બહાર જઈએ તો ગાડીભાડું આપતા અને લોકો જમાડતા.

પ્રશ્ન : આપના વિસ્તારના વૉર્ડનાયક-લત્તાનાયક કોણ હતા ?

જવાબ : વિદ્યાપીઠમાંથી વિઠ્ઠલભાઈ કોઠારી.

પ્રશ્ન : આપની ક્યારે અને કેવી રીતે ધરપકડ થઈ ?
જવાબ : જૂન ૧૯૪૩માં ઉપર જણાવ્યા મુજબ.
પ્રશ્ન : આપે કેટલા સમય માટે જેલયાત્રા કરી ? કઈ જેલમાં ?
જવાબ : એક વર્ષની સખત કેદની સજા, સાબરમતી જેલમાં.
પ્રશ્ન : જેલજીવનની ટૂંકમાં માહિતી આપો. આપ જેલમાં કયા વર્ગમાં હતા ? ખોરાક, શ્રમકાર્ય, મુલાકાતો, દીનચર્યા જેલરનો વર્તાવ વગેરે વર્ણવો.
જવાબ : ત્રીજા વર્ગમાં, હળવું કામ, સૂતરના દડા બનાવવાનું. માવળંકરજીએ સાબરમતી જેલને વિહાર જેવી બનાવી દીધી હતી. જેલરને ખાતરી આપી હતી કે કોઈને તોફાન કરવા નહીં દઈએ. માવળંકર ટપાલના વડા સેન્સર હતા. હું ગુજરાતી ટપાલનો સેંસર હતો. જેલમાં સુખ હતું.
પ્રશ્ન : આ લડતથી દેશને શા શા લાભ થયા ?
જવાબ : મોટામાં મોટો લાભ - સ્વરાજની આવશ્યકતાનો પ્રચાર લોકોના દિલમાં થયો. દરેક લડત બાહ્ય રીતે નિષ્ફળ દેખાઈ; પણ તેની દૂરોગામી અસરો થઈ. બધાને થયું કે અંગ્રેજો જવા જોઈએ. આ જ્વાળા હૃદયે હૃદયે પ્રકટી, હાર્યા છતાં જીત્યા. દરેક લડત વખતે આગળ ને આગળ વધેલા.

ચૂ.પુ.ની આ પ્રશસ્ય રાષ્ટ્રસેવાના ઉપલક્ષમાં જ 'ગાંધી-દર્શન' દિલ્હીના ઉપક્રમે ફેબ્રુઆરી ૧૯૭૦માં સત્યાગ્રહના તત્ત્વજ્ઞાનનું મૂલ્યાંકન કરવા બદલ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરી તેમજ એન.સી.જી.સી.નાં ચેરમૅન અને માજી વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી દ્વારા એમને અભિનંદન-સૂચક પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું (તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૭૩), જેમાં ભારત સરકાર તરફથી સ્વાતંત્ર્યસેનાનીને અપાતું તામ્રપત્ર અને માસિક રૂ. ૨૦૦/-નું પેન્શન એનાયત કરવામાં આવ્યું હતું.

ચૂ. પુ. બારોટની રાષ્ટ્રસેવાની વાતો જાણ્યા પછી હવે એમણે સ્વજ્ઞાતિ (બ્રહ્મભટ્ટજ્ઞાતિ) સુધારણા કાજે જે દીર્ઘકાલીન સેવાઓ આપી તેની નોંધ લઈએ તો સ્પષ્ટ જણાય છે કે રાષ્ટ્ર અને સમાજસેવાની સાથે સાથે સ્વ. નારાયણે (શ્રી પુરુષોત્તમદાસ માતરવાળાનું હુલામણું નામ) ચીંધેલા અને સીંચેલા સ્વજ્ઞાતિસેવાના ખ્યાલોએ ચૂ.પુ.ના પગમાં તાકાત, આંખમાં દરિદ્ર તેમજ તરછોડાયેલાઓ માટેનો આત્મીય ભાવ અને વાણી તેમજ કલમમાં ક્વિનાઈનની કડવાશ મૂકી હતી. જ્ઞાતિમાં દૃઢ થઈ જામી પડેલા કુરિવાજો અને ઊંચનીચના અન્યાયી ભેદભાવ, કૃત્રિમ કુલીનતા જેવાં દૂષણોનો સામનો કરવાની એમની હિંમત તેમજ ગમે તેવા સંજોગોમાં પણ સત્યાગ્રહ, સ્વમત અને સત્યવચનની એમની ટેક અત્યંત અદ્‌ભુત હતી. શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ - વડોદરાના પ્રમુખ, જાણીતા જ્ઞાતિસુધારક અને સાહિત્યકાર શ્રી ચંદ્રકાન્ત હ. રાવ ચૂ.પુ.ની આ શક્તિઓને બિરદાવતાં કહે છે કે, 'ચૂ.પુ. સ્વમતના (અને સત્યપાલનના) એટલા બધા આગ્રહી હતા કે હઠાગ્રહી અને દુરાગ્રહી જ લાગે. તે બુદ્ધિના ખૂબ જ સતેજ. એમની તર્કબદ્ધ દલીલો સામે કોઈક બુદ્ધિશાળી જ ટકી શકે... શિસ્તપાલનના કડક આગ્રહી. કોઈની પણ શેહશરમ રાખે તો તે ચૂ.પુ. શાના ? એમનું માનસ (પૂર્ણપણે) લોકશાહી અને બંધારણવાદી એટલે જ. બ્ર. વિ. મંડળના બંધારણ માટે એમણે પોતાના ગુરુ સમાન સ્વ. નારાયણ સામે પણ ઝુંબેશ ચલાવેલી... એમની જોરદાર કલમમાંથી ધારદાર લખાણ ટપકતું... સ્વાતંત્ર્ય-લડતમાં પણ એમણે સક્રિય ભાગ લીધેલો. પ્રશંસા કે ટીકાની પરવા કર્યા વિના જ ચૂ.પુ. પોતાના મન પ્રમાણેની વાત લઈને જ આગળ વધતા.'

ગાંધીવાદી વિચારસરણી ચૂ.પુ.ના જીવનમાં અને રોજિંદા આચરણમાં સહજપણે ભળી ગઈ હતી. દેશસેવાની સાથે સાથે


પિતા પુરુષોત્તમદાસ →



બાળવયે ચૂ. પુ. બારોટ



ચૂ. પુ. બારોટ, માતા અચરતબા, પત્ની દિવાળીબહેન



સ્વજ્ઞાતિ સેવાનો ભેખ લઈને બેઠેલા શ્રી ચૂ.પુ. આજીવન સ્વજ્ઞાતિ અને સમાજકલ્યાણના વિચારોમાં જ મગ્ન રહેતા. પોતાના રોજબરોજના કામકાજમાં પણ આ વિચારોને તેઓ પ્રાધાન્ય આપતા. જ્ઞાતિનાં તેજસ્વી બાળકો તેમને ખૂબ જ વહાલાં લાગતાં. શ્રી ચૂ.પુ.એ દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય - વડોદરાનું વર્ષો સુધી સંચાલન કર્યું હતું. આ છાંત્રાલયની તેઓ નિયમિત મુલાકાત લેતા છતાં રોકાણ સમયે ભોજનબિલ અચૂક ચૂકવી દેતા. છાત્રાલયનાં અનેક બાળકોને સ્વદેશપ્રેમ, સ્વજ્ઞાતિપ્રેમ અને ખાદીપ્રેમના પાઠ એમણે જ ભણાવ્યા હતા. જ્ઞાતિસેવા કાજે તે તત્પર અને જાગૃત રહેતા. આપણને પ્રશ્ન થાય કે ગૂજરાત વિદ્યાપીઠ જેવી જ્ઞાતિ-સંસ્થા વિરોધી સંસ્થામાં રહીને પણ ચૂ.પુ. ચુસ્ત જ્ઞાતિસુધારક કેવી રીતે બની શક્યા ? આ અંગે શ્રી ભાઈલાલભાઈ વકીલ નોંધે છે કે, 'તેમની વિચારશ્રેણી મહાત્મા ગાંધીજી અને તેમની પ્રેરણાથી રચાયેલ ગૂજરાત વિદ્યાપીઠને આધારે ઘડાઈ છે. (જોકે) આ વિચારશ્રેણીમાં જ્ઞાતિસંસ્થાનું મહત્ત્વ બિલકુલ નથી. એટલું જ નહિ, પણ જ્ઞાતિસંસ્થાની એ કટ્ટર વિરોધી છે. આમ છતાં ચૂ.પુ.એ આ સંસ્થામાં રહીને પણ કમર કસીને જ્ઞાતિસેવા કરી તે એમની વિશિષ્ટતા બતાવે છે. પહેરવેશ ફકીર જેવો, વિચાર ઋષિ જેવા, મહાત્મા દાજીભાઈ (બ્રહ્મભટ્ટ જ્ઞાતિનાં બાળકો માટે પોતાનું સર્વસ્વ આપી વડોદરામાં છાત્રાલય શરૂ કરનાર)અને શ્રી પુરુષોત્તમદાસ (માતરવાળા) પછી સેવાનો પુણ્યપ્રવાહ ચાલુ રાખવાનું કાર્ય ચૂ.પુ.એ કર્યું છે, એટલું જ નહિ પણ જ્ઞાતિનાં રત્નોનો ઝબકાર ફેલાવવો જોઈએ એવા સેવકો નિર્માણ કરવાની પરંપરા ભાઈ ચૂ.પુ.એ શરૂ કરી છે.'

આમ, સ્વજ્ઞાતિસેવાના અડીખમ યોદ્ધાએ પોતાને સ્વજ્ઞાતિપ્રેરણા ક્યાંથી મળી તે ઉપર જણાવ્યા પછી એ અંગે મહાત્મા ગાંધીના વિચારો ટાંકતાં લખ્યું છે કે, 'જ્ઞાતિસેવા એ દેશસેવાની વાનગી છે, વિરોધી નથી. જ્ઞાતિસેવા કરનાર સેવક કેવળ જ્ઞાતિસેવક જ નથી પરંતુ દેશસેવક છે, વિશ્વસેવક છે.'

દિવાળી જેવાં પર્વોમાં પણ પોતાના અન્ય સાથીદારો દાદુભાઈ જે. બ્રહ્મભટ્ટ, ચૂ. પુ. બારોટ અને પુરુષોત્તમદાસ ગોમતીપુરવાળા વગેરે સાથે ખભે થેલા ભરાવીને ખાદીનાં વસ્ત્રોમાં સજ્જ થઈ 'બ્રહ્મભટ્ટ ભાસ્કર' કે જ્ઞાતિનાં જરૂરતમંદ વિદ્યાર્થીઓ માટેના ફંડફાળા ઉઘરાવવા ગામેગામ પગપાળા જ નીકળી પડતા અને જ્ઞાતિનાં બાળકો માટે પાઈ-પાઈ એકઠી કરતા. તે જોતાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના સ્થાપક અને મુસ્લિમ સમાજમાં પાશ્ચાત્ય કેળવણીનો પ્રચાર-પ્રસાર કરનાર સર સૈયદ અહેમદ આપણને યાદ આવ્યા વિના નહીં રહે. આવી ભિક્ષા માગતી વખતે કોઈ ગામમાં કોઈ સજ્જન એમને ધુત્કારી કાઢે કે ગાલિપ્રદાન કરે તો ચૂ.પુ. હળવાશથી એમને કહેતા કે, 'જો તમે ગાળદીઠ એક રૂપિયો આપવા તૈયાર હો તો જ્ઞાતિનાં બાળકો માટે તમે જેટલી ગાળો બોલો તે તમામ હું હસતા મોંએ સાંભળી લેવા તૈયાર છું.' ચૂ.પુ. 'ભટ્ટભાસ્કર' જેવા સબળ શસ્ત્રના માધ્યમથી તત્કાલીન બ્રહ્મભટ્ટ સમાજમાં થતાં બાળલગ્નો, વૃદ્ધલગ્નો, દ્વિલગ્નો, વરવિક્રય, કન્યાવિક્રય લાજ-ઘૂંઘટ, ગોળ-તડાં અને વાડાપદ્ધતિ, પ્રેતભોજન તેમજ આણાં-જિયાણાંનાં અસહ્ય ખર્ચાળ રિવાજો કે લગ્ન-મરણ નિમિત્તે શક્તિ બહારના ખર્ચાઓ સામે અડીખમ યોદ્ધાની માફક લડતા રહ્યા. એટલું જ નહિ, જ્ઞાતિનાં આવાં અનિષ્ટોને ડામવા એમણે ગાંધીચીંધ્યા માર્ગે ચળવળો પણ ચલાવી. અનેક પ્રસંગોએ કુરિવાજોના ઉન્મૂલન ટાણે એમણે રાષ્ટ્રિય નેતાઓ અને સમાજસુધારકો, મહાત્મા ગાંધી, સરદાર પટેલ તથા કાકાસાહેબ કાલેલકર, ઢસાદરબાર ગોપાળદાસ, ડૉ. સુમંત મહેતા અને શ્રીમતી શારદા મહેતા તેમજ ગાયકવાડ સરકારશ્રી વગેરેનો સાથ-સહકાર મેળવીને જ્ઞાતિના પ્રશ્નો-અનિષ્ટોને જ્ઞાતિ પૂરતા મર્યાદિત રહેવા દેવાને બદલે સમગ્ર સામાજિક સમસ્યાનું સ્વરૂપ આપવામાં પહેલ કરી હતી. બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં થતાં વૃદ્ધલગ્નો, દ્વિલગ્નો જેવાં દૂષણો અટકાવવા એમણે જે પ્રયત્નો કર્યા, તેનું એક ઉદાહરણ અત્રે પ્રસ્તુત છેઃ

ખંભાતનિવાસી મૂળજીભાઈ મોહનભાઈ બારોટ, તેઓશ્રી સયાજીરાવ ગાયકવાડ સરકારના રાજ્યમાં સરકારી નોકર રહી ચૂક્યા હતા. બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાંથી સર્વપ્રથમ પરદેશ પણ તેઓ ગયા હતા. તેઓ વિદ્વાન, શિક્ષિત અને સમાજસુધારક હતા, છતાં જ્યારે ૬૫-૭૦ વર્ષની વયે ચોથી વારનું લગ્ન કરવા અને તેમ કરી ૧૫-૧૬ વર્ષની નાની ઉંમરની છોકરીનું જીવન બગાડવા તૈયાર થયા ત્યારે ચૂ.પુ.એ 'ભટ્ટભાસ્કર'ના માધ્યમથી સમગ્ર જ્ઞાતિમાં આના વિરોધમાં મોટી ચર્ચા જગાવી. તેથી મહાત્માજીએ જાતે મૂળજીભાઈને આવું કામ ન કરવા સમજાવતાં 'નવજીવન'માં 'ગાયને કોણ છોડાવશે ?' એ શીર્ષક નીચે લખ્યું કે, 'જો બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં બાળાઓને સારું લાગણીની શૂન્યતા હશે... અને કોમમાં જાહેર મત જેવું કંઈ નહિ હોય તો આ કજોડું થતું કોઈ નહીં અટકાવી શકે... જો જાહેરમત કેળવી શકાય તો કોઈ ગરીબ ગાય ઘાતમાંથી બચી જવા પૂરો સંભવ છે.' ઉપરોક્ત સુધારકોની ને પૂ. મહાત્મા ગાંધીની દરમિયાનગીરી અને સાર્વત્રિક વિરોધને લીધે મૂળજીભાઈએ તા. ૧-૩-૧૯૨૮ના રોજ પત્ર લખી 'ભટ્ટભાસ્કર'ને 'આવા અવળા વિચારો'ને તિલાંજલી આપવાની ખાતરી આપી.

એ જ રીતે કન્યાકેળવણીના અને વિધવાવિવાહ-પુનર્લગ્નના પ્રચાર માટે અને એવાં અનેક સમાજસુધારનાં કામો

(અનુસંધાન પૃ. ૪૧ ઉપર)

ચિઠ્ઠી

કૌશિક

વહેલી સવારમાં કૂવા ઉપર પોળની દીકરીઓ અને સ્ત્રીઓ પાણી ભરતી હોય ત્યારે મંછામા ઘરને ઓટલે આવી છીંકણી સાથે દાતણ કરવા બેસે.

આવતાં-જતાંમાંથી કોઈને કહે : 'અલી ભાનુ, જરા માટલી ધોઈ પીવાનું પાણી ભરી જજે હોં, બેટા !' વળી, બીજા કોઈને કહે : 'અલી સન્તોક, કુંડીમાં ઘડો પાણી ઠાલવી જજે હોંકે.' ને ભાનુ માટલી લઈ જઈ, અન્દરથી ને બહારથી વીછળી ચોખ્ખી કરી, ભરીને પાણિયારે મૂકી જાય. સન્તોકમાસી ત્રાંબાકુંડી માંજીને ભરી જાય. અમારી બાજુમાં રહેતાં મંગળાકાકી રોજ મંછમાના ઘરનું વાસીદું વાળી જાય.

મંછામા ઓટલે બેઠાંબેઠાં પોળનાં બધાંની ભાળ રાખે. નાનાંમોટાં સૌની સાથે અલકમલકની વાતો કરે તે સહુને ગમે. દાતણ કરી મંછામા ઘરમાં જાય તે નાહી, સેવાપૂજા કરીને પાછાં ઓટલે આવીને બેસે ત્યારે તો અમે લખોટીએ કે ગિલ્લીદંડે ખુલ્લામાં રમતાં હોઈએ. એ આવીને બેસે એટલે અમે, પોળના બધા છોકરા, એમને વીંટળાઈ વળીએ, ને તે કોઈને સાકર તો કોઈને સીંગનો દાણો એમ એકેક કણ બધાને વહેંચે. રાજીના રેડ થઈ અમે અમારી રમતમાં પાછા દોડી જઈએ. દસ વાગ્યે અમારી શાળાએ જવાનો વખત અને ટપાલીને ટપાલ વહેંચવાનો વખત. પોળના નાકેથી જ અમે ટપાલી પાસેથી, ટપાલ હોય તો લઈ લઈને દોડતાક ઘરે આપી આવીએ. મંછામા ઓટલે બેઠાં હોય તે રોજ નિસાસો નાખતાં બોલે કે મ્હારી ચિઠ્ઠી ના આવી.

રજાનો દિવસ હતો. સવારે જ મને થયું : લાવ, મંછામાને એક ચિઠ્ઠી લખું. પણ હજી લખતાં તો કંઈ આવડે નહીં એટલે કોરા કાગળની જ ગડી વાળીને એક પરબીડિયામાં મૂકી; પછી ઉપર ચીપીચીપીને 'મંછામાને પહોંચે, પીપળાશેરી, સાવલીગામ' એટલું લખ્યું. ટપાલીના આવવાના સમયે અમે છોકરાઓએ પોળના નાકેથી જ પોતપોતાના કાગળ લઈ લીધા અને દોડતા દોડતા પોતપોતાના ઘર તરફ ગયા. ઓટલે બેઠેલાં મંછામાની પાસે જઈ મેં કહ્યું : 'મંછામા, મંછામા, તમારી ચિઠ્ઠી આવી ગઈ.' એમના હાથમા કાગળ મૂકી હું ઘરમાં દોડી ગયો, ને ઉપરની બારીમાંથી શું થાય છે તે છાનોમાનો જોવા લાગ્યો.

મંછામાએ સાદ કર્યો : 'અલી મંગુ, આમ આવ તો, મારી ચિઠ્ઠી આવી ગઈ! મંગળાકાકી એમની પાસે ગયાં. મંછામાએ ગૌશાળામાંથી કાકીને છાણ લઈ આવવા કહ્યું. થોડી વારમાં કાકી છાણ લઈને આવ્યાં એટલે એમને કહે. 'મારી ચિઠ્ઠી આવી ગઈ' - બોલતાં બોલતાં હરખનાં આંસુ આવ્યાં હોય તેમ આંખમાં ઝળઝળિયાં સાથે ફરી બોલતાં દેખાયાં.

'કેટલા દિવસે યાદ કરી મને !'

હું તો મનમાં શિયાવિયા થઈ ગયો. ચિઠ્ઠીમાં મેં તો કાંઈ લખ્યું ન હતું. ને મંછામાએ આ શું વાંચ્યું ! મંછામાએ કાકીને કહ્યું : 'કાનજીભાઈને ટહુકો કરી આવ કે મંછામા જાય છે.' કાકી તો કાંઈ બોલતાં જ ન હતાં. સડક થઈ ઊભાં રહ્યાં એટલે ફરી મંછામાએ કહ્યું : 'જા મંગુ, કહું છું એટલું કહી આવ'. કાકી જતાંજતાં બાને કહેતાં ગયાં કે, 'સાંકળીવહુ, જોને મંછામાને સનેપાત થઈ ગયો લાગે છે. બસ, ચિઠ્ઠી આવી ગઈ ને મારે વહાલે મને તેડાવી લીધી છે એટલું જ બબડ્યા કરે છે. તમે જરા પાસે જઈ ઊભાં રહો, હું કાનજીભાઈને બોલાવી આવું છું.' એવું કહી એ ગયાં.

બા મંછામાને ઘેર ગઈ તો... એ તો અધખોલું બારણું રાખી અન્દર નહાવા બેસી ગયાં હતાં. બાએ જરા બારણું ખખડાવ્યું એટલે અન્દરથી એમણે કહ્યું કે, 'સાંકળી, જરા ઊભી રહે. કપડાં બદલી લઉં એટલે બોલાવું છું.' થોડી વારે બા અન્દર ગઈ, એટલામાં મંગળાકાકી ને પાછળ કાનજીકાકા પણ આવતાં દેખાયાં. બા પણ બહાર આવી, ને મને દુકાનેથી બાપુજીને બોલાવી લાવવા કહ્યું. હું કાંઈ જ સમજી શક્યો નહીં. ગભરાતો ગભરાતો હું દુકાને ગયો ને બાપુજીને બોલાવી લાવ્યો. અમે આવ્યા ત્યારે તો પોળનાં બધાં પાડોશીઓ ત્યાં એકઠાં થયેલાં હતાં. સહુનાં મોં ઉદાસ હતાં. બાપુને જોતાં જ કાનજીકાકાએ કહ્યું. 'મંછામા ગયાં.' મેં એમના ઘરમાં ડોકિયું કર્યું; જોયું તો એ તો સૂતેલાં હતાં. આ બધાં મંછામાં ગયાં એવું કેમ કહે છે ? પણ ત્યાં બાએ જરા નિશાની કરી એટલે હું ઘરમાં ચાલી ગયો અને બારીએ જઈ બેઠો. થોડી વારમાં તો બીજી પોળોમાંથી ઘણાં બધાં સ્ત્રી-પુરુષો ભેગાં થઈ ગયાં; ને વાંસની પાયા વગરની ખાટલી જેવું બનાવી, એ ઘરમાં લઈ ગયા. થોડી જ વારમાં મંછામાને એના ઉપર સુવાડીને બહાર લાવ્યાં. એક મટકીમાં સળગતું છાણું મૂકી એક જણ આગળ ચાલ્યું ને પાછળ પુરુષો મંછામાને લઈને રામનું નામ બોલતા પોળની બહાર નીકળી ગયા. બધી સ્ત્રીઓ કૂવે જઈ નહાવા લાગી અને ભીને કપડે પોતપોતાનાં ઘરે ચાલી ગઈ.

મને આમાંનું કશું સમજાતું ન હતું. મેં ચિઠ્ઠીમાં તો કશું લખ્યું ન હતું પણ મંછામા કહેતાં હતાં, 'મને એણે બોલાવી લીધી.' કોણે એમને બોલાવી લીધાં ? મને ખૂબ બીક લાગતી હતી. ચિઠ્ઠીની વાત કોઈ જાણશે તો મને શું કરશે ? મને ખૂબ

(અનુસંધાન પૃ. ૧૩ ઉપર)


અભ્યાસ-ખંડ

હેમંત વાળા

આજનો યુગ માહિતીનો યુગ છે. વ્યક્તિ તેની બુદ્ધિમત્તા સાથે માહિતીને કારણે સફળતાને વરી શકે છે. છેલ્લાં ૧૦૦ વર્ષમાં એટલી નવી શોધો થઈ છે કે તેની માહિતીમાત્ર વિષે પણ જાણકારી રાખવી તે અગત્યનું છે. આજે વ્યક્તિએ નવી કોઈ પણ શોધ ન કરી હોય પણ માત્ર ચાલુ તથા થઈ ગયેલાં સંશોધનોનાં પરિણામોથી જાણકારમાત્ર હોય તો પણ તે બુદ્ધિશાળી ગણાય છે. સફળતા માટે માહિતગાર હોવું તે આજના સમયની માંગ છે. આવા સંજોગોમાં ઘરમાં નાનું પુસ્તકાલય તથા અભ્યાસખંડ હોવો જરૂરી બની રહે છે. વળી, ઘણી વાર ઘરના મોટા માણસોએ વ્યાવસાયિક કાર્યાલય પર વાચન સિવાયની અન્ય બાબતો માટે જ સમય ફાળવવો પડતો હોવાથી તેમના સંલગ્ન અભ્યાસ માટેની વ્યવસ્થા પણ ઘરમાં જ જરૂરી બની રહે છે. આવા ઔપચારિક કે અનૌપચારિક અભ્યાસ માટે ઘરમાં અભ્યાસ-ખંડની હિમાયત કરાય છે.

વાસ્તુ-શાસ્ત્ર પ્રમાણે આવાસનો અભ્યાસ-ખંડ નૈર્ઋત્યથી પશ્ચિમ દિશામાં હોવો જોઈએ. પવન તથા કુદરતી પ્રકાશની દૃષ્ટિએ પણ આ દિશા યોગ્ય છે. ઘરમાં અભ્યાસ-ખંડનું સ્થાન નક્કી કરવા માટે ઘરની ચારે તરફનું વાતાવરણ તથા તેનાથી પડનારી સંભવિત ખલેલ તથા કુદરતી હવા-ઉજાશ મહત્ત્વનાં છે. અભ્યાસખંડ શાંત - ઘોંઘાટ રહિત સ્થાને હોય તે જરૂરી છે અને તે માટે આવાસની રચનામાં તેને અંદરની તરફ, મુખ્ય માર્ગથી દૂર રખાય છે. અભ્યાસખંડ એ અંગત સ્થાન હોવાથી તથા અભ્યાસ એ જાહેર-પ્રવૃત્તિ ન હોવાથી તેને પ્રવેશદ્વારથી દૂર તથા મહદ્ અંશે ઉપરના માળે રખાય છે. આમ કરવાથી અભ્યાસખંડમાં અભ્યાસ માટે જરૂરી એકાગ્રતા પણ કેળવી શકાય. વળી, અભ્યાસ-ખંડ શયન-કક્ષ જેવા અંગત તથા વ્યક્તિગત ઓરડાની નજીક હોવો જોઈએ. જેથી આવાસની આંતરિક આવન-જાવન મર્યાદિત રહી શકે. ઘણી વાર અભ્યાસ-ખંડને જ્યાં શાંત રમણીય પરિસ્થિતિ હોય તે તરફ પણ રખાય છે જેથી અભ્યાસ કરતાં કરતાં જ્યારે માનસિક આરામની જરૂર હોય ત્યારે તે તરફ પણ નજર નાખી શકાય. જોકે આવી પરિસ્થિતિ એકાગ્રતાભંગ માટેનું કારણ પણ બની શકે અને તેથી જ અભ્યાસ-ખંડ મહદ્ અંશે આંતર્ભિમુખ બનાવાય છે.

અભ્યાસ-ખંડ વ્યક્તિગત હોઈ શકે કે સામૂહિક પણ સામાન્ય રીતે અભ્યાસ માટે જો વ્યક્તિગત સ્થાનની જરૂર હોય


પતિપત્નીના શયનકક્ષમાં બનાવેલો અભ્યાસ-ખંડ

તો તેવા અલાયદા ઓરડાઓ બનાવવા કરતાં જે તે બેડરૂમના કોઈ ભાગને જ અભ્યાસ-સ્થાન તરીકે ઉપયોગમાં લેવાય છે. અલાયદો અભ્યાસ-ખંડ કુટુંબના પ્રત્યેક સભ્ય માટે સામાન્ય હોય છે. આવા સામાન્ય અભ્યાસ-ખંડમાં અન્ય હૉબિના વિકાસ માટેની સગવડ પણ રાખી શકાય, જેનાથી સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ શક્ય બને.

અભ્યાસ-ખંડ સાથેની સંલગ્ન જરૂરિયાતોમાં પુસ્તકોનું કબાટ, અભ્યાસ માટેનું ટેબલ તથા તેની ખુરશી મુખ્ય છે. તે ઉપરાંત અભ્યાસ-ખંડમાં ઘણી વાર હળવા ચા-નાસ્તા તથા આરામ માટે નાની બેઠક પણ રખાય છે. અભ્યાસખંડને વિસ્તૃત અર્થમાં જોતાં ચિત્રકાર કે સ્થપતિઓનો સ્ટૂડિઓ તથા સંગીતકારનું રિયાઝસ્થાન પણ અભ્યાસ-ખંડમાં આવે. અને તેવા અભ્યાસ-ખંડની જરૂરિયાતો વધુ વિસ્તૃત બને. અભ્યાસ-ખંડ એ કમ્પ્યૂટરરૂમ પણ હોઈ શકે. વળી, જ્યાં શિક્ષકો દ્વારા એક વિદ્યાર્થીને અથવા એકસાથે વધારે વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરાવાતો હોય ત્યાં અભ્યાસખંડની વ્યવસ્થા કામચલાઉ રીતે કે કાયમી ધોરણે તે પરિસ્થિતિને અનુકૂળ હોય તેમ રાખવી જોઈએ. જ્યારે અભ્યાસખંડ કેટલાંક વ્યાવસાયિક કામો માટે વપરાતો હોય તો કદાચ મુલાકાતી માટેની વ્યવસ્થા પણ તેમાં જરૂરી બની રહે.

અભ્યાસ-ખંડની રચનામાં એકાગ્રતા કેળવી શકાય તેવા વાતાવરણનું સર્જન થાય તે જરૂરી છે. સામાન્ય રીતે ઘરના શાંત ખૂણામાં બનાવાતા અભ્યાસ-ખંડમાં કુદરતી હવાઉજાશ યોગ્ય પ્રમાણમાં હોય તે જરૂરી છે. આ માટે પવનની દિશામાં બારીઓ રાખી શકાય, પણ તેમ કરવાથી ઘણી વાર અભ્યાસ-ખંડમાં સીધો તડકો પ્રવેશે. આવા તડકાને કારણ ઉનાળામાં ગરમી તથા ગ્લૅર ન આવે તે ઇચ્છનીય છે, જેને માટે કાયમી ધોરણે ચણતર-કૉંક્રિટથી કે હંગામી ધોરણે પડદા કે વેનીશ બ્લાઈન્ડ જેવી આડાશ મૂકી શકાય. અભ્યાસ કરવા માટેના ટેબલ પર ગ્લૅર વિનાનો એકધારો પ્રકાશ જરૂરી માત્રામાં દિવસના મોટા ભાગ દરમ્યાન

જળવાઈ રહે તેવી બારીની રચના કરવાથી અભ્યાસમાં સરળતા ઉપરાંત ઊર્જાની ખપતમાં ઘટાડો પણ થાય. જોકે અભ્યાસ-ખંડમાં સાથે-સાથે કૃત્રિમ પ્રકાશ-વ્યવસ્થા પણ તેટલી જ જરૂરી છે.

અભ્યાસ-ખંડનું ક્ષેત્રફળ તે કેટલી વ્યક્તિઓ દ્વારા ઉપયોગમાં લેવાવાનો છે તેના પરથી નક્કી કરાય. સામાન્ય રીતે એક વ્યક્તિ માટે બેથી અઢી ચો.મીટર જેટલું ક્ષેત્રફળ જરૂરી ગણાય. જુદા જુદા સમયે જુદી જુદી વ્યક્તિઓ દ્વારા જો અભ્યાસ-ખંડનો ઉપયોગ થવાનો હોય તો પણ પ્રત્યેક માટે એટલો વિસ્તાર ફાળવવો જોઈએ કે જેથી દરેક વ્યક્તિની સાધન-સામગ્રી તો વ્યવસ્થિત રહે જ પણ સાથેસાથે અભ્યાસ કરવામાં સમયની બાધા ન રહે. અલાયદા અભ્યાસખંડનું ન્યૂનતમ ક્ષેત્ર સાત ચો.મીટર હોવું જોઈએ. સામાન્ય રીતે એકાગ્રતા માટે અભ્યાસખંડ તેટલા જ ક્ષેત્રફળવાળા દીવાનખંડ કે શયન-કક્ષ કરતાં ઓછી ઊંચાઈનો રખાય છે. દસ ચો.મીટરથી ઓછા ક્ષેત્રફળવાળા અભ્યાસખંડની ઓછામાં ઓછી ઊંચાઈ બે મીટર અને વધુમાં વધુ અઢી મીટર રાખવી ઇચ્છનીય છે.

અભ્યાસ માટે વ્યક્તિદીઠ ઓછામાં ઓછું ૭૫ સે.મી. લાંબું તથા ૬૦ સે.મી. પહોળું ટેબલ જોઈએ. પ્રત્યેક વ્યક્તિના આવા અલાયદા ટેબલના વિકલ્પ તરીકે લાંબું કાઉન્ટર પણ બનાવી શકાય જેના ઉપયોગમાં વિવિધતા રહી શકે. વિદ્યાર્થી માટે ટેબલ ઉપરાંત પુસ્તકો મૂકવાનું કબાટ જરૂરી છે, જેની ઊંડાઈ ૨૪ સે.મી. રાખી શકાય. આવાં કબાટ નાનાં બાળકો માટે ૦.૨ ચો.મી. ક્ષેત્રફળનાં તથા કૉલેજના વિદ્યાર્થી માટે ૦.૮ ચો.મી. ક્ષેત્રફળનાં જરૂરી છે. જોકે વ્યાવસાયિક શાખાના વિદ્યાર્થીઓ માટેની જરૂરિયાત અલગ હોય છે. જેમ કે સ્થાપત્ય-શાખાના વિદ્યાર્થીને ડ્રૉઇંગ ટેબલ ઉપરાંત મોટાં ડ્રૉઈંગ્સ રાખવાનો સ્ટોરેજ પણ જોઈએ. અભ્યાસ માટેનું ટેબલ સામાન્ય રીતે ૬૫થી ૭૫ સે.મી. ઊંચું હોય અને તેની સાથેની ખુરશીની બેઠક ૪૦થી ૪૫ સે.મી. ઊંચાઈએ આવે. ટેબલ સાથે પેન-પેન્સિલ જેવી ચીજ-વસ્તુઓનું ડ્રૉઅર તથા અન્ય સ્ટેશનરીનો સ્ટોરેજ રાખી શકાય. પરંતુ તેમ કરવાથી ટેબલ નીચે જે પગની મોકળાશ માટેની જગ્યા જોઈએ તે તો જળવાવી જોઈએ. વળી, તે જગ્યામાં પગ ટેકવવા માટે ફૂટ-રેસ્ટ પણ બનાવવું જોઈએ. ચોપડીઓનું કબાટ અગાઉ જણાવ્યા પ્રમાણે ૨૫ સે.મી. ઊંડાઈવાળું ચાલે. તે છતાં તેની રચનામાં ચોપડીઓનાં માપ, જો તેમાં ફાઈલ મુકાવાની સંભાવના હોય તો તેનું માપ તથા જો કબાટ બંધ કરવાનું હોય તો તેના શટરની જાડાઈ ધ્યાનમાં રાખવી જોઈએ. ચોપડીઓનું કબાટ એવું ન હોવું જોઈએ કે જેમાં બે હારમાં ચોપડીઓ મૂકવી પડે, કારણ કે તેમ કરવાથી પાછલી હારમાં આવેલ ચોપડીઓ લેવામાં અગવડ પડે. વળી, કબાટમાં ચોપડીઓની ઉપર પણ બિનજરૂરી જગ્યા છૂટવી ન જોઈએ; કારણ કે તે જગ્યાનો બગાડ ગણાય. વળી ચોપડીઓનું કબાટ એવું હોવું જોઈએ કે જરૂરિયાત પ્રમાણે તેમાંથી ચોપડીઓ અગવડ વગર લઈ શકાય. અભ્યાસ-ખંડમાં અન્ય ઉપયોગિતા સાથે સંકળાયેલાં રાચરચીલાંની રચના જરૂરિયાત


(અનુસંધાન પૃ. ૨૨ ઉપર)



← બાળકોના શયનકક્ષના એક ખૂણામાં બનાવેલો અભ્યાસખંડ

શયનકક્ષમાં પાછળથી ઉમેરાયેલા અભ્યાસખંડની
આગવી શૈલીયુક્ત રચના





ભારતીય પ્રબંધ સંસ્થાન

પ્રોફે. સુરેશ ર. શાહ

રાષ્ટ્રના ઉત્થાન માટે કાબેલ વહીવટકારો અને કુશળ પ્રબંધકોની અગત્ય ભારત સરકારને આઝાદી બાદ તરત જ સમજાઈ હતી. આથી જ દેશમાં વહીવટકારો અને સંચાલકોને સુયોગ્ય તાલીમ આપવા અંગે યોગ્ય ઉપાયો વિચારવા ૧૯૫૦ના અરસામાં એક અભ્યાસ હાથ ધરાયો. કૅલિફોર્નિયા યુનિવર્સિટીના બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ગ્રેજ્યુએટ સ્કૂલના સહાયક ડિન જ્યૉર્જ શેબિન્સની ભલામણો સરકારે સ્વીકારી. તે પ્રમાણે દેશમાં આ માટેના અભ્યાસની સુવિધાઓ પૂરી પાડે તેવી અખિલ ભારતીય પ્રબંધ સંસ્થાનો સ્થાપવાનું અને તેમને સ્વાયત્તતા બક્ષવાનું તથા આવી સંસ્થાઓએ વિદેશની ખ્યાતનામ યુનિવર્સિટીઓ સાથે સહયોગ સાધવાનું નક્કી કરાયું. કેન્દ્ર સરકારે આ ભલામણોને આધારે આવી બે સંસ્થાઓ ઊભી કરવાનું આયોજન કર્યું. આ નવાં કેન્દ્રો માટે કલકત્તા અને અમદાવાદ ઉપર પસંદગી ઊતરી.

અમદાવાદ માટેની આવી પ્રબંધ-સંસ્થાને તેના આયોજનથી જ (સ્વ.) ડૉ. વિક્રમ સારાભાઈનું માર્ગદર્શન સાંપડ્યું હતું. હકીકતમાં તેમની જ અથાક જહેમત અને માર્ગદર્શનથી આ સંસ્થા તેના આજના સ્થાને પહોંચી છે. પ્રારંભમાં આ સંસ્થા અંગેનું મહેસૂલી ખર્ચ કેન્દ્ર સરકારે માથે લીધું. ગુજરાત સરકારે યુનિવર્સિટી વિસ્તાર નજીક વસ્ત્રાપુર ખાતે ૬૫ એકર જમીન ભેટ આપી. પાછળથી તેની બાજુમાં જ બીજી ૩૫ એકર જમીન મેળવી આપી. આમ, ૧૦૦ એકરના વિસ્તારમાં આ સંસ્થાનું સંકુલ આજે વિસ્તરેલું છે.

કલકત્તાની આવી સંસ્થા કાર્યરત થઈ તેના પછી છ માસમાં જ અમદાવાદની આ સંસ્થાએ પણ તેનું શિક્ષણકાર્ય ચાલુ કર્યું. સંસ્થાના સંચાલક-મંડળના પ્રથમ અધ્યક્ષ તરીકે ગુજરાત રાજ્યના તે વેળાના મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા તથા સંસ્થાના નિયામક તરીકે ડૉ. વિક્રમ સારાભાઈની નિયુક્તિ થઈ. જુલાઈ ૧૯૬૪થી સંસ્થાએ તેની પ્રથમ બૅચના તાલીમાર્થીઓને શિક્ષણ આપવાનું ચાલુ કર્યું.

બીજી આવી સંસ્થાઓ : સારા સંચાલકો અને મૅનેજરોની અગત્ય અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને હવે તો દેશમાં ગુજરાત યુનિવર્સિટી સહિત ઘણી યુનિવર્સિટીઓમાં આવી મૅનેજમેન્ટ સંસ્થાઓ ઊભી થઈ ચૂકી છે. ભારત સરકારે પણ આ બે પ્રારંભિક સંસ્થાઓ પછી બૅંગ્લોર અને લખનૌ ખાતે ભારતીય પ્રબંધ સંસ્થાનો ઊભાં કર્યાં છે. આ ઉપરાંત કેરાલામાં કાલિકટ ખાતે તથા મધ્યપ્રદેશમાં ઇંદૌર ખાતે આવી સંસ્થા ઊભી કરાઈ રહી છે અને થોડા જ સમયમાં તે પણ કાર્યરત થઈ જશે. વ્યવસાયમાં જવા માગતા હોંશિયાર વિદ્યાર્થીઓની પણ ઉચ્ચ પસંદગી મૅનેજમેન્ટના અભ્યાસક્રમ તરફ હવે વળી છે.


સંસ્થાનાં ભવનો અને સમગ્ર સંકુલ : અમદાવાદની આ

સંસ્થાના સંકુલના આયોજનમાં ભવનનિર્માણ-કલાના વિશેષજ્ઞ તથા અમેરિકાના જાણીતા સ્થપતિ પ્રો. લુઈ કહાનનો સહયોગ અને માર્ગદર્શન મેળવાયાં હતાં. સંકુલનાં ભવનોના વિવિધ અને અર્થપૂર્ણ ભૌતિક આકારો, ઇંટોનો વિશિષ્ટ અને ધ્યાનાકર્ષક ઉપયોગ, પ્રકાશ અને છાયા માટેનું આયોજન પ્રો. લુઈ કહાનની કલાદૃષ્ટિની યશકલગી સમાન છે. લગભગ બધાં જ ભવનો દક્ષિણ-પશ્ચિમ તરફી રાખવામાં આવ્યાં છે, જેથી હવા અને પ્રકાશનો પૂર્ણ લાભ મેળવી શકાય. સાચા સ્વરૂપમાં ભારતીય ઢબનાં લાગતાં આ ભવનો ભારતીય વાતાવરણ રચવામાં મોટો ફાળો આપે છે. અમદાવાદની ગરમીમાં રાહત મળે તે હેતુથી એકસરખાં વૃક્ષોની હારમાળા, ખાલી અને ખુલ્લી જગ્યામાં હરિયાળી લૉન, સંકુલનાં આવાસોમાં રહેતાં કુટુમ્બોનાં બાળકો માટે બગીચાઓ વગેરેનું આયોજન સાચે જ આજે નયનરમ્ય લાગે છે.

સંસ્થાનું મુખ્ય વહીવટી ભવન, વ્યાખ્યાન માટેના વર્ગ-ખંડો, સેમિનાર માટેના વિશિષ્ટ ખંડો, એક લાખથી અધિક પુસ્તકો અને સામયિકો ગોઠવી શકાય તેવી આધુનિક વ્યવસ્થા સહિતનું ગ્રંથાલય; ઊંચા ઓટલાવાળો એક ભવ્ય પ્લાઝા, જેને ઓપન-ઍર ઍસેમ્બ્લી તરીકે વાપરી શકાય તેવી વ્યવસ્થા છે. છાત્ર-નિવાસો તથા અધ્યાપક નિવાસો તેમજ એકીસાથે ૫૦૦ વ્યક્તિઓ જમી શકે તેવો વિશાળ ભોજનખંડ તેની વિશિષ્ટતા છે. લીમડાનાં વૃક્ષોની ત્રણ-ચાર હરોળ ધ્યાન ખેંચે છે. સંસ્થાના મુલાકાતીઓને જોતાંવેંત જ પહેલી દૃષ્ટિએ આ સુંદર અને સુઘડ સંકુલ અભ્યાસમાં પ્રેરણા આપતું લાગે તેવું તેનું ચિત્તાકર્ષક અને સુંદર આયોજન છે. વ્યાખ્યાન-ખંડોમાં અને સેમિનાર-ખંડોમાં બેઠકવ્યવસ્થા ગોળાકાર ગોઠવેલી છે, જેથી વક્તા અને શ્રોતાઓ એકબીજાને અધિક નજીકથી માણી શકે.

ગ્રંથાલય અને કમ્પ્યૂટર કેન્દ્ર : સંસ્થાનું આધુનિક અને સુસજ્જ ગ્રંથાલય આશરે ૩૬ હજાર ચો.મી.ના વિસ્તારમાં પથરાયેલું છે. તેમાં પ્રતિવર્ષે લગભગ એક લાખની કિંમતનાં પુસ્તકો અને સામયિકો મંગાવાય છે. તેનું રેફરન્સનું અને ઇન્ડેક્સિંગનું કાર્ય કમ્પ્યૂટરાઈઝ કરેલું છે. ૧૯૩૧માં આ ગ્રંથાલયનું નામકરણ કરવામાં આવ્યું. હવે તે ડૉ. વિક્રમ સારાભાઈ લાઇબ્રેરી તરીકે ઓળખાય છે. અહીં પુસ્તકો ખુલ્લાં કબાટમાં વ્યવસ્થિત ગોઠવાયેલાં છે. જેથી વાચક પુસ્તક કાઢીને બરાબર જોઈ પણ શકે. તાલીમાર્થી રેફરન્સનો ઉપયોગ કમ્પ્યૂટરથી કરી શકે તેવી વ્યવસ્થા કરાયેલી છે.

આ સંસ્થામાં કમ્પ્યૂટર કેન્દ્રની સ્થાપના ૧૯૭૦થી કરવામાં આવી છે. ૧૬ વ્યક્તિઓ એકીસાથે આ કમ્પ્યૂટર વાપરી શકે એવી અહીં સુવિધા કરેલી છે. તાલીમાર્થીઓ તેમના રૂમમાં



બેસીને કમ્પ્યૂટર વાપરી શકે અને કાયદાઓના ઉકેલ મેળવી શકે તેવી પણ વ્યવસ્થા છે. માર્ચ ૧૬, ૧૯૯૬થી આ સંસ્થાએ ઇન્ટરનેટ સુવિધાઓ મેળવી છે. તે વાપરવાની તાલીમ પણ તાલીમાર્થીઓ અને અધ્યાપકોને અપાઈ છે. વિશ્વના કોઈ પણ ભાગમાંથી હવે ઉપગ્રહ મારફતે અહીં જાણકારી મેળવી શકાય છે.

સંસ્થાની નેતાગીરી : સંસ્થાના સંચાલક-મંડળના અધ્યક્ષ તરીકે ૧૯૬૨થી '૬૪ દરમિયાન ડૉ. જીવરાજ મહેતાએ નેતૃત્વ પૂરું પાડ્યું. ત્યાર પછી ૧૯૬૪થી '૬૯ દરમિયાન એપ્લાઈડ ઇકોનોમિક્સ રિસર્ચની રાષ્ટ્રિય કાઉન્સિલના ડાયરેક્ટ જનરલ શ્રી પ્રકાશ ટંડને માર્ગદર્શન પૂરું પાડ્યું. ત્યાર પછી કિર્લોસ્કર ઉદ્યોગગૃહના વડા શ્રી એસ. એલ. કિર્લોસ્કરે અને ત્યાર બાદ મહેન્દ્ર અને મહેન્દ્ર લિ.ના અધ્યક્ષ શ્રી.કેસુબ મહેન્દ્રએ સંસ્થાનું અધ્યક્ષસ્થાન શોભાવ્યું અને લોકોને કીમતી અનુભવોનો લાભ આપ્યો. છેલ્લા અધ્યક્ષ ડૉ. એસ. કે. ખન્નાના હોદ્દાની મુદત પૂરી થતાં ઑગસ્ટ ૧૯૯૬થી ડૉ. આઈ. જી. પટેલની આ સંસ્થાના અધ્યક્ષ તરીકે નિયુક્તિ થઈ છે. ૧૯૪૯માં ડૉ. આઈ. જી. પટેલ વડોદરા યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે જોડાયા હતા. ત્યાર બાદ ઘણી રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓમાં સેવાઓ આપી છે. બ્રિટનની ખ્યાતનામ સંસ્થા લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સના નિયામક તરીકે ૧૯૮૪-૯૦ સુધી સેવાઓ આપી હતી. એ પહેલાં તેઓ ભારતીય રિઝર્વ બૅન્કના ગવર્નર તરીકે તથા આંતરરાષ્ટ્રિય નાણાંભંડોળના નિયામક તરીકે પણ રહી ચૂક્યા છે. આવા અનુભવી નિષ્ણાતની સેવાઓ અત્યારે આ સંસ્થાને મળી રહી છે.

સંસ્થાના માનદ્ નિયામક તરીકે ૧૯૬૨-૬૫ દરમિયાન ડૉ. વિક્રમ સારાભાઈએ સેવાઓ આપી સંસ્થાને ઊભી કરી પગભર બનાવી હતી. ત્યાર પછી ૧૯૬૫થી આ પદ પ્રો. રવિ મથાઈએ શોભાવ્યું. આ દરમિયાન આ સંસ્થાએ ઘણો જ વિકાસ સાધ્યો હતો.

તેઓ પોતે માનતા હતા કે સંસ્થાના વિકાસ માટે યોગ્ય સમયે નેતાગીરીમાં ફેરફાર થવો જરૂરી છે. તેઓ જાતે જ સંસ્થાના નિયામકપદેથી ખસી ગયા અને ૧૯૭૨થી ડૉ. સેમ્યુઅલ પૉલ આ સંસ્થાના નિયામકપદે આવ્યા. સાત વર્ષ સુધી નિયામકપદે રહ્યા પછી જાતે જ તે પદેથી ઊતરી જઈ ત્યાં જ પ્રોફેસર તરીકે રહીને નવા નિયામકને સંપૂર્ણ સાથસહકાર આપ્યો. આ કાંઈ સામાન્ય બાબત નથી. આજે જ્યારે વ્યક્તિ પોતાના હોદ્દા ઉપરથી ખસવા માગતી નથી એવા સમયે આવી વ્યક્તિ મળવી મુશ્કેલ છે. સંસ્થાને આવો પ્રતિભાશાળી નેતાગણ સાંપડ્યો છે તે પણ સંસ્થાનું સદ્‌ભાગ્ય ગણાય. પ્રો. પ્રદીપ ખાંડવાલાની નિયામક તરીકેની પાંચ વર્ષની મુદત પૂરી થતાં, ૧૯૯૬થી એ પદ ખાલી પડ્યું છે. દરમિયાન સંસ્થાના ડીન પ્રો. પ્રકાશ અને શિંગને કાર્યવાહક નિયામક તરીકે એ હોદ્દો અત્યારે સોંપાયો છે.

સંસ્થામાં શીખવાતા વિવિધ પ્રોગ્રામો : સંસ્થામાં પ્રારંભથી જ શરૂ કરાયેલો બે વર્ષનો અભ્યાસક્રમ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ (PGP) તરીકે ઓળખાય છે. લગભગ ૨૦૦ તાલીમાર્થીઓને દાખલ કરાય છે તેમાં ત્રીજા વિશ્વના દેશોના તાલીમાર્થીઓ પણ અત્રે દાખલ થાય છે. આ ઉપરાંત ખાનગી અને જાહેર સાહસોના તથા મોટાં ઉદ્યોગગૃહોના વ્યાવસાયિક સંચાલકોને તેઓ વધુ સારા તાલીમબદ્ધ પ્રબંધકો બને તે માટે એક વર્ષનો અભ્યાસક્રમ પણ અહીં ચાલે છે. આ ઉપરાંત, એક વર્ષનો કૃષિ-પ્રબંધકો માટેનો અભ્યાસક્રમ પણ અત્રે ચાલે છે. આ માટે કૃષિ-પ્રબંધ-કેન્દ્રની સ્થાપના કરાઈ છે. યુનિવર્સિટીના શિક્ષકો માટેનો UTP પ્રોગ્રામ પણ અહીં ચલાવાય છે. આ ઉપરાંત Ph.D સમકક્ષ ફેલોશિપ પ્રોગ્રામ ઈન મૅનેજમેન્ટ (FPM)માં અત્યાર સુધીમાં ૧૪૦થી અધિક વ્યક્તિઓએ લાભ લીધો છે. આ કાર્યક્રમ દ્વારા સંસ્થા સારા સંશોધકો તથા નવી મૅનેજમેન્ટ શિક્ષણસંસ્થાઓને સારા માર્ગદર્શકો પૂરા પાડે છે. આમ, આવી બીજી નવી સંસ્થાઓ વિકસાવવામાં પણ મદદરૂપ બની રહે છે.

વ્યવસાયમાં ગોઠવણી અંગેની પ્લેસમેન્ટ સર્વિસ : આ સંસ્થાએ શરૂઆતથી જ તેના સ્નાતકોને સુયોગ્ય સ્થળે સારી નોકરીમાં ગોઠવી આપવા અંગેની પ્લેસમેન્ટ સર્વિસ ઊભી કરી છે. ચાલુ વર્ષે માર્ચ ૧ થી ૯ સુધીમાં આ અંગેનું વીક ઊજવ્યું. આ અંગે પૂર્વ-આયોજન પ્રમાણે ખાનગી સાહસો, જાહેર સાહસો, બહુરાષ્ટ્રિય કંપનીઓ તથા રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓને સારા પ્રબંધકો મેળવવા અત્રે નિમંત્રણ મોકલાવ્યાં હતાં. આ ગાળા દરમિયાન ૭૪ કંપનીઓના અધિકારીઓ અત્રે આવ્યા હતા. તેમણે અહીં જ તાલીમાર્થીઓના ઇન્ટર્વ્યૂ લીધા, જેમાં સંસ્થાના અધ્યાપકોએ તેમને મદદ કરી. આ કંપનીઓ તરફથી ૨૬૦ જેટલી ઑફર કરાઈ, જેનો ૧૭૮ તાલીમાર્થીઓએ સ્વીકાર કર્યો. તાલીમાર્થીઓને એક કરતાં વધુ નિમંત્રણો મળતાં સુયોગ્ય પસંદગીની તકો મળી. તેઓને ઘણા સારા પગારોની પણ દરખાસ્તો થઈ. ૨૨ જણાને ૧ થી ૧.૨૫ લાખ વાર્ષિક દરમાયો અપાયો. ૧૪ને ૧.૨૫ લાખથી ૧.૫૦ લાખ, ૫૦ ને ૧.૫૦ લાખથી ૨ લાખ; ૭૦ને ૨ થી ૩ લાખ અને ૨૨ને ૩ લાખથી અધિક પગારની નોકરીઓ મળી. આમ, સરેરાશ દરેકને માસિક ૧૮,૦૦૦ રૂ.ના પગારની દરખાસ્તો મળી હતી. ૧૭૮માંથી ૯૨ તાલીમાર્થીઓએ બહુરાષ્ટ્રિય કંપનીઓનાં નિમંત્રણ સ્વીકાર્યાં. ૬૦ જણાએ ખાનગી સાહસોમાં જોડાવાનું પસંદ કર્યું. ૨૬ જણાએ જાહેર સાહસોમાં જોડાવાનું સ્વીકાર્યું. વિશ્વ-આરોગ્ય સંસ્થા ઉપરાંત કેટલીક વિદેશી કંપનીઓ પણ સારા તાલીમાર્થીઓ મેળવવા અત્રે આવ્યાં હતાં. સૌથી વધુ પગાર વિશ્વ-આરોગ્ય સંસ્થાએ પોતે પસંદ કરેલા એક ઉમેદવારને વાર્ષિક ૬૫ હજાર ડૉલરની દરખાસ્ત કરી. બીજા પાંચને અમેરિકા, જિનીવા અને કોરિયામાં નોકરી મળી. આથી બીજી વાત પણ સ્પષ્ટ બની કે બહુરાષ્ટ્રિય કંપનીઓ અને બીજાં વિદેશી સાહસો પણ આપણા તાલીમાર્થીઓને વધુ પસંદ કરે છે. સંસ્થાની પ્લેસમેન્ટ કમિટી હવે પછીનાં વર્ષોમાં વધુ તાલીમાર્થીઓને બહુરાષ્ટ્રિય કંપનીઓમાં તથા વિદેશોમાં સારી નોકરી મેળવી આપવા અધિક પ્રયત્નશીલ રહેશે.

અંતે એટલું તો અવશ્ય કે રાષ્ટ્રભરમાં આવી બીજી સંસ્થાઓમાં અમદાવાદની આ સંસ્થાએ વધુ વિકાસ સાધ્યો છે અને તેની તેજસ્વી નેતાગીરીએ તેને મોખરાનું સ્થાન અપાવ્યું છે. □

અનુસંધાન] ચિઠ્ઠી [પૃ. ૮થી

ગભરામણ થતી હતી. થોડી વારમાં સ્ત્રીઓ કપડાં બદલી પાછી ઓટલા આગળ આવી બેઠી. હવે સાંજ થવા આવી ત્યાં તો પુરુષો પણ મંછામાને મૂકી પાછા આવ્યા. કોઈ બોલતું ન હતું. બધાએ જાણે કંઈક ગમગીન, શાન્ત. બાપુએ પાણીનો લોટો લઈ બધા પુરુષોને ચાંગળું ચાંગળું પાણી આપ્યું, તે પછી કાનજીકાકાએ અને બાપુએ બધાને બે હાથ જોડી નમસ્કાર કર્યા, ત્યારે બધા ધીમેધીમે વિખેરાઈ ગયા. બા, બાપુ ઘરે પાછાં આવ્યાં.

મને થતું હતું, મંછામા ક્યાં ગયાં હશે ? ને હરતાં ફરતાં હતાં તેમને સુવાડ્યાં શા માટે ? ચિઠ્ઠીમાં મેં તો કશું લખ્યું નહોતું છતાં એમણે શું વાંચ્યું હશે ? મને ખૂબ દુઃખ થતું હતું. રડમસ હું બૂમ પાડતો રહ્યો !! મંછામાં, મંછામા. પણ અવાજ ગળાની બહાર આવતો ન હતો. □

સંગીત-શાસ્ત્ર

હસુ યાજ્ઞિક

[આપણી ભાષામાં સાહિત્યકલા વિશેનાં જેટલાં પુસ્તકો છે, વિવેચન-ગ્રન્થો-સંચયો છે, તેને મુકાબલે શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય અને સંગીત-કલા વિશેના શાસ્ત્રીય ગ્રન્થો નથી. કોઈ પણ ભાષા આ પ્રકારના સંદર્ભ ગ્રન્થો વગર સંદર્ભ ગ્રન્થની દૃષ્ટિએ તો અધૂરી જ ગણાય. કોઈ પણ કલાના આધાર કે અન્ય કલાઓનાં સ્વરૂપ-લક્ષણને પણ જાણવાં જોઈએ, એમ ન થાય તો એની કલાની આરાધનામાં ઊણપ રહે, સમજણનો વિકાસ અટકે. ચિત્રકાર સાહિત્ય વિશે ન જાણે કે સંગીતકાર સાહિત્ય વિશે ન જાણે તો એના ખુદના વિકાસમાં ક્યાંક ને ક્યાંક ખોટ રહી જાય. અને ભાવકે તો, એક બૌદ્ધિક તરીકે મહત્ત્વની બધી જ કલાઓ વિશે જાણવું જોઈએ. વ્યવહારોપયોગી વિજ્ઞાનની વિવિધ શાખાઓની પાયાની સમજ પણ મેળવવી જોઈએ. વિવિધ વિદ્યાઓની - જેમાં વિજ્ઞાન અને કલાનો સમાવેશ થાય છે - આધુનિક પરિસ્થિતિની સહુકોઈને યત્કિંચિત તો માહિતી-જાણકારી હોવાં જ જોઈએ.

આજે તો વળી વિપરીત પરિસ્થિતિ જોવા મળે છે. શાસ્ત્રીય સંગીત વિશેનો લગાવ ઓસરતો જાય છે. આથી વ્યાપક વાચક સમુદાય તેમાં રસ લઈ પોતાની અભિરુચિ કેળવી શકે તે માટે અમે સંગીત-શાસ્ત્રની આ લેખમાળા શરૂ કરીએ છીએ. નવલકથા, ટૂંકીવાર્તા, વિવેચન-સંશોધનના પંચાવનથી વિશેષ પુસ્તકોના લેખક ડૉ. હસુ યાજ્ઞિક લોકસાહિત્ય-કથાસાહિત્યના અભ્યાસી હોવા ઉપરાંત સંગીતજ્ઞ છે. એમણે ૯૦ જેટલાં પદનાં સ્વરાંકન કર્યાં છે. વાયોલિન-વાદન પરનું પ્રથમ ગુજરાતી શાસ્ત્રશુદ્ધ એવું પુસ્તક તથા ભારતીય શાસ્ત્રીય રાગ પરનું 'રાગદર્શન' પુસ્તક એમણે આપ્યું છે. એક સર્જક, વિવેચક અને સંગીતજ્ઞ જ નહીં, પરંતુ મૂળ સ્વભાવ-વ્યવસાયે તો શિક્ષક એવા સંગીતજ્ઞ લેખકની આ અંકથી શરૂ થતી આ લેખમાળા સહુને વાંચવી-સંઘરવી ગમશે જ. સંગીતનાં સંલગ્ન એવાં બધાં જ પાસાં આ લેખમાળામાં લોકભોગ્ય સરળ એવી શિક્ષણ-શૈલીએ અપાશે. વાચકોના કોઈ પ્રશ્નો-સૂચનો હશે તો તેને પણ લક્ષમાં લઈને આ લેખમાળામાં જરૂરી એવાં બધાં જ પાસાં આવરી લેવાનો પ્રયત્ન કરીશું.

- *તંત્રી*]

સંગીત શું છે ? એ જન્મે છે શામાંથી ?

સંગીત 'કલા' છે. ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય અને સાહિત્ય જેમ પાંચ લલિત કલાઓ છે, તેમ સંગીત એવી જ છઠ્ઠી લલિત કલા છે. અહીં એ પ્રશ્ન થાય કે 'કલા' એટલે શું ? એનો સીધોસાદો ઉત્તર એટલો જ કે કલા માનવીના કોઈ પણ હૃદય-ભાવનો આસ્વાદ્યરૂપે થતો અવતાર છે. ભાવ એટલે લાગણી અને વિચારનું સંયોજન. એને એક શબ્દથી ઓળખાવવો હોય તો અનુભવ કે પ્રતીતિ, ઘ્રાણ, જિહ્વા શબ્દ વાપરી શકાય. માણસ પોતાની પાંચ ઇન્દ્રિય - આંખ, કાન, ત્વચા ઇત્યાદિ દ્વારા જગતનો, એના વિશિષ્ટ પદાર્થનો અનુભવ કરે છે, એમાંથી એના હૃદયમાં **લાગણી** અને મનમાં **વિચાર** જન્મે છે. લાગણી અને વિચારનું સંયોજન તે ભાવ તે આપણો અનુભવ, આપણી પ્રતીતિ. આંખ કંઈક જુએ, કાન કંઈક સાંભળે, ત્વચા કશાનો સ્પર્શ થાય કે વ્યક્તિનો વિશ્વ સાથેનો, વિશ્વના કોઈ પદાર્થ કે એવા અન્ય અંગ સાથેનો સંબંધ સ્થપાય છે. પક્ષીનો મધુર કલરવ કે સાગરનો ઘોરગંભીર ધ્વનિ કાને પડે કે મન-હૃદયમાં એની અસર ઊભી થાય તે વ્યક્તિનો અનુભવ બને. ગૉળ, ખાંડ, સાકર, શેરડી, પીપરમિન્ટ, લાપશી, શીરો, બરફી, મોહનથાળ, લાડુ વગેરેનો જીભને સ્પર્શ થાય, એ સાથે જ એક અનુભવ થાય ગળપણના સ્વાદનો. આ બધા અને આવા અનેક પદાર્થના અનુભવ માટે આપણી પાસે એક શબ્દ છે - ગળ્યું - sweet. પરંતુ શું દરેક વાનગીનું ગળપણ એક જુદો જ અનુભવ નથી ? લાપશી અને શીરો - શબ્દે ગળ્યાં, પરંતુ એ બન્ને ગળપણમાં ભેદ કેટલો ? તમે કોઈ માણસને, એવા માણસને કે જેણે લાપશી-શીરો ખાધાં નથી, એના ગળપણનો અનુભવ કરાવી શકશો ? ગૉળ ખાવ તમે અને મિઠાસ અનુભવે બીજો, એવું બને ખરું ? આપણા અનુભવનું 'કથન' કરીને શું આપણે આપણા અનુભવનો બીજાને અનુભવ કરાવી શકીએ છીએ ? લપડાક જોરદાર આપણા ગાલ પર પડે ને ચચરાટ બીજાના ગાલ પર થાય એવું બને ખરું ? ગમે તેટલું વિગતે એનું વર્ણન કરો, પૃથક્કરણ કરો, તો પણ તમારો અનુભવ બીજાનો બનતો નથી. તમે પડો ને બીજાને વાગતું નથી. અનુભવો અસંખ્ય ને સામે એના કથન માટેના શબ્દો કેટલા મર્યાદિત ! પરંતુ જ્યારે 'કથન'માં કલા ઉમેરાય છે ત્યારે તમે તમારા અનુભવને બીજા સુધી પહોંચાડી શકો છો. કોઈ પણ અનુભવનું આસ્વાદ્યરૂપ તે કલા. કોઈ એક અનુભવ ચિત્રના માધ્યમે બીજાનો બને. આવું જ બીજો કલાકાર શિલ્પથી કરે,

શરીરનો ઉપયોગ કરનાર નૃત્યથી કરે, સંગીતનો કલાકાર સ્વરથી કરે, કવિ શબ્દથી ભાવને મૂર્ત કરે. ધારો કે એક કલાકારની સામે જે પદાર્થ છે તે 'તાજમહેલ' છે. એને જોતાં કલાકાર ભાવરૂપે પ્રતીત કરે છે તે 'ભવ્ય લયાન્વિત સૌન્દર્ય' છે. આ પ્રતીતિ, આ અનુભવ, કલાકારને સંક્રાન્ત કરવો હોય, પોતાના અનુભવને નિજી કે અંગત અનુભવમાંથી સહુનો બનાવવો હોય તો માત્ર વર્ણનકથન કામ ન લાગે. ગળ્યું કહેવાથી કંઈ ગળપણના વિશિષ્ટ સૂક્ષ્મસંકુલ ભાવની અનુભૂતિ ન થાય, તેવું જ. આથી અનુભવને કલાકારે આસ્વાદ્યરૂપ આપવું પડે. પોતાના અનુભવને એવા કલાસ્વરૂપમાં ઢાળે કે કલાસ્વરૂપ અર્થાત્ સર્જનને માધ્યમે ભાવક તેને પોતાનો અનુભવ હોય એમ આસ્વાદે, એની પ્રતીતિ કરે. અનુભવનું આસ્વાદ્યરૂપ તે કલા, લાગણીનો આકાર, - form of a feeling.

જો કલાકાર આ અનુભવને ઈંટ-ચૂનો-પથ્થર-ધાતુના ઉપયોગે આકર આપે તો તે **સ્થાપત્યકલા** બને, એવા પદાર્થોમાંથી શિલ્પ કંડારે તો તે **શિલ્પકલા**, હાથ-પગ-મુખ ઈત્યાદિ શરીરના વિવિધ અવયવોની લયાન્વિત ચેષ્ટાઓ દ્વારા મૂર્ત કરે તો તે **નૃત્યકલા**, શબ્દ વડે સિદ્ધ કરે તો તે **સાહિત્યકલા** અને અવાજના નીચા-ઊંચાપણાનો લાભ લઈ સ્વર-સૂર સિદ્ધ કરીને એની સહાયે અનુભવને આસ્વાદ્ય બનાવે તો એને **સંગીતકલા** કહેવાય છે.

હવે સ્પષ્ટ થશે કે અનુભવને આસ્વાદ્યરૂપ આપવાનું કામ કલા કરે અને એ લલિત કલાઓમાં સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, સાહિત્ય અને સંગીત એ છ મુખ્ય કલાઓનો સમાવેશ થાય છે. કલા તરીકે આ છએ એક જ કુળ છે. એમાં જે ભિન્નતા છે તે, તે કલાઓના માધ્યમની છે. સ્થાપત્યનું માધ્યમ ઈંટ-ચૂનો-પથ્થર-લાકડું જેવા ભૌતિક પદાર્થો છે, શિલ્પનું માધ્યમ લાકડું, ધાતુ કે પ્લાસ્ટર ઑફ પૅરિસ જેવો કોઈ ભૌતિક પદાર્થ કે તેનાં સંમિશ્રણો છે, નૃત્યકલાનું માધ્યમ શરીર છે જે પણ ભૌતિક પદાર્થ જ ગણાય. પરંતુ સાહિત્યકલાનું માધ્યમ ભાષા છે અને સંગીતકલાનું માધ્યમ સ્વર છે - આ બન્ને ભૌતિકપદાર્થ નથી. આથી છ લલિત કલામાં બે મુખ્ય પેટા વર્ગો છે : (૧) એવી કલાઓ જે ભૌતિક પદાર્થોનો માધ્યમ તરીકે ઉપયોગ કરે છે : સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર અને નૃત્ય. (૨) એવી કલાઓ જે અભૌતિક પદાર્થનો ઉપયોગ કરે છે, અર્થાત્ જેનું માધ્યમ સૂક્ષ્મ છે, ભૌતિક એવી કોઈ વસ્તુ કે પદાર્થનું બનેલું નથી : સાહિત્ય અને સંગીત. ભૌતિક પદાર્થને પોતાનાં રંગ-રૂપ આકાર હોય છે, જે આંખથી જોઈ શકાય છે. આથી ભૌતિક પદાર્થનો ઉપયોગ જે કલા માધ્યમ રૂપે કરે છે તે કલા આંખથી જોઈને માણી શકાય છે. આથી શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર અને નૃત્ય આંખની કલાઓ છે. પરંતુ સાહિત્યનું માધ્યમ ભાષા છે જેના શબ્દોચ્ચાર કાન ગ્રહણ કરે છે અને સંગીતનું માધ્યમ સ્વર છે જેના અવાજના ઊંચે જતા નીચે જતા ધ્વનિને પણ કાન પારખે છે, એથી સાહિત્ય અને સંગીત કાનની કલા છે.

અહીં હવે સ્પષ્ટ થાય છે કે 'સંગીત' પણ સ્થાપત્યાદિ જેવી જ લલિત કલા છે અને સ્વર કે સૂર એનું માધ્યમ છે.

સ્વર કેમ જન્મે ?

હવે પ્રશ્ન એ થશે કે સ્વર કે સૂર કેવી રીતે જન્મે છે ? આનો જવાબ એ છે કે સ્વર નાદમાંથી જન્મે છે. નાદ શું છે ? નાદ ધ્વનિનો, અવાજનો નાનામાં નાનો એવો એકમ છે. રણકી ઊઠે એવા બે પદાર્થો પરસ્પર સાથે અથડાય, કોઈ પાતળી ધારમાંથી હવા પસાર થાય અને ધાર સાથે ઘસાય કે ચુસ્ત એવા તંતુ કે ધાતુના તાર પર આઘાત આપવામાં આવે કે એના પર ઘર્ષણ કરવામાં આવે ત્યારે તે તાર ધ્રૂજવા લાગે છે અને એમાંથી અવાજ પેદા થાય છે, ધ્વનિ જન્મે છે. આમ, ધ્વનિનું પોતાનું જે માધ્યમ છે તે 'હવા' છે – વાયુનું નિશ્ચિત આવરણ. કોઈ પાત્રમાં પાણી ભર્યું હોય ત્યારે તેની ઉપરની સપાટી સ્થિર હોય છે. જો એ સપાટીનો આંગળીથી સ્પર્શ કરીને કે કોઈ પદાર્થ ફેંકીને તે સપાટી પર સંક્ષોભ પેદા કરીએ તો પાણીની સપાટી પર વર્તુળો જન્મે છે. આ વર્તુળ તે જળમાં પેદા થયેલા તરંગ છે. આ પાણીની સપાટી તે તમારા ચાના કપમાં રહેલી ચાની, પ્યાલામાં રહેલા કોઈ પેયની, અન્ય પાત્રમાં રહેલા કોઈ પ્રવાહીની કે નદી જેવા પ્રવાહની કે મોટાં જળાશય, વાવ, કૂવો, સરોવર કે સમુદ્રની હોઈ શકે. જ્યાં જે રીતે કોઈ પ્રવાહી છે તેની ઉપરની સપાટી સ્થિર છે. જેવો એ સપાટીને કોઈ બહારનો સ્પર્શ થાય કે એમાં વિક્ષોભ પેદા થાય છે, એ સપાટી પર તરંગો જન્મે છે. કાચના કપ પર, પેય પ્રવાહી ભરેલા પ્યાલા પર હવાનું દબાણ કે તમારી આંગળીનો સ્પર્શ તરંગ જન્માવે છે. આ રીતે તો મોજાં સાગરના ગાલે કરેલું ચુંબન જ ! અને ભરતી-ઓટ પૃથ્વીનો એના પુત્ર ચંદ્રને મળવાનો વાત્સલ્યસભર ઉભાર જ ! પુત્ર નજીક આવે, દૂર જાય અને માતાનું અંતર વહાલ બનીને ઊભરાય, એવું જ છે પૃથ્વી-ચન્દ્રના ગુરુત્વાકર્ષણે સમુદ્રના ભરતી-ઓટ પરત્વે !

આમ ધ્વનિનું વાહન જ વાયુ છે, હવા છે.

જેવી રીતે પાણીને પોતાની સ્થિર એવી સપાટી છે તેવી જ રીતે સમગ્ર પૃથ્વી પરનું આપણી આસપાસનું જે વાયુ-મંડળ છે, જેને આપણે વાતાવરણ કહીએ છીએ, તે છે તો પારદર્શક પરંતુ એમાં 'વાયુ' છે. એ વાતાવરણમાં જ કોઈ રણકતા પદાર્થો ટકરાય છે કે કોઈ તાર છેડાય છે, પાતળી એવી સપાટી પરથી વહેતી હવા કે મોં દ્વારા મારવામાં આવતી ફૂંક અથડાય છે અને ધ્વનિરૂપે, એક અવાજરૂપે આપણને સંભળાય છે. હવાના બનેલા વાતાવરણમાં જે આંદોલનો જન્મે છે તેમાંથી જ તો ધ્વનિ-અવાજ પેદા થાય છે. આંદોલનની સંખ્યાને આધારે જ એક અવાજથી

બીજો અવાજ જુદો પડે છે, કોઈ અવાજ નાનો તો કોઈ મોટો લાગે છે, કોઈ જાડો તો કોઈ પાતળો કે તીણો લાગે છે. આમ, ધ્વનિ કે અવાજનો જન્મ એ બીજું કશું જ નથી, પરંતુ વાતાવરણમાં થયેલો વિક્ષોભ છે અને એ વિક્ષોભનાં આંદોલનોની સંખ્યા પર જ તે અવાજનું નીચા-ઊંચાપણું આધાર રાખે છે. કોઈ માંડ પર ગોઠવેલાં વાસણો નીચે પડે તો જાતજાતના ચિત્રવિચિત્ર અવાજ આવે છે, કર્કશ લાગે છે, કેમ કે એ જુદી જુદી આંદોલન સંખ્યા ધરાવતા તરંગોમાંથી જન્મેલો અવાજ છે - જેને આપણે ઘોંઘાટ કહીએ છીએ. પરંતુ બધાં વાસણ કે કોઈ એક વાસણને નીચે પાડતાં-ગબડાવતાં જે ધ્વનિ આપણને કર્કશ લાગે છે, ઘોંઘાટમય લાગે છે એ જ અવાજને જો નિયંત્રિત કરીએ અને જુદા જુદા આંદોલન-સંખ્યા ધરાવતા નાદને બદલે તેને નિયમિત કરીએ, નિયંત્રિત કરીએ અને ક્રમશઃ નિયમિત રીતે વધતા-ઘટતા નાદ જો નિષ્પન્ન કરીએ તો તે ધ્વનિ કર્કશ નહીં લાગે. વાસણ પર હળવા હાથે ટકોરા પાડો. એક ને એક વાસણ પર ટકોરા પાડો અથવા તો જુદા જુદા વાસણો પર ટકોરા પાડો તો એનો અવાજ કર્કશને બદલે કર્ણપ્રિય લાગશે અને ઘોંઘાટને બદલે તે સંગીતમય લાગશે.

કોઈ યંત્ર ચાલતું હોય અને નિયમિત એવી આંદોલનસંખ્યા ધરાવતા નાદના નિશ્ચિત એકમોનું આવર્તન એમાં હશે તો એ પણ કાનને કર્કશ અને ઘોંઘાટમય નહીં લાગે - દાખલા તરીકે ચાલતી ગાડીનું ભખછૂક, ભખછૂક... ને એની ઝડપ વધે, ઘટે, કોઈ પુલ પરથી પસાર થાય એવા એના જે અવાજ હોય છે તે નિયમિત અને નિયંત્રિત હોવાને કારણે ઘોંઘાટરૂપ નથી લાગતા. માથે પંખો ફરતો હોય, ફરરર એવો નિયમિત અને નિશ્ચિત આંદોલન ધરાવતાં ધ્વનિ-એકમોનું એમાં આવર્તન હશે તો એ કર્કશ નહીં લાગે.

આમ, સંગીત એટલે નિયંત્રિત અને નિયમિત બનાવેલા ધ્વનિના એકમો. કેટલાક સંગીતશાસ્ત્રમાં કહે છે : નાદ બે પ્રકારના છે, કર્કશ અને કર્ણપ્રિય અથવા તો અવાજ બે પ્રકારના છે, કર્કશ અને કર્ણપ્રિય. કર્કશ ધ્વનિમાંથી ઘોંઘાટ અને કર્ણપ્રિયમાંથી સંગીત જન્મે છે. આમ કહેવું તાત્ત્વિક રીતે ખોટું છે. અવાજ તો અવાજ છે. નાદ ધ્વનિનો નાનો એકમ છે. એ પોતે તો નથી કર્કશ કે નથી કર્ણપ્રિય. એ માત્ર નાદ છે. કર્કશ કે કર્ણપ્રિય તો એની અનિયંત્રિતતા કે નિયંત્રિત નિયમિતતાથી નિષ્પન્ન કરવાની, સિદ્ધ કરવાની વસ્તુ છે.

આ વાત ઉદાહરણથી સમજીએ.

કક્કામાં આપણી પાસે બાવન અક્ષરો છે. તેમાં સ્વર અને વ્યંજનો છે. ગમે તે અક્ષર સાથે ગમે તે બીજો અક્ષર કે બીજા અક્ષરો મેળવવાથી શું શબ્દ બને છે ? શબ્દને અર્થવાહક બનાવવા માટે અમુક અક્ષર સાથે બીજા અમુક અક્ષર કે અક્ષરો મેળવીને અર્થવાહકતા સિદ્ધ કરી શકીએ છીએ. 'કમલ'નો અર્થ છે, 'મકલ'નો કોઈ અર્થ નથી. પરંતુ 'મલક'નો પાછો અર્થ છે, પરંતુ 'લમક'માં કોઈ અર્થ નથી. આમ એક અક્ષર સાથે બીજા અક્ષરોને જોડી શબ્દ બને છે અને એ શબ્દોનું વાક્ય બને છે અને શબ્દકોશમાંથી શોધીને બે-પાંચ દશ-બાર શબ્દો મૂકવાથી કંઈ વાક્ય સિદ્ધ થતું નથી. આથી કંઈ એમ ન કહેવાય કે અક્ષર બે પ્રકારના છે, કેટલાક અર્થ આપે છે કેટલાક અર્થ નથી આપતા. અક્ષર તો અક્ષર છે. અર્થ આપવો ન આપવો એ તો તમે અક્ષરમાંથી શબ્દને અને શબ્દોના સમૂહોમાંથી નિશ્ચિત અર્થને નિષ્પન્ન કરી શકો છો કેમ, એ તમારા પોતાના જ અક્ષરના ઉપયોગની વાત છે. આ રીતે જ કોઈ ધ્વનિ, એના નાનામાં નાનો એકમ નાદ અને એમાંથી સિદ્ધ થતાં શ્રુતિ અને નિશ્ચિત સ્વરને તમે કર્કશ કહી ન શકો. શબ્દની કલામાં જેમ બાવન અક્ષરોમાંથી લાખો-કરોડો રચના થઈ, થાય છે, ભવિષ્યમાં પણ થતી રહેશે તેમ મુખ્ય સાત સ્વરો અને તેના પાંચ સ્વરોના કોમળ સ્વરો એમ માત્ર બાર સ્વરમાંથી લાખો-કરોડો રચનાઓ થઈ સંગીતની, કર્ણપ્રિય બની, એવી રચનાઓ થતી રહે છે અને ભવિષ્યમાં થતી રહેવાની છે.

માત્ર બાર સ્વરોમાંથી આટલી અનંત અસંખ્ય એવી કર્ણમધુર રાગોની, ગીતોની, મેલોડીની, સિમ્ફનીની રચનાઓ બને કેવી રીતે - એ શંકાનું સમાધાન થયું હશે. માત્ર બાવન કે થોડા ઓછા - વધુ અક્ષરો - સ્વરો અને વ્યંજનો જો વિશ્વની આટ-આટલી ભાષાઓ અને તેનાં સાહિત્યનું આટલું સંખ્યાતીત સતતવાહી સર્જન કરી શકે, તે જ કામ માત્ર ૧૨ સ્વરો રહે છે ! તમને થશે કે આટલી ઓછી સંખ્યા આટ-આટલા સ્વરમધુર જૂથો કેવી રીતે આવે ? તો એનો જવાબ છે 'પરમ્યુટેશન' અને કોમ્બિનેશન. તમે ૧ થી ૭ના સંખ્યાંકોને વિવિધ રીતે હજારોની સંખ્યામાં મૂકી શકો જેમ કે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ ને પછી ૨ થી શરૂ કરી ૧ અને વચ્ચેની એક સંખ્યા છોડી અવાંતર ક્રમે ૧, ૩, ૨, ૪, ૫, ૭, ૬; ૧-૪, ૨-૫, ૩-૭, ૪-૧, ૫-૭. કોઈ એક ધોરણ નક્કી કરો ક્રમનો અને પચ્ચીસ હજાર કોમ્બિનેશન ! ફરી સમજવા કક્કા - બારાક્ષરીનો દાખલો લઈએ. એમાંથી જગતની મોટા ભાગની ભાષાઓએ પોતાની ભાષામાં સાઠ-સિત્તેર હજાર જેટલા શબ્દો બનાવ્યા છે. ને એમાં એટલા જ નવા શબ્દો બનાવી શકવાની ક્ષમતા.

હા, ભાષાને એક મર્યાદા છે. એક ભાષાને એના ભાષકો ને બીજા કેટલાક તે ભાષા શીખનાર જાણી શકે છે. પરંત સંગીતની ભાષા તો માત્ર ૧૨ સ્વરની છે. એટલે જગત આખું એ જ સ્વરમાં ગાય છે. આથી તો ભલેને કોઈ અરબ્બીમાં ગાય

(અનુસંધાન પૃ. ૨૨ ઉપર)

स्थिर नदी, सरतां नीर

એક દિવસ જૅક સાથે

પ્રીતિ સેનગુપ્તા



મારી ઉત્તેજનાનાં કારણો ક્યાં ઓછાં હતાં ? બેજિન્ગની જાણકાર વ્યક્તિ સાથે હું મારા એ પ્રિય શહેરમાં ઘૂમી રહી હતી. સહેલાણીઓ ને મુલાકાતીઓ ક્યારેય જવા ન પામે, એવાં સ્થાન હું જોવાની હતી. ક્યાં ક્યાં જઈશું, એ મેં જૅક સાથે નક્કી નહોતું કર્યું. પણ સૌથી પહેલાં પીકિન્ગ મહાવિદ્યાલય જોવું હતું. એમાં પાંચથી છ હજાર વિદ્યાર્થી-સંખ્યા હતી. હજારેક જેટલા વિદેશી વિદ્યાર્થીઓ એમાં આવી જાય. ૧૮૭૮માં એની સ્થાપના થયેલી - પીકિન્ગ યુનિવર્સિટી તરીકે. એ પહેલાં એ જ સ્થાને 'અમેરિકન મિશનરી યુનિવર્સિટી' ચાલતી હતી. મેં જૅકને પૂછ્યું, 'દેશ-ગૌરવના ખ્યાલ સાથે સરકારે શહેરનું નામ 'પીકિન્ગ'માંથી બદલીને મૂળ નામ 'બેજિન્ગ' કર્યું, પણ યુનિવર્સિટીનું નામ કેમ એ પ્રમાણે બદલ્યું નહીં ?' તો એણે જવાબ આપેલો કે, 'એ જ રીતે આખી દુનિયામાં એ કેળવણી-સંસ્થા જાણીતી થયેલી છે, ને એ જ નામે એનું ગૌરવ પ્રસ્થાપિત થયેલું છે. તેથી જ એ નામ બદલ્યું નથી.'

નામ બદલે, કે એનું એ જ રાખે, એ સંસ્થાનું અસાધારણત્વ ઘટવાનું ન હતું. એના સુવિસ્તૃત પરિસરમાં પ્રવેશતાં જ મનમાં આનંદ પ્રસરી જાય એટલો સુંદર હતો એ પરિસર. જાણે કોઈ ઉદ્યાન જ જોઈ લો. વર્ષોજૂનાં, ઊંચાં ઊંચાં અતિબહુલ વૃક્ષો; ખુલ્લાં, લીલાં મેદાન; એક નાનું તળાવ, એને કાંઠે વળી એક પૅગોડા; તથા સાઈકલ ચલાવવા ને દોડવાની કસરત કરવાને માટેના, સર્વત્ર દેખાતા લઘુ-પથ. તો પછી અભ્યાસનું શું ? એવો પ્રશ્ન થઈ જાય ખરો. વિભિન્ન વિષયો માટેનાં મકાનો એકમેકથી છૂટાં જ બનાવાયેલાં. વૃક્ષોના ઝુંડમાં જલદી દેખાય પણ નહીં ! કમ્પ્યુટર માટેનું મકાન નવું બંધાયેલું, પણ એનું વિરચન પ્રથાગત હતું, ને ઉપર લાક્ષણિક ચીની છાપરું હતું. રશિયન સ્ટડીઝ અને સાહિત્યનો વિભાગ ખૂબ મોટો હતો. ઘણા ચીની વિદ્યાર્થીઓ એમાં દાખલ થતા હતા. એક રહસ્યમય દેશને બીજો રહસ્યમય દેશ આકર્ષે, એ સ્વાભાવિક જ ને !

ન્યૂયૉર્ક પાછી આવતી રહી પછી થોડા વખતે એક ચીની વિદ્વાનનો વાર્તાલાપ સાંભળવા મળ્યો હતો. એ પીકિન્ગ યુનિવર્સિટીમાં હિન્દી ભણાવતા હતા. એમણે હિન્દી-ચીની શબ્દકોશ અને મુહાવરા-સંગ્રહનું ઘણું મોટું કામ કર્યું હતું. એમણે મને કહેલું કે બંગાળી શિખવાડવાની પણ શરૂઆત થયેલી, પણ એમાં રસ લેનારા બહુ વિદ્યાર્થી નીકળ્યા નહીં, ને એ વિભાગ બંધ કરી દેવો પડ્યો. વાહ, કલ્પનામાં પણ આવો ખ્યાલ કર્યો નહોતો. નહીં તો જરૂર ગઈ હોત હિન્દી ડિપાર્ટમેન્ટને શોધતી.

હું પીકિન્ગ યુનિવર્સિટી પર ગઈ એ દિવસે રજા હતી. શનિવારે ત્યાં વર્ગો લેવાતા નથી. એથી જ તો એ લઘુપથો અને તળાવને કિનારે મૂકેલા બાંકડા ખાલી હતા. પણ વર્ગો ન હતા એટલે તો જૅક પાસે મારે માટે સમય હતો ! એક ચૉગાનમાં થોડા યુવાનો ફૂટબૉલ રમતા હતા. એની સામેનાં ત્રણ મોટાં, સાદાં, ઈંટનાં બનેલાં મકાનો છાત્રાલય હતાં. જૅક મને એના બિલ્ડિંગમાં લઈ ગઈ. ચાર દાદર ચડ્યા પછી એનો મજલો આવ્યો. રૂમ તો સાવ નાનો હતો. બહાર હારબંધ મૂકેલાં ટેબલો પર નાના સ્ટવ હતા. એ જ એમનું રસોઈ-ઘર ! થોડાં નાનાં રેફ્રિજરેટર પણ સાંકડે-માંકડે ત્યાં ગોઠવાયાં હતાં. બધાંને તો એનું ભાડું પણ ના પોસાય. જોકે જૅકના છાત્રાવાસમાં વિદેશી વિદ્યાર્થિનીઓ ઘણી હતી. દરેક રૂમ બે જણ માટે હતો. જૅકની સહ-સ્થાયિની જાપાની હતી. ચીન ભણવા આવ્યા પછી એણે ઈસ્લામ અપનાવેલો. એ મને નહોતી મળી, પણ પશ્ચિમ આફ્રિકાના દેશોમાંથી આવેલી ત્રણેક છોકરીઓ મળેલી. બધી ખુશખુશ, હસતી, ને વાતોનો પાર નહીં ! એ દરેક રૂમમાં નાની બારી હતી, પણ પંખો એક પણ નહીં. બેજિન્ગનો ઉનાળો ઘણો ગરમ અને ઘામવાળો હોય છે. કઠિન હતું એ વિદ્યાર્થીઓનું ત્યાંનું જીવન. કપડાં ધોવાનું મશિન પણ જેને પોસાય તેની પાસે જ હોય. નહીં તો એ પણ હાથથી કરવું પડે.

જૅક નસીબદાર હતી. ફિલિપાઈન્સના દૂતાવાસમાં એ ચીની ભાષા-વિષયક સહાય કરતી, ને એ રીતે બહુ અગત્યના સંપર્ક એણે સાધેલા. રવિવારે ચર્ચમાં બેજિન્ગની ફિલિપાઈન-

વસ્તી માટે એ બાઈબલ-પઠન પણ કરતી. અઠવાડિયે બે દિવસ ચીનીઓને અંગ્રેજી પણ એ શિખવાડતી. ઘણી વ્યસ્ત હતી જૅક બેજિન્ગમાં. એને તો ત્યાં જ રહેવું હતું. મોટી બહેનનો મોભો ધારણ કરીને મેં એને પૂછેલું, 'પરણવાનો વિચાર નથી તારો ?' એ બાબતે સહેજ વિમાસણ તો એને હતી જ. બુદ્ધિમાન અને સફળ એવી સ્ત્રીને યોગ્ય પાત્ર મળવું અઘરું હતું, તે જૅક જાણતી હતી. સેબુ ટાપુ પર ફિલિપ્પિન્સમાં રહેતા એના બંને ભાઈઓ પરિણીત હતા. એની નાની બહેન પરણવામાં હતી. 'પોતે કુટુંબનો દીકરો બની રહી છે.' એમ જૅક બોલી. દુનિયાભરમાં સ્ત્રીઓનાં જીવનના કૂટપ્રશ્નો લગભગ સરખા જ હોય છે.

યુનિવર્સિટીના હરિયાળા પરિસરમાં હર્યાંફર્યાં પછી બીજા દરવાજાની બહારથી બીજી એક એવી જ લાંબી, બે ભાગની હોય તેવી લાગતી બસ લીધી. એક જગ્યા દેખાતાં જૅકે મને બેસાડી દીધી ! એ ઊભી જ રહી. ખૂબ ભીડ હતી. દરેક સ્ટૉપની જાહેરાત કરાતી હતી - ચીની ભાષામાં જ સ્તો ! રસ્તા પરનાં બીજાં વાહન બસની બહુ નજીક આવી જાય તો એમને ચેતવતી જાહેરાતો પણ બહારની તરફ થતી હતી. એ વળી નવું ! કેટલીક કૉલેજો ને ડેન્ટલ હૉસ્પિટલને પસાર થતી જોઈ. પછી અમે વેઈ ગુન્ગ ત્સુન નામના મહોલ્લા પાસે ઊતરી ગયાં. ચીની મુસ્લિમોનો એ લત્તો હતો. જૅકે મને જણાવ્યું કે મુસ્લિમની વસ્તી ચીનમાં દસ ટકા જેટલી હશે. સારી એવી સંખ્યા થઈ કહેવાય. બેજિન્ગનાં બજારોમાં અરબીમાં લખાયેલાં પાટિયાં મેં જોયા હતાં ખરાં. છતાં એ લત્તામાં દેખાતાં લોકો શહેરમાં મારી નજરે ક્યારેય ચડ્યાં નહોતાં.

જુદી જ મુખાકૃતિ હતી એ લત્તાના લોકોની. બહુ જ અરબી અણસાર દેખાય. આંખો બીજાં ચીનીઓ કરતાં મોટી; મોઢાં મને બહુ જ 'પરિચિત' લાગે; અને શરીરનું બંધારણ પણ ચીની પ્રજા કરતાં જુદું જ. ચીનના અતિ-દૂરના ઉત્તર પ્રદેશોમાંથી એ બધાં ધનોપાર્જનની આશાએ મહાનગર બેજિન્ગમાં આવેલાં, ને પછી પોતાનો અલાયદો મહોલ્લો બનાવીને શહેરને એક ખૂણે, બધાં સાથે જ રહેતાં હતાં. અમે નાની એક ગલીમાં ગયાં. વચ્ચે વચ્ચે કાદવિયું હતું. નાની હાટડીઓમાં ફળ, શાક ને સસ્તી નકામી ચીજો વેચાતાં હતાં. બીજી તરફ ખાવાની નાની દુકાનોની હાર હતી. ઊંચી કિનારીવાળી ગોળ, ચપટી, આપણા રોટલા જેવી દેખાતી બ્રેડ ત્યાં બધે મળતી હતી. મને તો એની પણ સુખદ નવાઈ લાગેલી ! બધા દુકાનદારો હાથ લાંબા કરી કરી અમને અંદર બોલાવતા હતા. અમે એક ધાબામાં જઈને બેઠાં. તેમાંની એક સ્ત્રી જોરજોરથી બોલતી હતી. ઘાંટા જ પાડતી હતી. પુરુષ જવાબ પણ એ જ રીતે આપતો હતો. મારાથી એ ઘોંઘાટ સહન ના થયો. અમે અંદરના ઓરડામાં ગયાં. જોકે બહુ ફેર ના પડ્યો ! જૅકે શાકાહારી ચીજોનો ઑર્ડર આપ્યો. તાજું બનાવાયેલું ખાવાનું આવ્યું ત્યારે એ ખૂબ સ્વાદિષ્ટ હતું. ચીની નૂડલ્સ હતાં, અને ડુંગળી, લસણ, ટામેટાં, બટાકાનું ભેગું 'શાક' હતું. પેલી તાજી ગોળ 'નાન' પણ બહુ સરસ હતી. સસ્તું પણ ઘણું જ હતું. મને તો ખાવાની ખરેખર મઝા પડી ગઈ, ઘણા દિવસે સરસ સ્વાદ અને મસાલાવાળો આહાર મળ્યો. શૉખથી ખૂબ જમી. 'હું શાકાહારી છું,' એ કઈ રીતે કહેવું તે પણ ત્યાં બેઠાં બેઠાં જૅક પાસેથી લખાવી લીધું. એ વાક્યનું ચીની રૂપાંતર છે : વૉ શ(ર) ત્શ સુ દ.' જલદી યાદ નહીં રહેવાનું. ઉપરાંત, અંગ્રેજી અક્ષરો વાપરીને લખવા જતાં એનું સ્વરૂપ પાછું સાવ જુદું જ લાગે છે !

પરિતૃપ્ત થઈને અમે નિરાંતે ટહેલતાં હતાં. વાતવાતમાં મેં જૅકને કહ્યું કે મારે વાળ કપાવવાની જરૂર હતી. એ ઉલ્લેખ, સંજોગોવશાત્, બરાબર સમયસર જ થયો હતો. જૅક તરત બોલી કે ફ્રેન્ડશિપ હોટેલમાં બહુ સસ્તામાં અને બહુ સારી રીતે વાળ કાપીએ છીએ. એ હોટેલ પાછી હતી પણ પાંચ જ મિનિટ દૂર ! જોકે રસ્તામાંની દુકાનોમાં ડોકિયાં કર્યા વગર પણ ના જ ચાલેને. એકમાં સુંદર ચીની મોતીની સેરો જોઈ. કિંમત તો મનાય નહીં તેટલી ઓછી. છતાં બહુ લોભ ના કર્યો, ને એક જ ખરીદી. ચાની કિટલીઓ પર પણ મારું ધ્યાન પડતું જ. એ પણ બહુ ગમે. બીજી એક દુકાનમાંથી નાની કિટલી, ને સાવ નાના, ફક્ત ચીની (કે જાપાની) ચા પીવાના જ કામમાં આવે એવા કપનો સેટ ખરીદ્યો.

ફ્રેન્ડશિપ હોટેલનો આખો પરિસર ભારે નવાઈ ભરેલો હતો. એક તો ખૂબ મોટો. એમાં ગૉલ્ફ અને ટેનિસ રમવાની જગ્યા, એક સ્વિમિંગ પુલ; વિદેશીઓને ભાડું આપીને રહેવા માટેનાં બહુમાળી મકાનો, તથા હોટેલ. જાણે જુદું જ એક ગામ. ચીની પ્રજાજનોને એ હોટેલમાં રહેવાની મનાઈ હતી. એની અંદર પણ કેટલીયે દુકાનો. પાછલી બાજુ પર વાળ કાપનારાંની દુકાન હતી. મુખ્ય દરવાજે જ દરવાને જૅકને રોકી - એને ચીની સમજીને. ચીની મનાવાને લીધે ક્યારેક જૅકને ફાયદા થતા હતા, પણ ક્યારેક હેરાનગતી પણ થતી હતી. ભારતીય દેખાવના થોડા ફાયદા, ને ઘણી હેરાનગતી હું જિંદગીભર ભોગવતી જ આવી છું ને.

વાળ કાપવાનો વારો એક યુવકનો હતો. એણે અરીસાની સામે મને બેસાડી. વાળ ધોવા માટેનો સાબુ નાખી એણે થોડું માલિશ કર્યું. એક ટીપું નીચે પણ ના પડે, કે ઊડે પણ નહીં. પછી સામે જ ખૂલતા બેઝિનમાં કાળજીથી, સરસ રીતે એણે વાળ ધોયા. જ્યારે કાંસકાથી ઓળ્યા ત્યારે એમાં જરા પણ ગૂંચ ન હતી. છેલ્લે એણે એમાં કાતર મારી, ને મેં કહ્યું હતું એટલા કાપ્યા. આવા જ હલકે હાથે, અપૂર્વ કુશળતાથી મલેશિયામાં પણ બે-ત્રણ વાર કપાવવાનો આનંદ મેળવેલો. તેમ છતાં ચીનમાંનો એ અનુભવ તો વિરલ જ ગણવાનો ને, કારણ કે ફરી ફરી ચીન કાંઈ જવાવાનું ? □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બે સુખદ અનુભવો

તા. ૨-૨-૮૫ : મુંબઈથી અમદાવાદની વહેલી સવારની ફ્લાઈટ માટે ચેક ઇન કરવા હું લાઈનમાં ઊભો હતો ત્યારે બાજુમાં, પણ લાઈનની બહાર, બે જણ હાથલારીમાં સામાન લાદીને ઊભા હતા. સ્પષ્ટ હતું કે એર ઇન્ડિયામાંથી ઊતરીને થાક્યાપાક્યા અમદાવાદ જવા માટે ઊભા હતા. તેમણે અંદરો-અંદર વાત કરી કે આમ ઊભા રહીશું તો આરો નહિ આવે. લારી લઈને લાઈનમાં દાખલ થઈ જઈએ. એમ કહીને એમાંનો એક મારી આગળ લાઈનમાં આવ્યો. મારી પાછળનાઓએ તેને ટપાર્યો કે વચ્ચે કેમ ઘૂસો છો? પેલો લારીવાળો તો ગુસ્સે થઈ ગયો. Do not lecture me on que – લાઈન વિશે મને ભાષણ ન આપો. બોલાચાલી વધી પડશે એમ મને લાગ્યું એ • મેં કહ્યું : આ ભાઈ લાંબી મુસાફરી કરીને આવે છે એટલે આપ :। એની માનસિક સ્થિતિ સમજવી જોઈએ. અને વાત ત્યાં અટકી ગઈ. થોડી વારે તે લારીવાળાભાઈએ મને કહ્યું : Thank you for understanding me!

પછી તો અમે છૂટા પડી ગયા. વિમાનમાં મારી બેઠક ૧૭ડી હતી અને ૧૭સી પર એ લારીવાળા જ ભાઈ હતા. તેમણે મને ધીરે રહીને પૂછ્યું - આપ પી. સી. વૈદ્ય તો નહિ? તે ૧૯૫૫માં ગુજરાત કૉલેજમાં ઇન્ટર સાયન્સમાં હતો અને મારા વર્ગમાં ભણ્યો હતો!

ખાડિલકર સિસ્ટર્સના નામથી જાણીતી ત્રણ બહેનો ભારતની મશહૂર ચેસ શતરંજ ખેલાડી છે. વાસંતી, રોહિણી અને જયશ્રી એ ત્રણે બહેનો એપ્રિલમાં જન્મી છે. વાસંતી ૧૯૬૧, રોહિણી ૧૯૬૨, જયશ્રી ૧૯૬૩માં અને તેમાં વાસંતી અને રોહિણી તો ૧લી એપ્રિલને દિવસે જન્મી છે. આ ત્રણે બહેનો એક પછી એક પોતાના ૧૩મા વર્ષમાં ભારતની ચેસમાં રાષ્ટ્રિય ચૅમ્પિયન થઈ! આ બહેનો વિશે એરોપ્લેનમાં બેઠાં બેઠાં એક સામયિકમાં મેં વાંચ્યું તે બીજો સુખદ અનુભવ.

શરૂઆત ૧૯૭૨થી થઈ. બોબી ફિશર અને બોરીસ સ્પાસ્કી વચ્ચે આંતરરાષ્ટ્રિય ચેસ-સ્પર્ધાના સમાચાર આવતા હતા. ત્યારે બહુ ઓછાનું ધ્યાન એ વાત પર ગયું કે ફિશર તો ૨૦ વર્ષથી પણ નાની ઉંમરનો હતો. પણ નીલકંઠ ખાડિલકરના ધ્યાન ઉપર તે વાત આવી. તે પોતે શેતરંજનો અચ્છો ખેલાડી છે. તેણે પોતાની ત્રણે દીકરીઓને ચેસ શિખવવાનું નક્કી કર્યું. પાંચ વરસ સુધી રોજ પાંચ-સાત કલાકની તાલીમનું પરિણામ ૧૯૭૭માં આવ્યું.

૧૯૭૭માં ચેસની રાષ્ટ્રિય B રમતો (નાની ઉંમરનાં માટેની)ના પહેલા દસ રાઉન્ડ રોહિણી રમી અને ૧૮૮ ખેલાડીઓમાંથી પહેલા પાંચમાં તે આવી. નિયમ મુજબ 'બી' રમતના પહેલાં પાંચ ખેલાડી સીનિઅર એ રમતમાં ભાગ લઈ શકે, પણ 'બી'ના પહેલા પાંચમાં છોકરી આવે તેવું બન્યું જ નહોતું. એ રમત તો પુરુષો માટે જ છે તેથી રોહિણી તેમાં રમી ન શકે તેવું નક્કી થયું! પણ નીલકંઠ ખાડિલકર એમ ગાંજ્યો જાય તેમ ન હતો. તેણે તો કહ્યું કે મામલો કોર્ટમાં લઈ જઈશ. અને છેવટે રોહિણીને એ ટૂર્નમેન્ટમાં રમવા દેવી પડી!

પછી તો આ બહેનો એક પછી એક શિખર સર કરતી ગઈ. અને અત્યારે દરેક બહેન આંતરરાષ્ટ્રિય મહિલા-ચેસ માસ્ટર તરીકે સ્વીકારાઈ છે. ૧૯૭૮માં બુએનોસ એરિસમાં, ૧૯૮૦ની માલ્ટામાં અને ૧૯૮૮ની સ્વિટ્ઝર્લૅન્ડમાં રમાયેલી આંતરરાષ્ટ્રિય મહિલા-ચેમ્પિયનશિપમાં આ ત્રણે બહેનોની બનેલી ટીમે ભારતીય ટીમ તરીકે ભાગ લીધો હતો.

લેખમાં છેલ્લે લખ્યું છે કે આ ત્રણ બહેનો જો અમેરિકન હોત તો તો ત્યાંનાં સામયિકોએ આ બહેનોના અને તેમનાં માતપિતાના કેટલીયે વાર ઇન્ટર્વ્યૂ લીધા હોત અને છાપ્યા હોત! લેખકની આ વાત સાચી તો છે જ...

શાન્તિનિકેતન – એક વિશિષ્ટ પાસું

તા. ૧-૩-૮૫ : ભારતને ફાળે આવેલાં બે નોબેલ પારિતોષિકોમાંનું એક રવીન્દ્રનાથ ટાગોરને મળ્યું અને બંગાળી સંસ્કૃતિના પ્રતીક તરીકે આપણે રવીન્દ્રનાથને જાણીએ છીએ. બીજું વિજ્ઞાનનું પારિતોષિક સી.વી. રામનને મળ્યું. રામન દક્ષિણ ભારતના પણ નોબેલ ઇનામને લાયક ઠરેલું તેમનું સંશોધન તેમણે કલકત્તાની વિજ્ઞાન-સંસ્થાની પ્રયોગશાળામાં કરેલું. સાહિત્ય, કળા, વિજ્ઞાન જેવા કોઈ પણ ક્ષેત્રમાં ભારતના ઉત્તમ કોટિના ૧૦ વિદ્વાનોનાં નામ ગણવા બેસો તો તેમાં ચાર, પાંચ બંગાળી નામ આવે જ. આવી છે બંગાળની સાંસ્કૃતિક પરંપરા.

આવી બધી માનસિક પૂર્વતૈયારી સાથે અમે વર્ધમાન અને શાન્તિનિકેતન જવા નીકળ્યાં ત્યાં અનુભવે આ માન્યતાને પુષ્ટિ જરૂર મળી પણ સાથેસાથે બંગાળી સમાજની એક જુદી જ બાજુ પર ધ્યાન ગયું.

રવીન્દ્રનાથે સ્થાપેલ વિશ્વભારતી સંસ્થાને હવે ભારત સરકારે પાર્લામેન્ટના ઠરાવ મુજબ યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે. વિશ્વભારતી યુનિવર્સિટીમાં ૩૦૦૦ વિદ્યાર્થીઓ, ૪૫૦ શિક્ષકો અને ૧૫૦૦ બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓ છે. આમ,

૬૬ વિદ્યાર્થીઓએ એક શિક્ષક છે પણ ૨ વિદ્યાર્થીએ એક કારકુન-પટાવાળો છે!

શાન્તિનિકેતનના ૩૦૦૦ વિદ્યાર્થીમાંથી ૧૨૦૦ જેટલા વિદ્યાર્થી તો શાળામાં છે. આ શાળા ગુરુદેવે સ્થાપેલ પ્રણાલિ પ્રમાણે ચાલે છે અને ત્યાં હજુ સુધી ધોરણો સચવાઈ રહ્યાં છે. બાકીના ૧૮૦૦ વિદ્યાર્થીઓ સ્નાતક-અનુસ્નાતક અને સંશોધન કક્ષાના છે અને આ ૧૮૦૦ વિદ્યાર્થીઓ, સંગીતભવન, કળાભવન, ભાષા-સાહિત્ય, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ગણિત, ભૂગોળ, ફિઝિક્સ, કેમિસ્ટ્રિ, બોટની, ઝુઓલોજિ એમ ૧૫ જેટલી વિદ્યાશાખાઓ વચ્ચે વહેંચાયેલા છે. પણ કોઈ પણ એક વિષયમાં વિદ્યાર્થીસંખ્યા ઘણી ઓછી. કેન્દ્રીય યુનિવર્સિટી હોવાને કારણે નાણાંની જરાયે મુશ્કેલી નહિ. ઊલટું ઘણી છત! આમ, ગુરુદેવે કલ્પેલી પરિસ્થિતિ પ્રમાણે ઉચ્ચતમ શિક્ષણ ગોઠવવાની સઘળી સુવિધાઓ ભૌતિક રીતે તો હાજર છે અને ઘણા વિભાગોમાં તેનો ઘણો સદુપયોગ થયો છે. પરંતુ આ બધામાં પેલા બે વિદ્યાર્થીએ એક કારકુન-પટાવાળાની પરિસ્થિતિ ઘણી બાધા ઉત્પન્ન કરે છે અને અહીં બંગાળના સામાજિક જીવનનું એક જુદું જ પાસું નજરે ચઢે છે.

૩૦૦૦ વિદ્યાર્થીઓની સંસ્થામાં ૧૫૦૦નો વહીવટી સ્ટાફ, તેમનાં ટ્રેડ-યુનિયન અને રાજકારણ. આજે વહીવટ ઉપર શિક્ષકગણનો કોઈ કાબૂ નથી. કળાભવનના ડીન પ્રો. સુબ્રહ્મણ્યમ્ ગ્રાફિક આર્ટના વિશ્વવિખ્યાત નિષ્ણાત છે. ૩૦ વર્ષ સુધી તે વડોદરાની ફૅકલ્ટી ઑફ ફાઈન આર્ટમાં હતા. ૧૯૮૦થી તે શાન્તિનિકેતન (પોતાની માતૃસંસ્થા)માં પાછા આવ્યા છે. તેમના ભવનમાં જે ભાઈ ટાઈપિસ્ટ તરીકે કામ કરે છે તેને ટાઈપ કરતાં જ નથી આવડતું! યુનિવર્સિટીના કુલ ૫૦ જેટલા ટાઈપિસ્ટોમાંથી દસ જેટલા એવા 'ટાઈપિસ્ટ' છે જેમને ટાઈપિંગ બિલકુલ આવડતું નથી. જૂનિઅર કલાર્ક કરતાં ટાઈપિસ્ટને વધારે પગાર મળે. ટાઈપિસ્ટની જગ્યા ખાલી પડે એટલે જૂનિઅર કલાર્કમાં જે સૌથી સીનિઅર હોય તે પ્રમોશનની માગણી કરે. પણ તેને ટાઈપિંગ નથી આવડતું તેનું શું? તે તો શીખી લેશે. તેને પ્રમોશન ન મળે તો હડતાળ, ઘેરાવ, બંધ ચાલુ અને યુનિવર્સિટીનું કામકાજ ઠપ. અને પ્રમોશન મળ્યા પછી ટાઈપિંગ કોણ શીખે, ભગોભાઈ? આખા વહીવટી તંત્રમાં આ સડો પેઠો છે અને વહીવટની કાર્યક્ષમતા તળિયે જઈને બેઠી છે.

આવી પરિસ્થિતિ બંગાળમાં બધાં જ ક્ષેત્રમાં દેખાય છે. ત્રીજા અને ચોથા વર્ગ (નોન ઑફિસર વર્ગ)નું વહીવટી એકમ ખૂબ વિશાળ અને તેમાં કામ કરનાર કર્મચારીનું આળસનું પ્રમાણ પણ એટલું જ વિશાળ અને તેથી કાર્યક્ષમતાનું પ્રમાણ બહુ જ ઓછું. આ પરિસ્થિતિનાં મૂળ બંગાળની જમીનદારી પદ્ધતિમાં છે. રવીન્દ્રનાથ ઠાકુર હતા, જમીનદાર હતા. આજના પ્રોફેસરો, કવિઓ, કળાકારો, સાહિત્યકારો વગેરે બધા જ મહદંશે જમીનદારોના વર્ગમાંથી આવે છે. જમીનદારોનો વહીવટ કરનારો એક ખાસ મધ્યમ વર્ગ હતો જેમાંથી આજના ત્રીજા-ચોથા વર્ગના કર્મચારીઓ આવે છે અને જેની ઉપર વહીવટ કરતા તે રૈયત આજે પણ રૈયત છે! બંગાળની સાંસ્કૃતિક પરંપરા આ ઉપલા સ્તરમાંથી આવેલાઓએ જેમ સાચવી રાખી છે તેમ જમીનદારીની બિનકાર્યક્ષમ વહીવટ(જેને કારણે અંગ્રેજો પોતાનો પગદંડો બંગાળમાં સૌથી પહેલાં જમાવી શક્યા!)ની પ્રણાલિ ત્યાંના મધ્યમવર્ગે સાચવી રાખી છે અને તેથી ત્યાં 'રૈયત' આજે પણ પાણી અને લીલોતરી ભરેલા આ પ્રદેશમાં એવી ને એવી ગરીબ રહી છે.

શાન્તિનિકેતનની વાત પર પાછા આવીએ તો ત્યાંના ૪૫૦ શિક્ષકોમાંથી હજુ સુધી મોટી બહુમતીમાં શિક્ષકો તરીકે વિદ્વાન અને શિક્ષણ પ્રેમી વ્યક્તિઓ છે અને તેથી જ વિશ્વભારતી શિક્ષણ-સંસ્થા તરીકે પોતાનું વ્યક્તિત્વ સાચવી શકી છે.

આઠ ઈન્ચનો No

તા. ૨૪-૨-૮૫ : કલકત્તામાં આજે ત્રીજો દિવસ છે. આવતી કાલે સવારે બર્ડવાન જવું છે. આપણા વડોદરાનું અંગ્રેજોએ બરોડા કર્યું તેમ અહીં વર્ધમાનનું બર્ડવાન થયું. કલકત્તાથી શાન્તિનિકેતન જતાં અડધે રસ્તે વર્ધમાન જંકશન આવે. ત્યાં એક યુનિવર્સિટી છે અને ત્યાં ફિઝિક્સના પ્રોફેસર રિલેટિવિટીવાળા છે અને તેથી મને ખાસ આમંત્રણથી બોલાવ્યો છે. એટલે આવતી કાલે વર્ધમાન જઈશું. ત્યાં યુનિવર્સિટીના ગેસ્ટ તરીકે રહીશું. હું એક ભાષણ આપીશ એટલે દક્ષિણાના ૧૦૦/- રૂપિયા મળશે. ત્યાં રાત રોકાઈ મંગળવારે સવારે શાન્તિનિકેતન જઈશું. ત્યાં પણ યુનિવર્સિટીના ગેસ્ટ તરીકે રહીશું. ત્યાં પણ એક ભાષણ આપીશ. દક્ષિણા મળશે કે નહિ તેની કાંઈ વાત નથી થઈ. ત્યાં પણ રાત રોકાઈ બુધવારે ૧૨-૦૦ વાગે કલકત્તા પાછા. એક જમાનામાં બ્રાહ્મણો ઘેરઘેરથી સીધું ઉઘરાવતા તેમ આજે અમે નવા જમાનાના બ્રાહ્મણો (વિજ્ઞાનિઓ) યુનિવર્સિટી-યુનિવર્સિટીથી મહેમાનગતિ ઉઘરાવીએ છીએ !


ભારતની શિક્ષણ વ્યવસ્થા ઉપર ઘણી ટીકા અને કટાક્ષ થાય છે. પણ અહીંના છાપામાં એક કટાક્ષ વાંચ્યો તે તો કદાચ પહેલું ઇનામ લઈ જાય. સંજય ગાંધીને તાલીમ રાજકારણની મળી હતી. પણ તે પાઈલોટ થવા ગયા અને એરોપ્લેન ઉડાડતાં અકસ્માતમાં માર્યા ગયા. રાજીવ ગાંધીને શિક્ષણ પાઈલોટનું મળ્યું હતું પણ તે સફળ રાજકારણમાં થશે તેવું લાગે છે! શિક્ષણ એક ક્ષેત્રમાં અને નિષ્ફળતા કે સફળતા બીજા જ ક્ષેત્રમાં!!

(અનુસંધાન પૃ. ૩૬ ઉપર)

ઇતિહાસધારા

— અશોક હર્ષ —

ઈ. ૧૯૪૦ના માર્ચની ૧૩મીનો એ દિવસ પંજાબના માજી લેફ. ગવર્નર સર માઈક ઑ'ડ્વાયરે લંડનના કેક્સટન હૉલમાં પોતાનું પ્રવચન પૂરું કરતાંની સાથે એક ભારતીય જુવાન તેની સમક્ષ પહોંચ્યો. ૩૭ વર્ષના એ જુવાન ઉધમસિંગે તેની જરીપુરાણી રિવૉલ્વર વડે તેને ત્યાં જ ઢાળી દીધો, ઉપરાંત બીજા બે જણને ઘાયલ કર્યા. તેને ત્યાં જ પકડી લેવામાં આવ્યો અને કેસ ચલાવી ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો. જેમની સમક્ષ કેસ ચાલેલો એ જસ્ટિસ ઍટકિન્સને અખબારોને ખાસ સૂચના કરેલી કે અપરાધીએ પોતાના બચાવમાં કરેલું નિવેદન કોઈ અખબારે પ્રસિદ્ધ કરવું નહિ.



ઉધમસિંગ



સર માઈક ઑ'ડ્વાયર →

આ ઘટનાનાં ૫૬ વર્ષ બાદ છેવટે બ્રિટનના ગૃહખાતા તરફથી ઉધમસિંગની સહી સાથેનું તેનું નિવેદન તથા કેટલીક નોંધો ભારતને પ્રાપ્ત થયેલ છે. ઈ. ૧૯૪૦ના માર્ચની ૧૮મીએ ન્યાયાધીશે મોતની સજા ફરમાવતાં ઉધમસિંગ આરોપીનું પાંજરું ધમધમાવતો ગરજી ઊઠેલો : 'મોતની મને કંઈ પડી નથી, કેમ કે હું એક ઉદ્દેશ ખાતર મરું છું, અને આશા રાખું છું કે મારી વિદાય પછી મારા હજારો દેશબંધુઓ આગળ આવીને તમો ગંદા કૂતરાઓને હાંકી કાઢી મારા દેશને આઝાદ કરશો.'

પંજાબમાં અમૃતસર મુકામેના જલિયાનવાલા બાગની ભારતીયોની કત્લેઆમનો ઉધમસિંગ નજરોનજરનો સાક્ષી હતો. તા. ૧૩મી એપ્રિલ ૧૯૧૯ના રોજ જનરલ રેજિનાલ્ડ ડાયરે જલિયાનવાલા બાગમાં ઉપસ્થિત ૨૫૦૦૦ જેટલાં ભારતીય સ્ત્રીપુરુષબાળકો પર ગોળી છોડવાનો હુકમ આપી દીધો, કેમકે લેફ. ગવર્નર ઑ'ડ્વાયરે ત્યાં સભા ભરવાની મનાઈ ફરમાવેલી. ઉધમસિંગની ઉંમર ત્યારે ૧૬ વર્ષની હતી અને જનરલ ડાયરને એણે ભારતીયોને ચાર પગે ચાલવાની ફરજ પાડતો પણ જોયેલો. રતનદેવી નામની મહિલાને તેના પતિની લાશ શોધવામાં મદદ કરવા જતાં તેને પણ જમણા હાથે ગોળી વાગેલી.

ઉધમસિંગે એ જ ઘડીએ આ કત્લેઆમનો બદલો લેવાનું નક્કી કર્યું. તે વખતનું ક્રાન્તિકારી સાહિત્ય તે વાંચતો ગયો તેમ તેમ તેનું લોહી વધુ ઊકળતું ગયું. તેણે પોતાનું નામ બદલીને રામ મોહમ્મદ સિંગ આઝાદ રાખ્યું. ઈ. ૧૯૩૨માં અમેરિકા પહોંચી પોતાના પ્રમુખપદ નીચે આઝાદ પાર્ટીની સ્થાપના કરી. ભારત પાછા ફરતાં જ તેની ધરપકડ કરી જેલમાં ગોંધી દેવામાં આવ્યો.

ત્રણ વર્ષ બાદ મુક્ત થતાં તેણે બ્રિટનની વાટ પકડી. ત્યાં માજી લૅફ. ગવર્નરનો પત્તો મેળવી એ તેને ત્યાં જ સંદેશવાહક તેમજ શૉફર તરીકે રહી ગયો. કૅક્સટન હૉલમાં તેને પ્રવેશવાની અને ઑ'ડ્વાયર સુધી પહોંચવાની સુવિધાનું એ જ કારણ હતું. તેના ખૂન બાદ ઉધમસિંગ સામે ચાલેલા ખટલામાં તેના વકીલ તરીકે એ વખતે લંડનમાં વસતા કૃષ્ણ મેનન ઊભા રહેલા. ખટલાના અંતે તા. ૩૧મી જુલાઈ ૧૯૪૦ના રોજ ઉધમસિંગને ફાંસીની સજા સંભળાવવામાં આવી.

ઉધમસિંગના માટે એકેએક પંજાબીને અનહદ માન છે. પંજાબના પ્રમુખપદે આવેલા ઝૈલસિંગ ૧૯૭૪માં તેની ભસ્મ બ્રિટનથી પંજાબ લઈ આવ્યા, અને યોગ્ય વિધિ સાથે ફતેહગઢસાહેબમાં તે રોઝા શરીફ મુકામે દફનાવવામાં આવી.

*

ઔરંગઝેબના કટ્ટર દુશ્મન મરાઠા વીર શિવાજી પર ખુદ એની શાહજાદી ઝેબુન્નિસા મુગ્ધ બનેલી. પોર્ટુગીઝ અને મુગલ સૈન્યના છક્કા છોડાવી દેનાર શિવાજીના શૌર્ય પર જ નહિ પણ તેની અંગત નીતિમત્તા પર પણ તે મુગ્ધ હતી - ખાસ તો કલ્યાણના સૂબેદારની પુત્રવધૂની તેને ભેટ ધરવામાં આવતાં તેણે યોગ્ય માન અને રક્ષણ સાથે પાછી મોકલી દીધાની હકીકત સાંભળીને.

મિર્ઝા રાજા જયસિંહના આગ્રહથી શિવાજીએ મુગલ દરબારની મુલાકાત લીધેલી ત્યારે પડદા પાછળથી તેને જોવાની

ઔરંગઝેબે ઝનાનાને રજા આપતાં ઝેબુન્નિસાએ પણ શંભાજી સાથે દરબારમાં પ્રવેશેલા શિવાજીને નજરોનજર જોયા અને તરત તે પર એક શેર રચી કાઢ્યો. તે એક સિદ્ધહસ્ત ક્વયિત્રી હતી અને 'મખફી'ના ઉપનામે કાવ્યરચના કરતી, જે માત્ર તેની નાની બહેન ઝીનતુન્નિસા જ જાણતી.

દરબારમાં આવેલા શિવાજીએ પોતાને આપેલું વચન ઔરંગઝેબે ન પાળવા બદલ ઠપકો આપતાં તરત ઓરંગઝેબે દરબાર બરખાસ્ત કરી શિવાજી-શંભાજીને કેદ કરી દીધા. પરંતુ રાજા જયસિંહ, શાહજાદી ઝેબુન્નિસા તથા શાહજાદા અકબરની દરમિયાનગીરીથી તેમને જીવતા છોડ્યા.

ઝેબુન્નિસા આજીવન અપરિણીત હતી. ઔરંગઝેબની બહેન જહાંઆરાએ વિકસાવેલ તીસ હજારી (જ્યાં આજે તીસ હજારી અદાલતો ઊભી છે) ઝેબુન્નિસાને એક જાગીર તરીકે આપેલી, જ્યાં ઝેબુન્નિસાએ પોતાનું અંગત પુસ્તકાલય ઊભું કરેલું. ઉર્દૂ અને ફારસીમાં એ કવિતા લખતી અને અનેક કવિઓને પ્રોત્સાહન આપતી. શાહી મહેલમાં રહેતી વખતની પોતાની સઘળી કાવ્યરચનાઓ તેણે ઔરંગઝેબના ભયે નાશ કરી નાખેલી, પણ તીસ હજારીમાં તેણે લખેલી કવિતાઓનો પત્તો લગાવવામાં આવે તો તેમાંથી ઘણુંબધું જાણવાનું મળે. □


ઝેબુન્નિસા

અનુસંધાન] **અભ્યાસ-ખંડ** [પૃ. ૧૦થી

પ્રમાણે કરી શકાય.

અભ્યાસ-ખંડના સુશોભનમાં શાંત તથા સફેદ જેવા રંગોનો ઉપયોગ ઇચ્છનીય છે. વળી તેવા રંગો તથા રાચરચીલાંની સમગ્ર રચનામાં કોઈ પણ પ્રકારનો વિરોધાભાસ ન હોવો જોઈએ. અભ્યાસ-ખંડમાં કુદરતી પ્રકાશ સમાન ધોરણે ફેલાયેલો હોય; પણ કૃત્રિમ પ્રકાશ માટે કેન્દ્રિત તેમજ સામાન્ય એવી બે અલગ અલગ વ્યવસ્થા હોવી જોઈએ. સામાન્ય રીતે અભ્યાસના ટેબલ પર રખાતા આવા કેન્દ્રિત પ્રકાશસ્રોતની ગોઠવણ વખતે તે ધ્યાન રાખવું જરૂરી બને છે કે તે કેન્દ્રિત પ્રકાશ સીધો આંખમાં ન આવે. અભ્યાસખંડમાં કૃત્રિમ પ્રકાશ તથા કુદરતી પ્રકાશની રચનામાં પડછાયો ક્યાં પડશે તે જાણી લેવું તથા તે ઇચ્છનીય ન હોય તો પ્રકાશસ્રોતના સ્થાનમાં ફેરફાર કરવો જરૂરી છે. વળી, અભ્યાસ-ખંડમાં કમ્પ્યૂટર હોય તો તેના મૉનિટર પર ગ્લૅર ન પડે તેની કાળજી પણ રાખવી પડે.

વિશ્વમાં બુદ્ધિમત્તા કરતાં માહિતીનું મહત્ત્વ જે રીતે વધતું જાય છે તે જોતાં એમ લાગે છે કે ભવિષ્યમાં અભ્યાસખંડ આવાસનો સૌથી મહત્ત્વનો ઓરડો બની રહેશે. આ અભ્યાસખંડમાં કમ્પ્યૂટરનો પ્રવેશ થશે અને તે કમ્પ્યૂટર વિશ્વ સાથે સંકળાયેલું હશે. પછી તો ત્યાંથી જ વ્યક્તિ વ્યવસાયનું સંચાલન કરશે અને બાળકો પણ ત્યાં જ કમ્પ્યૂટર દ્વારા શિક્ષણ લેશે. કમ્પ્યૂટર વડે તે બારોબાર જુદી જુદી દુકાનોમાં ઑર્ડર પણ આપી શકાશે અને જન્મદિન જેવી શુભેચ્છાઓ પણ ઘેર બેઠાં આપી શકાશે. અભ્યાસ-ખંડ માત્ર અભ્યાસ-ખંડ ન રહેતાં કમ્પ્યૂટર વડે સમગ્ર વિશ્વ સાથે સંબંધ સ્થાપિત કરતો ઓરડો બની રહેશે, જ્યાં અભ્યાસ ઉપરાંત વ્યાવસાયિક, શૈક્ષણિક, મનોરંજક તેમજ સામાજિક કાર્યો પણ થશે. તે ઘરનું સર્વિસ સ્ટેશન બની રહેશે. □

અનુસંધાન] **સંગીત-શાસ્ત્ર** [પૃ. ૧૬થી

કે આફ્રિકાની સ્વાહેલી ભાષામાં. આપણે એના શબ્દો ને અર્થ નહીં સમજી શકીએ, પરંતુ એનું સંગીત જરૂર માણી શકશું. અને એ રીતે કોઈ ગુજરાતી ગીત છે, જેના શબ્દાર્થો અગુજરાતી જાણી નથી શકતાં, પરંતુ ગીત ગવાય છે ત્યારે એનું જે સંગીત-માધુર્ય છે તે બધાં જ જાણે છે, અનુભવે છે. આ દૃષ્ટિએ સંગીતના સ્વરની ભાષા છે તે વિશ્વની ભાષા છે - ધ્વનિના ચઢતા ક્રમને આપણે સા રે ગ મ પ ધ નિ સાં કહીએ છીએ. ઊતરતા ક્રમને સાં નિ ધ પ મ ધ ગ રે સા. પશ્ચિમમાં એને ડો રે મિ ફા સોલ લા સી એમ કહે - પરંતુ જે ધ્વનિ છે, સ્વર છે, સૂર છે એ તો બધે જ વિશ્વમાં સમાન છે. માણસોમાં જ નહીં, પ્રાણીઓમાં પણ ! અને સાહિત્ય તથા અન્ય કલા વયસ્ક જ સમજી શકે, જ્યારે સંગીત તો આબાલવૃદ્ધ સહુને સ્પર્શે છે. પ્રાણી અને વનસ્પતિને પણ એ સ્પર્શે છે. અબુધ-અબોલ સહુને તે સ્પર્શે. કોઈ ગાય, કોઈ પણ ભાષામાં, એનું માધુર્ય કોઈ પણ જાતિ, જ્ઞાતિ કે દેશના આબાલવૃદ્ધને સ્પર્શે છે.

આ સ્વરો આવ્યા ક્યાંથી ? ધ્વનિના નાના એવા એકમ નાદને અને તેની નિશ્ચિત શ્રુતિઓને માણસે સંસિદ્ધ કેવી રીતે કર્યાં ? ક્યારે કર્યાં ? બીજા શબ્દોમાં કહીએ તો માણસે સંગીતની શોધ કેવી રીતે કરી ?

આ બાબત આગામી હપ્તામાં જોઈશું. (ક્રમશઃ)

પ્રસંગપરાગ

ગાંધીટોપી અને વચનપાલન

વર્ષો પહેલાંની વાત છે. એક ગામમાં એક ફકીર કુટુંબ રહેતું હતું. ફકીરને એક દસ વર્ષનો દીકરો હતો. તે ડાહ્યો અને સંસ્કારી હતો. ભણવા-ગણવામાં, કાંતવામાં, રમતગમતમાં તથા શાળાકીય ઇતર પ્રવૃત્તિમાં તે મોખરે રહેતો તેથી તે વર્ગશિક્ષક અને શાળાના સંચાલકની દૃષ્ટિમાં વસી ગએલો. એક વખત શાળામાં હોંશિયાર વિદ્યાર્થીઓને પારિતોષિક આપવાનો કાર્યક્રમ યોજાયો, તેમાં આ વિદ્યાર્થીને પારિતોષિક આપવાનું નક્કી થયું.

ત્યારે તે ગામમાં ગાંધીજીનું આગમન થવાનું હતું તેથી ગાંધીજીના વરદ હસ્તે જ ઇનામ-વિતરણ નક્કી થયું. ગાંધીજીનું નામ સાંભળતાં જ બાળકોમાં આનંદ છવાઈ ગયો.

નિયત સમયે કાર્યક્રમ શરૂ થયો, અને બાળકોને ઇનામ અપાવા માંડ્યાં. ઇનામ લેવા માટે ફકીરના આ દીકરાનું નામ બોલાયું અને તે ઉમંગભેર ઇનામ લેવા બાપુની પાસે પહોંચી ગયો. એણે માથે ગાંધીટોપી પહેરવી એવો રિવાજ રાખ્યો હતો.

બાપુએ આ બાળકની ટોપી જોઈને કહ્યું, 'અરે ! આ તેં શું પહેર્યું છે ? 'બાળક કહે : 'બાપુ, ગાંધીટોપી.' ટોપી હતી તો ગાંધીટોપી જ, પરંતુ તે થોડી મેલી અને તેલવાળી હતી તેથી બાપુએ કહ્યું : 'આ ગાંધીટોપી નથી.' બાળક કહે . 'ના, આ ગાંધીટોપી જ છે.' પછી બાપુએ સમજાવ્યું : 'જો ભાઈ, આ તારી ટોપી ફાટેલી છે તેનો મને વાંધો નથી, પરંતુ એ ગંદી છે; અને ગાંધીટોપી કદી ગંદી ન હોય. એકદમ સ્વચ્છ હોય. ઘેર જા, અને તારી માને કહે કે, બાપુજી ઇનામ નથી આપતા અને તું આ ટોપી ધોઈને મને આપ.'

બાળકે ઘરે જઈને વાત કરી. માએ કહ્યું, 'જા, અને બાપુજીને કહેજે કે, અમને ખબર નહીં કે આ ટોપી ધોઈ શકાય છે અને હવેથી મારી મા દરરોજ ટોપી સાફ અને સ્વચ્છ રાખશે. મારી માની ભૂલ થઈ ગઈ.'

બાળક દોડ્યો અને બાપુને કહ્યું, 'મારી માની ભૂલ થઈ ગઈ.' અને એ ભૂલ માટે માફી માગી. બાપુએ એ બાળકને એનું ઇનામ આપી દીધું. ખુશ થતો થતો બાળક ઇનામ લઈને જતો હતો ત્યાં બાપુએ ફરી બૂમ મારી - ઊભો રહે. બાળક ખૂબ ગભરાયો. એને થયું કે બાપુ હવે ઇનામ પાછું તો નહીં માગે ને ? બાપુએ કહ્યું : 'ભાઈ, મેં તો તને ઇનામ આપ્યું, પણ તેં મને શું આપ્યું ? તું મને કંઈક તો આપ.'

બાળક ચમક્યો. 'ઓ બાપ રે ! હવે મારે એમને શું આપવું ?'

તે વખતે પ્રભાતફેરીનો રિવાજ હતો. આ બાળક પણ પ્રભાતફેરીમાં રોજ જતો, અને શેરીએ શેરીએ ફરીને ટહેલ નાખતા કે, 'વ્યસનો ત્યાગો, સ્વદેશી વસ્તુઓ અપનાવો, સત્ય બોલો...'



← તુફાન રફાઈએ કરેલું ગાંધીજીનું ચિત્ર

તુફાન રફાઈ



બાળકને વિચાર આવ્યો કે, મેં કશું ત્યાગું નથી ! ને બાળકે તત્કાળ બાપુને વચન આપ્યું કે, 'હું કદી કોઈ વ્યસન રાખીશ નહીં, અરે ! હું ચા પણ નહીં પીઉં !' અને આ દસ વર્ષના બાળકની આ પ્રતિજ્ઞા બાપુને જાણે ભીષ્મ-પ્રતિજ્ઞા સમાન લાગી. બાપુએ વહાલસોયો હાથ ફેરવીને બાળકની પીઠ થાબડી.

આ બાળક તે બીજા કોઈ નહીં પણ આજના આપણા ભારતના જ નહીં પણ વિશ્વવિખ્યાત છપાઈના નિષ્ણાત કલાકાર શ્રી તુફાન રફાઈજી; જેમણે કુદરતી રંગોમાં અનેક સંશોધનો કર્યાં અને ચિત્રો બનાવ્યાં છે. હજી આજેય ૭૮ વર્ષની વયે પણ તેમની કલાસાધના ચાલુ છે.

- બિન્દુ એન. માધુ

મૂળ લેખક : કાર્લ સ્ટીફનસેન

અદમ્ય સાહસની અદ્ભુત જર્મન કથા

અબજો સામે એક

અનુવાદક : રવીન્દ્ર ભટ્ટ

બ્રાઝિલ – એમેઝોન નદી, એનાકોન્ડા અજગર અને અનેક જીવજંતુઓનો અજબ દેશ.

'સિવાય કે માર્ગ બદલે, અને તેવું કોઈ કારણ દેખાતું નથી એટલે જે માર્ગે એ આવે છે, બે દિવસમાં જ તમારી આ મોટી વાડી ઉપર આવી પહોંચશે.' જિલ્લા કમિશનરની કંઈક ઉશ્કેરાટમાં બોલાયેલી આ માહિતી સાંભળી લેનિન્જન કંઈ બોલ્યા વગર એને જોઈ રહ્યો. પોતાની લાંબી સિગાર ચૂસતો રહ્યો. પછી સિગાર મુખમાંથી કાઢી કમિશનર તરફ સહેજ ઢળ્યો. બરછટ વાળ, મોટું નાક અને સ્પષ્ટ જોતી સ્વચ્છ આંખો - જાણે ગરુડ ! એવો લાગતો હતો એ લેનિન્જન.

'આપની ભલી લાગણી માટે આભાર.' એણે ધીમેથી કહ્યું, 'આટલે દૂર બોટમાં પ્રવાસ કરી મને ચેતવણી આપવા આવ્યા એ તમારું સૌજન્ય છે, પણ મારે વાડી છોડી નાસી જવું એમ તમે જે કહેવા માગો છો તે શક્ય નથી. કાચિંડાનું કટક પણ આવે ને તો હું મારી વાડી છોડું નહિ.'

બ્રાઝિલ અધિકારીએ પોતાના હાથ હવામાં ઉછાળ્યા અને લગભગ રાડ પાડીને બોલ્યા : 'લેનિન્જન, તમારું મગજ ઠેકાણે નથી. આવી રહેલ કટક સામે તમે લડી શકો તેમ નથી. એ તો ઈશ્વરની મૂળભૂત ભયાનક લીલા છે. દસ માઈલ લાંબી અને બે માઈલ પહોળી મોટી લાલ કીડીઓની હાર - નકરી બસ કીડીઓ જ; અને એમાંની એક એક જાણે નર્કનો રાક્ષસ. થોડી મિનિટોમાં જ એ કીડીઓ મોટી ભેંસને વળગીને એનાં હાડકાં સુધી ખાઈ જાય ! હું ફરી વાર ચેતવણી આપું છું કે જો તમે તાત્કાલિક વાડી ખાલી કરીને, દૂર સલામત જગ્યાએ નહિ ચાલ્યા જાવ તો તમે, તમારા માણસો કે તમારી વાડી કશું બચવાનું નથી.'

લેનિન્જને સ્મિત કર્યું : 'ઈશ્વરની લીલા, એમ ?! જે હોય તે, હું કંઈ બુઢ્ઢી ડોશી નથી. એવી મૂળભૂત ભયાનક લીલા ચાલી આવે છે તેથી હું કંઈ ભાગી જવાનો નથી. એમ ન ધારશો કે હું મારા હાથપગથી જ પરિસ્થિતિને પહોંચી વળીશ. હું બુદ્ધિનો પણ ઉપયોગ કરું છું, મારા સાહેબ. મારું મગજ જાગ્રત છે અને જરૂર પડ્યે દોરવણી આપે છે. મને તમારી ચેતવણીની ગંભીરતાનો પૂરો ખ્યાલ છે. ત્રણ વર્ષો અગાઉ મેં આ મોટી વાડીની યોજના તૈયાર કરીને અમલમાં મૂકવાની શરૂઆત કરી ત્યારે જ આપણા આ પ્રદેશની બધી આફતોનો કેમ સામનો કરવો તે ગણતરીમાં લઈને જ તેની પૂર્વતૈયારી કરી રાખી છે. અત્યારે તો કોઈ પણ એક કે બધી જ મુશ્કેલીઓ માટે હું તૈયાર છું. એમાં તમારી આ મોટી લાલ કીડીઓ પણ આવી જાય.'

બ્રાઝિલ અધિકારી ભારે હૈયે ઊભો થયો. 'મેં તો તમને ચેતવવા મારાથી બનતું કર્યું છે.' એ બોલ્યો, એના અવાજમાં શ્વાસ સંભળાતો હતો. **'તમારું જક્કીપણું તમારી પોતાની જિંદગી જોખમમાં મૂકવા સાથે તમારા ચારસો કાર્યકરોની જિંદગી પણ જોખમમાં મૂકે છે. તમે આવી રહેલ લાલ કીડીઓને ઓળખતા નથી લાગતા.'** એમ કહી તે ઊભો થઈ ચાલવા માંડ્યો.

લેનિન્જન તેને વળાવવા નદી સુધી સાથે ગયો, જ્યાં એ અધિકારીની સરકારી બોટ લંગારેલી હતી. બોટ એ બ્રાઝિલ કમિશનરને લઈને ઊપડી ગઈ અને દૂર ગઈ ત્યારે પણ એમના હાથ છેલ્લી ચેતવણી જેવા ઊંચા થયા હતા, જાણે કહેતા ન હોય, 'તમે તે કીડીઓને ઓળખતા નથી ! નથી ઓળખતા ?!'

પણ વાડીનો માલિક એ મોટી લાલ કીડીઓથી પરિચિત હતો. વાડી અને વસાહત સ્થાપ્યાં પહેલાં લેનિન્જન એ પ્રદેશમાં અને દેશમાં એટલું ફરેલો અને રહેલો કે એ કીડીઓ પાક તો શું, માર્ગમાં જે આવે તે બધાનો કેવો નાશ કરે છે તે એણે જોયેલું, તેથી સ્તો તેની સામે રક્ષણની ગોઠવણ કરી જ રાખેલી. તેને ખાતરી હતી કે આવી રહેલા ભયાનક જોખમને પહોંચી વળાશે.

વાડી સ્થાપ્યા પછીનાં ત્રણ વર્ષો દરમ્યાન લેનિન્જને દુષ્કાળ, પૂર, પ્લેગ જેવી ઈશ્વરની ભયાનક લીલાઓનો સફળતાપૂર્વક સામનો કરેલો. આસપાસની બીજી વાડીઓ-ખેતરોના માલિકો તેમ નહિ કરી શકેલા. પોતાની સફળતાનું કારણ પોતાના જીવનસૂત્રને આભારી હતું તેમ તેનું માનવું હતું. એ જીવનસૂત્ર હતું : 'કુદરતનાં બળો અને આફતો ઉપર વિજય મેળવવા માટે મગજને સંપૂર્ણ સભાન અને જાગ્રત રાખવાની જરૂર છે.' એની સમજણ હતી કે મંદબુદ્ધિવાળા તો પ્રતિકૂળ પરિસ્થિતિમાં ધ્રૂજી જઈને બહાવરા થઈ જાય. તરંગી, ગમે તેટલા નિપુણ હોય તો પણ, પરિસ્થિતિ પ્રતિકૂળ થતાં મગજ ગુમાવી અર્થહીન દોડાદોડી કરી મૂકે. આળસુ હોય તે તો જાણે ખેંચાઈ તણાઈ જાય અને વમળમાં ગાયબ થઈ જાય; પણ લેનિન્જન, એવો નહોતો. એ પોતાના જીવનસૂત્રને ચુસ્તપણે વળગી રહેતો અને દૃઢતાથી માનતો કે સાચી દિશામાં રોકેલી બુદ્ધિ માણસને

નિયતિ ઉપર વિજય અપાવી શકે.

એ સમજણ પ્રમાણે લેનિન્જન જીવનની મુશ્કેલીઓનો સામનો કરતો આવ્યો હતો. એ બ્રાઝિલના જંગલમાં પણ એની બુદ્ધિએ દરેક મુશ્કેલી ઉપર અને આફતો ઉપર આજ સુધી વિજય અપાવ્યો હતો. એક પછી એક એવાં પગલાં એ લેતો આવ્યો હતો. પ્રથમ તો કુદરતનાં પરિબળોને સમજી તેની સામે ચાતુર્યથી અને વ્યવસ્થિત શ્રમથી સફળતાપૂર્વક કામ લીધેલું. વાડીની ઊપજ ચમત્કારિક રીતે વધારવા આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિની મદદ લીધી હતી. તેને ખાતરી હતી કે અટકાવી ન શકાય એવા કીડીના કટકને પણ પહોંચી વળાશે.

તે સાંજે લેનિન્જને પોતાના બધા જ કાર્યકરોને ભેગા કર્યા અને બીજેથી સાંભળે તે પહેલાં ટૂંકમાં માહિતી આપી કે કીડીઓનું કટક આવી રહ્યું છે. કાર્યકરોમાંના ઘણાખરા તો આસપાસના પ્રદેશના જ હતા અને કીડીઓ આવે છે એ જાણે તાત્કાલિક ભાગી છૂટવાની સાંકેતિક આજ્ઞા જેવી ચેતવણીથી પરિચિત હતા; પણ બધાને જ લેનિન્જનમાં એટલો બધો વિશ્વાસ હતો અને એના ડહાપણમાં એટલી બધી શ્રદ્ધા હતી કે કીડીઓ વિષે ટૂંકમાં અપાયેલી માહિતી શાંતિથી સાંભળી શક્યા. કોઈએ ભાગી જવાનો વિચાર સુધ્ધાં ન કર્યો અને એક પછી એક હુકમો જે લેનિન્જન આપતો ગયો તેનો અમલ કરવા ઉશ્કેરાયા વગર તૈયાર થયા. જાણે એક શિકારની નવી રમતની શરૂઆત હોય તેમ તેઓ ગભરાયા વગર આસપાસ નજર નાખતા થઈ ગયા – 'આવવા દો' એવા ભાવથી જોકે તેઓ જાણતા હતા કે એકસાથે અનેક એ મોટી લાલ કીડીઓ જરૂર બળવાન હતી, પણ બધાને ખાતરી હતી કે લેનિન્જન જેવા માલિક જેટલી બળવાન નહીં.

કીડીઓનું કટક એક દિવસ બાદ બીજે દિવસે બપોરે વાડીની દિશા તરફ આવતું થયું હતું. હજી થોડે દૂર, પણ તેઓનું આગમન વાડીઓના અશ્વોની ગાંડી ચંચળતાથી જ સૂચિત થઈ ગયું હતું - ન ઘોડારમાં સ્થિર રહે, ન તો સ્વાર હોય તો એના કાબૂમાં રહી શકે. હવામાંથી આવતી એક વિચિત્ર ગંધને પારખીને બધા અશ્વો આમતેમ ઊછળતા હતા.

ઉપરાંત વાડીની બહાર પણ વાડીની દિશામાં કીડીના કટકની આગળ અને તેનાથી બચવા અનેક પશુઓ એકબીજાં સાથે અથડાતાં, દોડાદોડી કરતાં આવતાં હતાં અને એ કટકની જાણ કરતાં હતાં. તેમાં જાગુઆર અને પુમા તો શિકારી પ્રકૃતિનાં; પરન્તુ આજે તો તેઓ પણ શિકાર બની જવાના ભયમાં બીજાં પશુઓ સાથે અથડાતાં, ચીચીઆરી પાડતાં વાંદરાઓની કૂદતી હાર વચ્ચેથી નીકળી જતાં દોડતાં આવતાં હતાં. પાછળ મોટી ઘુસો, સર્પો અને ઢેઢગરોળાઓ જેવાં નાનાંમોટાં જીવજંતુઓ કીડીના કટકથી બચવા સરકતાં અને કૂદતાં આવતાં હતાં.

એવું આ અસ્તવ્યસ્ત ભાગતું પ્રાણીઓનું ટોળું આગળના ઊંચાણ પ્રદેશથી વાડી તરફ ઊતરી આવ્યું. ત્યાં પાણીથી ભરેલી નહેર હોવાથી જમણેડાબે એમ બે તરફ ફંટાઈ નદી તરફ પહોંચ્યું અને પછી કાંઠેકાંઠે દોડી જતું અદૃશ્ય થઈ ગયું.

પાણીથી ભરેલી નહેર એ લેનિન્જનનું કીડીઓના આક્રમક આગમન સામેનાં રક્ષણોમાંનું એક હતું. વાડીની ત્રણ બાજુ ઘોડાની નાળના આકારની એ બનાવાયેલી. બાર ફૂટ પહોળી પણ બહુ ઊંડી નહીં એવી નહેર. પાણી ન હોય ત્યારે મનુષ્ય કે પ્રાણી વટાવી શકે; નડતર ન થાય. નાળ આકારના બે છેડા વહેતી નદીમાં ભળી જાય જે વાડીની ઉત્તર દિશાએ હતી. આમ ત્રણ બાજુ નહેર હદ બને અને ચોથી બાજુ નદી. વાડીનો વચલો ભાગ ઊંચાણવાળો હતો, જ્યાં વચમાં રહેવા માટેનું મુખ્ય મકાન અને આસપાસ નાનાંમોટાં મકાનો હતાં. એ મકાનો પાસે એક બંધ બાંધવામાં આવેલો હતો જે દ્વારા નદીનું પાણી નહેરમાં વાળી શકાય અને નદી તરફ પાછું વહાવી નહેરને ખાલી પણ કરી શકાય.

પહેલું કામ બંધને ખોલી નહેરને ભરપૂર પાણીથી ભરી લેવાનું કરવામાં આવ્યું. સમગ્ર વાડીવિસ્તાર કોઈ મધ્યકાલીન નાના શહેરની આસપાસ ખાઈ હોય તેવો બની રહ્યો. લેનિન્જનનું અનુમાન હતું કે, કીડીઓ તરાપા બાંધી શકે તેવી કુશળ ન હોવાથી વાડી ઉપર નહીં આવી શકે.

બાર ફૂટ પહોળી નહેર જરૂરી સલામતી જેવી લાગતી હોવા છતાં, કીડીકટક પહોંચે તે પહેલાં લેનિન્જને એક વધુ સલામત એવો સુધારો કર્યો. પશ્ચિમ તરફની નહેર નજીક વૃક્ષો હતાં, જેની ડાળીઓ પાણી તરફ નહેરના અંદરના છેડા સુધી લગભગ ઝળૂંબતી હતી. લેનિન્જને એ બધી જ કપાવી નાખી.

સૌ સ્ત્રીઓ અને બાળકોને તથા ઢોરોને તરાપાઓમાં નદી પાર કરાવી બીજે કાંઠે દૂર સહીસલામત રહી શકે તેવા માટે પહોંચાડી દેવામાં આવ્યાં. ભયજનક કટોકટીના સમયે સ્ત્રીઓ-બાળકો (ઢોરો પણ) ઉત્તેજિત થઈ જાય અને તેથી આક્રમણ સામે રક્ષણ કરવામાં વિક્ષેપ પડે.

છેલ્લા પગલા તરીકે લેનિન્જને વાડીની વિશાળ જમીનના વચલા ઊંચાણવાળા ભાગમાં જ્યાં બધાં રહેવાનાં આવાસો, ઘોડા વગેરે હતાં તેની આસપાસ ખોદાવેલી અંદરની ખાઈ બરાબર તપાસી. તે સિમેન્ટના પાતળા થરોની દીવાલવાળી હતી. તે ખાઈમાં, ત્રણ મોટી પેટ્રોલની ટાંકીના તળીએથી નીકળતી પાઈપો ઉતારેલી હતી. જો કોઈ પણ રીતે કીડી-કટક વ્હારની નહેરને વટાવી વાડી ઉપર ત્રાટકે તો અંદરની ખાઈને પેટ્રોલથી ભરી દેવામાં આવે

અને અંદરનાં મકાનોમાં સૌ માણસો સાધનસંપત્તિ સાથે પહોંચી જવાથી બચી જાય, આવી ગણતરી તો લેનિન્જનની હતી.

લેનિન્જને પોતાના માણસોને નહેરની આસપાસ આડાઅવળા ગોઠવી દીધા પછી પોતે પાઈપ પીતા ધીરે ધીરે પોતાના હિંચકા પર ઝૂલતો રહ્યો. થોડી ક્ષણો પછી એના નોકરે આવીને ખબર આપ્યા કે દક્ષિણ દિશામાં કીડી-કટક દૂર દેખાતું થયું છે.

લેનિન્જન હિંચકેથી ઊભો થયો અને પોતાનો અશ્વ જ્યાં હતો ત્યાં જઈ તેને પંપાળી સ્વસ્થતાથી સવાર થયો. અશ્વમાં જે વ્યાકુળતા હતી (બધા જ અશ્વોની બદલાયેલી અવસ્થા વિષે નોંધ લેવાઈ છે) તે માલિકનો સ્પર્શ થતાં જ શાંત થતી લાગી અને જે દિશામાંથી કીડીઓનું આક્રમક વિઘ્ન આવી રહ્યું હતું તે દિશામાં લેનિન્જને અશ્વને હળવે હળવે ચલાવ્યો. નહેરનો દક્ષિણ તરફનો છેડો જે ચતુર્ભુજ વાડીનો ઉપલો પટો તે લગભગ ત્રણ માઈલ લાંબો હતો. ત્યાં બરાબર વચમાં ઊભા રહેવાથી આસપાસનો બધો પ્રદેશ જોઈ શકાય. તે સરહદ ઉપર કીડીઓ સામે એક પ્રકારના યુદ્ધ જેવો જબ્બર પુરુષાર્થ થવાનો હતો. એક તરફ લેનિન્જનની બુદ્ધિ અને બીજી તરફ વીસ ચોરસ માઈલનું લાલ કીડીઓનું વિનાશક કટક !

લેનિન્જને તે આવતું જોયું. ન ભુલાય એવું એ દૃશ્ય હતું. નહેરની પેલે પાર દૂર ટેકરીઓની હારમાળા ઉપરથી જેટલે સુધી દેખાય ત્યાંથી, આકાશમાં જેમ મોટું ખસતું કાળું વાદળ નીચે જમીન ઉપર ધીરેધીરે સરકતો પડછાયો બને તેમ એક ઘેરા લાલ રંગનો પડછાયો કે ઘેરા લાલ રંગની ચાદર જાણે જમીનના વિશાળ ફલક ઉપર ધીરે ધીરે પથરાતી આગળ સરકતી આવતી હતી. પડછાયા જેવી એ ચાદર ધીરે ધીરે પહોળી થતી નીચે ઊતરતી ગઈ - નીચે અને નીચે કોઈ અમાનુષી ઝડપથી. આસપાસની બધી જ લીલોતરી ઘડીકમાં ચવાઈ ગઈ અને એવી ચવાતી જમીન ઉપર એ ચાદર પથરાતી ગઈ - વધારે ઘેરી લાલ બનતી, સરકતી અને સરકતી એ નજીક અને નજીક આવતી ગઈ.

લેનિન્જનની પાછળ થોડે દૂર ઊભેલા એના માણસોએ એ દૃશ્ય જોતાં પહેલાં તો ચીસો પાડતા પ્રાર્થના કરવા માંડી, પણ જેમ એ નર્કની ઊપજ જેવી કીડીઓ અને પાણીથી ભરેલી નહેર વચ્ચેનું અંતર ઘટતું ગયું ત્યારે શાંત થઈ ગયા. આગળ વધતાં એ ભયપ્રેરક જથ્થાથી ઘડીક તો એ બધા માણસોની, માલિકની શક્તિમાંની શ્રદ્ધા ઘટવા માંડી.

લેનિન્જન પોતે તે વખતે જ સમયસર તેઓની પાસે અને બધાને હિંમત આપવા સંપૂર્ણ સ્વસ્થ દેખાતો પહોંચી ગયેલો, પણ ખરેખર તો તે પોતે જ અસ્વસ્થતાની એકાએક થઈ આવેલી લાગણીમાંથી મુક્ત નહોતો. સામે જ અબજોની સંખ્યામાં ખાઉધરા જડબાવાળા જીવો પોતાની વાડી તરફ આવી રહ્યા હતા ! અને વચમાં શું હતું ? કેવળ એક, મામૂલી લાગતી સાંકડી નહેર ! જાણે કે કશા રક્ષણ જેવી ન લાગતી. પછી તો પોતે અને પોતાના માણસો ઘડીકમાં જ હાડકાં સુધી ખવાઈ જાય !

લેનિન્જનને થયું કે એની બુદ્ધિએ, પહેલી જ વાર ન પહોંચી વળાય એવી ઉપાધિ તો નહોતી વહોરી લીધીને ? બદમાશ કીડીઓ પાણીમાં ધબકાવે અને હજારોની સંખ્યામાં તણાઈ જાય - મરી જાય; નેહર એવી મરેલી કીડીઓથી ઊભરાઈ જાય, તો પણ તેથી વધુ ઘણી મોટી સંખ્યાની કીડીઓ અંદર આવી એના મગજનું પણ નામનિશાન ન રહેવા દે ! આવો વિચાર આવતાં જ એ બહાદુર ખેડૂતની હડપચી દૃઢ થઈ ને થોડી આગળ ખેંચાણી. 'હજી તો આવી નથીને ?' એમ દૃઢતાપૂર્વક વિચારી નિશ્ચય કર્યો કે તેને - તેના માણસોને કશુંયે નહિ થાય. મગજ-બુદ્ધિ ચાલે છે ત્યાં સુધી તો એ મૃત્યુને અને શેતાનને પણ હંફાવશે.

શત્રુઓનું લશ્કર અજબ રીતે, તાલબદ્ધ, આગળ વધતું હતું. તાલીમી સૈનિકોનું લશ્કર પણ આવી ચોક્કસ પદ્ધતિની હરીફાઈ ન કરી શકે. સૌથી આગળની હરોળ બરાબર એક આડી સીધી લીટીમાં આગળ વધતી હતી અને એમ એ નહેરને સામેને કાંઠે આવી પહોંચી. એ હરોળને જેવો ખ્યાલ આવ્યો કે હવે નડતર છે એટલે અટકી. તેથી તરત જ પાછળના જથ્થાના બે ભાગ પડતા ગયા અને એમ વહેંચાઈ જઈ નહેરની પૂર્વ અને પશ્ચિમ દિશામાં એમ જ તાલબદ્ધ આવીને પથરાઈ ગયા.

અલબત્ત, આ થવામાં કલાકથી વધુ સમય ગયો. કીડીઓને થયું હશે કે ક્યાંક પાણી પાર કરી જવા જેવું સ્થળ હશે. આગળની હરોળમાં આવી હલચલ થતાં થોડી વારમાં જ મૂળ કટકના કેન્દ્રનાં અને પશ્ચિમ તરફનાં દળો શાંત થઈ ગયાં.

વાડીની અંદર ઘેરાયેલા સૌને તેથી કીડીઓને બરાબર જોવાની તક મળી. અંગૂઠા જેવી જાડી અને લાંબી એકએક કીડી ઘેરા લાલ રંગની અને લાંબા પગવાળી હતી. કેટલાક વાડીના કાર્યકરોને લાગ્યું કે, દરેક કીડીની ચમકતી આંખો તેઓ ઉપર મંડાયેલી હતી. આંખો નીચે જ તીક્ષ્ણ ધાર જેવાં જડબાં હતાં. એવું એ ભયાનક લાગતું, દૂર સુધી પથરાયેલું ટોળું !

જીવજંતુ કે કોઈ પ્રાણી પણ વિચારી શકતું હોય એમ સામાન્ય માનવી માટે કલ્પવું મુશ્કેલ; પણ તે ક્ષણે તો લેનિન્જનનું યુરોપીય ભેજું અને સ્થાનિક જુનવાણી કાર્યકરોનાં ભેજાંઓ દરેક કીડીમાં વિચાર વસેલો છે જે ન ગમે તેવા એક વિનાશક અનાગતના સૂચનની સંભાવનાને લીધે સળવળી રહ્યા. અને એ વિચાર શું ? 'ખાઈ કે ન ખાઈ, અમે તમારા શરીરોને વળગી

(અનુસંધાન પૃ. ૪૧ ઉપર)

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર

કેલકેરિયા ફ્લોર

(ફ્લોરાઈડ ઑફ લાઈમ)

હેમેન્દ્ર એ. શાહ

કેલકેરિયા ફ્લોર એક રીતે જોવા જઈએ તો બાર ક્ષારમાંનો એક ક્ષાર જ છે. તેનું મહત્ત્વ વિશેષ એટલા માટે છે કે તે એક વિટામીન તરીકે લઈ પણ શકાય છે, જે અનેક દર્દોને મટાડી આપે છે.

અમુક દર્દ, દુઃખાવો, નિરાશા, અશક્તિ, માનસિક ઘેલછા જાણીતી દવાથી મટતા નથી ત્યારે હું મારા દર્દીઓને એક પછી એક ત્રણ દવા આપું છું; અને મોટે ભાગે મને સફળતા મળે છે. તે દવાઓ છે - કેલકેરિયા ફ્લોર, નૅટ્રમ મૂર અને કાલિ ફોસ. (કેલ. ફ્લોર ૬ ×, નૅ.મૂ. ૧૦૦૦ અને કા. ફો. ૬ ×)

૪૫-૪૮ વર્ષની ઉંમર પછી દરેક વ્યક્તિ જો કેલ. ફ્લોર ૬×ના દર અઠવાડિયે એક યા બે ડોઝ (એક ડોઝ = ૫ થી ૬ ગોળી) લે તો મોટી ઉંમરે પણ યુવાન, સ્ફૂર્તિવાળી, પ્રફુલ્લિત લાગે. યૌવન તરફ, થનગનાટ તરફ લઈ જતું આ ઔષધ નાની ઉંમરે કરચલીવાળા ચહેરા, ઘરડા દેખાતા ચહેરા, બેસી ગયેલાં મોં અને હંમેશાં થાકેલા દેખાતા માનવીને નવયૌવન આપે છે. ઘરડા માણસોની તથા ચાલવાની ક્રિયામાં થતા દુઃખાવામાં તેમજ નાની-મોટી તકલીફોની હારમાળાને પણ તે દૂર કરે છે.

હાડકાંનો દુઃખાવો, કળતર, હાડકાંના સાંધાનો દુઃખાવો, સ્નાયુઓની નિર્બળતા વગેરેમાં કેલ. ફ્લો. અત્યંત ઉપયોગી છે. ચામડીની શુષ્કતા, બરછટપણું, ચામડીમાં પડતા ચીરા, અકાળે થતી કરચલીઓ વગેરેને પણ તે દૂર કરે છે.

સ્ત્રીઓમાં વેરિકોઝ વેઈન્સ - જાડી થતી રક્તશિરાનો રોગ, ગોટલાનો દુઃખાવો, લીલી વાદળી રંગની થતી રક્તશિરા માટે પણ આ ક્ષાર અત્યંત પ્રભાવકારી છે.

હોમિયોપથી અને બાર ક્ષારના ઔષધશાસ્ત્રની વિશેષતા એ છે કે તે માનસિક રોગો, માનસિક વિકૃતિ, ગાંડપણ, માનસિક વિચિત્રતા વગેરેને **એકંદરે** સહેલાઈથી મટાડે છે.

હું ઘણાં દર્દીઓને ઓળખું છું, જેઓ પાસે અઢળક રકમનું બૅન્ક બૅલેન્સ હોય તથા પ્રોપર્ટી હોય તેમ છતાં તેઓ ભવિષ્યમાં આર્થિક ભીંસમાં આવી જશે તેવી કાલ્પનિક બીકથી થર થર કાંપતા હોય છે. જેઓનું માસિક ખર્ચ રૂ. ૨,૫૦૦/- ૩,૦૦૦/- થી વધારે નથી અને જેઓને ફક્ત આવકનું એક જ સાધન - વ્યાજની આવક રૂ. ૧૫,૦૦૦/-થી રૂ. ૨૦,૦૦૦/- મહિને છે - બીજી પરચૂરણ આવકો જુદી - તેઓ આ પ્રકારના ભય નીચે મહિને રૂ. ૬૦/-થી ૭૦/- ફળ પાછળ ખર્ચતાં પણ અચકાતા હોય છે. આવી વ્યક્તિઓ બીજી રીતે, ધંધાના ક્ષેત્રે અત્યંત સારો તર્ક બતાવે છે, હોંશિયાર અને ચાલાક હોય છે. આવા કિસ્સામાં કેલકેરિયા ફ્લોરનો ક્ષાર અત્યંત સારાં પરિણામો આપે છે.

નર્વસ ટેમ્પરામેન્ટ, વહેમી પ્રકૃતિ, પ્રવૃત્તિ કરવાની અનિચ્છા, દાંતનો દુઃખાવો, દાંતની હલવાની શરૂઆત, દાંતના અન્ય રોગો, હાડકાંનું કળતર વગેરેમાં કેલકેરિયા ફ્લોર સારું કામ આપે છે.

કાનના પરુ માટે, આંખના વિવિધ રોગો માટે, વારસાગત ચાંદી (સિફિલીસ)ના રોગ માટે, મગજમાં થતા ખડખડાટવાળા અવાજ તથા વાઈબ્રેશન માટે, લોહીના પરિભ્રમણની અનિયમિતતા માટે, રક્તવાહિની-રક્તશિરા જાડી થતી રોકવા માટે પણ કેલકેરિયા ફ્લોરનો ઉપયોગ કરવો જરૂરી છે. □

શકુંતલા

હરિત પંડ્યા

એ જ્યાં રોજ સવારના પાણીની ડોલ ભરીને મૂકતી ત્યાં થોડીક ચકલીઓ આછું ચીંચીં કરતી ઊડાઊડ કરી રહી હતી. એ ડોલ છલોછલ ભરતી. ને એમાંથી છાંટોય પાણી લેવાની સૌને સખત મનાઈ. ચકલીઓ ઉપરાંત કાબરો અને બુલબુલોય એ ડોલના પાણીથી એમની પ્યાસ બુઝાવતાં.

ડોલ તો કેમની મૂકીને જાઉં ? ને મૂકી જાઉં તોય એ ત્યાંની ત્યાં રહે એની શી ખાતરી ? ત્યાં રહે તોય નવું રહેવા આવનાર એને છલોછલ નયે ભરે.

એનાથી ચકલીઓનો ધીમો કચવાટ સહ્યો ગયો નહીં. વાસણો ભરેલ કોથળાનું મોં સીવવાનું પડતું મેલીને એ ઊઠી, ને બહાર રાખેલા પ્લાસ્ટિકના ડબલામાં નળેથી પાણી ભરી લાવીને એણે ડોલ મૂકવાની જગાએ રેડી દીધું. મોટા ભાગનું પાણી વહ્યું ગયું. થોડુંક લૉબીની ઉબડખાબડ સપાટીના ખાડાઓમાં ભરાઈ રહ્યું. પણ ચકલાં તો એ પાણી તરફ નજર સુધ્ધાં નાખ્યા વિના ફર્ર્ર્ર્ કરતાં ઊડી ગયાં.

ઊડી ગયાં ? જોકે બેબલીય એના પ્યાલા સિવાય બીજા કશામાં દૂધ કે પાણી ક્યાં પીએ છે ? ડોલેય સામાન ભેગી બંધાઈ ગઈ છે; નહીં તો વળી... રહો ત્યારે તરસ્યાં ! ને આજ પછી તો મારે ક્યાં દેખવું કે દાઝવું છે ?

સામેના બ્લૉકની અગાશીમાં થોડાંક કબૂતરો ઘૂટુર્ ઘૂ કરતાં આમથી તેમ ઊડ્યાં કરતાં હતાં. એની અગાશીમાં તો જવાય એમ નો'તું, તે એ સામેની અગાશીમાં જઈને કબૂતરોને રોજ ચણ નાખતી. ગયા મહિને જ એણે બે-ત્રણ મહિનાની સામટી જાર મંગાવી લીધી હતી. ત્યાં એકાએક...!

કોથળો સિવાઈ રહ્યો એટલે એ ઊભી થઈ. ને જારની આખી થેલી લઈને સામેની અગાશીમાં ઊપડી. આખી થેલી અગાશીની વચ્ચોવચ ઊંધી વાળી દીધી.

લો ખાઓ નિરાંતે ! જેટલા દિવસ ચાલે એટલા સાયા. એમાં જો વરસાદ આવ્યો તો જાર બધી ધોવાઈ જવાની. પણ હું શું કરી શકવાની હતી ?

કબૂતરોનું આખું વાદળ અગાશી પર વરસી પડ્યું. ઘડીમાં તો આખી અગાશી રાખોડી રંગે ઢંકાઈ ગઈ. એક-બે કબૂતરો તો એના માથા સાથે ભટકાયાં.

બે-ચાર દિવસ બહાર ગામ જવાનું થતું ત્યારે એ કામવાળીને જાર નાખવાનું ભળાવીને જતી પણ હવે તો... !

જાર ખૂટશે એટલે બાપડાં રોજ સવારે ભેગાં થઈને નિસાસો નાખવાનાં ! પણ શું થાય ?

એ પાછી બાકીના કોથળા સીવવામાં પરોવાઈ. મદદમાં તો ઘણાં હતાં, પણ આ કામ એણે પોતાને માથે રાખ્યું હતું.

ઊભી થઈને કશાક કામે એ બહાર આવતી હતી ત્યાં બેડરૂમની બારીમાં પ્રવેશવા મથતા મનિપ્લાન્ટની ડાળખી એના માથાને સ્પર્શી.

કેવો ફાલ્યો છે ! અહીં ને અહીં અટવાયા કરજે હવે. આગળ વધવાની સુવિધા તને કોણ કરી આપવાનું હતું, અમારા ગયા પછી ? ભલું હશે તો નવું આવનાર તને ઉખેડીને ઉકરડેય ઉશેટી દે ! એમાં આપણું ક્યાં કશું ચાલવાનું હતું ?

કોથળા સિવાઈ રહ્યા એટલે પડોશમાંથી ડોલ માગી લાવીને એણે એના નાનકડા બાગને પાણી પાવા માંડ્યું. 'પી લેજો મારા હાથનું પાણી જેટલું પિવાય એટલું છેલવેલ્લું !'

પાણી પાતાં પાતાં થાંભલાને ટેકે છેક અગાશી સુધી પૂગેલી જૂઈને બથ ભરીને એણે સૂંઘી લીધી. એના માથા પર બે-ચાર ફૂલ ખર્યાં. એની આંખોમાંથીય...!

એક વાર જોરદાર પવન ફૂંકાએલો ત્યારે જૂઈ ભોંય પર પટકાઈ પડેલી. ત્યારે એણે અને માર્દવે એને ફરી ઊભી કરેલી ને ક્યાંકથી નિસરણી માગી આણીને અગાશી પર પાછી પાથરી દીધેલી, ને દોરીના મજબૂત બંધેય બાંધી આપેલા.

ફરી આડી પડી ગઈ તો તને કોણ બેઠી કરવાનું હતું મારી બૈ ?

જૂઈને પડખે નહીં નહીં તોય મીઠી લીમડીના ૨૫-૩૦ છોડ ઊગી નીકળ્યા'તા. એક છોડ તો માથોડા સમો થયો હતો. ને છતાં એ કોઈને લીમડીનાં પાન જાતે તોડવા દેતી નહીં.

જાતે તોડવા દઉં તો મારી ઉછરેલ-પાછરેલ લીમડીને આડેધડ ઊઝરડી જ નાખે ને, એ લોકો ? એમને શું ?

તમને બધાંને હું કોને ભળાવીને જાઉં ? હજી તો અમે ગયાં નથી ત્યાં તો, 'માશી, તમારી લીમડીના છોડ હું લઈ જઈશ, હાં ને !' પછી તો કૅન્ટિનવાળાય મીઠો લીમડો વેચાતો નહીં લાવે. એ લોકો તમને બધાંને બોડાબટ કરી મૂકશે અમારાં જતાંની વારમાં; જો જો ને !

બાગમાં તગર ને બારમાસી ને ગુલાબ ને મોગરાના છોડવાઓનેય એણે એકએક ડોલ પાણી પીવડાવી દીધું. બાગમાંનાં ફૂલ એ કદી તોડતી નહીં. ફૂલોથી એનો બાગ કેવો શોભી ઊઠતો ! એના ધ્યાન બહાર કોઈ બાગમાંથી ફૂલ તોડી

ગયું હોય તો તે આખો દિવસ એનો બગડતો.

ત્યાં તો કૉલૉનીના ઝાંપામાં ખટારાની ઘરઘરાટી સંભળાઈ. ઘડીમાં તો અક્રૂરના રથ જેવો નિષ્ઠુર ખટારો એના આંગણે આવીને ઊભો રહી ગયો.

ધીમે ધીમે સામાન ખટારામાં ખડકાવા માંડ્યો. અડધી કૉલૉની ખટારા પાસે જમા થઈ ગઈ હતી. બેબલી તો છેલ્લા ત્રણ દિવસથી ઘરમાં દેખાતી જ નો'તી. બાજુવાળાં મનોરમાબહેન એને રમાડીને હજીય ધરાયાં નો'તાં.

ને સૌની વિદાય લેવાની ઘડી આવી પહોંચી. ઘણી બધી આંખો ભીની થઈ ગઈ હતી. પાછળના બ્લૉકવાળા તો માર્દવને ભેટીને બાળકની જેમ રડી પડ્યા. માર્દવ પણ આજે સ્વસ્થતા ન જાળવી શક્યો.

બેબીને મનોરમાબહેન પાસેથી લેવા જતાં એ મોટે મોટેથી રડવા માંડી ને મનોરમાબહેનની છાતીએ ઑર જોરથી ચીપકી ગઈ. એને મનોરમાબહેન પાસેથી પરાણે આંચકી લેવી પડી. એને કારણે ઘડીભર તો અહીંથી જવાનું માંડી વાળવાનું મન થઈ ગયું.

પણ એમ કંઈ થોડું રહી પડાય છે ?

આમેય મનોરમાબહેન સાથે એને ઝાઝું ફાવતું નો'તું. પણ બેબી પાછળ તો એ ગાંડાં થઈ ગયાં હતાં.

ડ્રાઇવરની કૅબિન ભણી પગ માંડતાં પહેલાં એણે વળી ભીંજાયેલા ચહેરાઓ સામે જોઈ લીધું. એણે ઝટ પાલવથી મોંએ ડૂચો મારી દીધો. પછી બાગની આછી રતૂંબડી મેંદીની વાડ પર હાથ પસવારતી એ ડ્રાઇવરની કૅબિન તરફ ચાલી.

આ મેંદીનેય એણે ને માર્દવે જાતે વાવેલી. વરસતા વરસાદમાં માર્દવ છીછરા ખાડા કરતો જાય ને ખાડાઓમાં એ મેંદીનાં ડાળખાં ખોસતી જાય ! વરસાદમાં ભીંજાવાનીય કેવી મઝા આવેલી તે દિ' ?

ત્યાં એની સાડીની કોરથી કોઈકે એને પાછળથી ખેંચી. એણે ભીની આંખે પાછળ જોયું. મેંદીના છોડ ભેગો એક ગુલાબનો છોડ પાંગરી રહ્યો હતો. એના નાજુક કાંટામાં એની સાડી ભરાઈ હતી.

છોડ ભૈલા ! એમ પકડી રાખે ચાલવાનું હતું ? આપણું ધાર્યું થતું હોત તો...

ને એણે ધીમેથી સાડીની કોરને કાંટાની પકડમાંથી મુક્ત કરી ને પછી માર્દવની બાજુમાં ડ્રાઇવરની કૅબિનમાં ગોઠવાઈ ગઈ. ને ખટારો ઊપડ્યો. એનામાં હવે પાછું વાળીને જોવાની હિંમત રહી નો'તી. બેબલી તો થોડુંક રડીને પછી ડ્રાઇવરની કૅબિનની અંદરની નવતર દુનિયાને રસપૂર્વક નિહાળવામાં બાકીની દુનિયા ભૂલી ગઈ હતી.

કૉલૉનીના ઝાંપાબહાર નીકળતાં એની નજર આગલી રાતના વાવાઝોડામાં જડમૂળથી ઊખડીને ધરાશાયી થઈ ગયેલા વૃક્ષ પર પડી. એનાથી લગભગ ઠૂઠવો જ મુકાઈ ગયો. □

એક પિતાનો પત્ર

—બાબુભાઈ કાપડિયા—

વહાલી દીકરી,

તું આજે આપણા ઘરમાંથી વિદાય થાય છે ત્યારે અમારી મટી પારકી થાય છે. અમારા ઘરનો ઉંબરો વટાવી અજાણ્યો ઉંબરો ઓળંગવા જાય છે ત્યારે એક જ નાની પ્રાર્થના કરું છું :

'છો ને તું ના થાય કનકદીવડી,
કોડિયું માટીનું થઈને ભલે રહે.'

તું ૨૧ વર્ષ પહેલાં અમારા કુટુંબમાં આવી ત્યારે અમારા ઘેર આવો જ ઉત્સવ હતો. અને આજે અત્યારે -

સુઘડ સુશોભનથી શોભતા આસોપાલવના નાના માંડવામાં ખૂબ હલચલ છે. ગણેશપૂજન થઈ ગયું છે. ઢોલીનો ઢોલ, શરણાઈના સૂર, લગ્નગીતના રણકાર, અગરબત્તીની સુગંધ, મોગરાના ફૂલથી શણગારેલ તારી ચૉરી, લાલ બાજઠ, વેદીમાં પ્રજ્વલિત અગ્નિ, ઘીની સુગંધવાળી ધૂમ્રસેર - તારે માટે કેટલાં બધાં શુકન એકઠાં કર્યાં છે. તારા પવિત્ર કન્યાદાન માટે કેવી આનંદમય ધમાલ છે ! આમતેમ હાંફતી-હાંફતી દોડતી બિચારી તારી મમ્મી જોઈતી સામગ્રી એકત્રિત કરે છે. ફુવારાની ભીની સેર માફક એનો આનંદ બધાને ભીંજવે છે. તારો નાનો ભાઈ અને તેના મિત્રો આ લગ્નવિધિમાં કંઈ પણ વિઘ્ન ન આવે તે માટે ચિંતાથી ઘેરાયેલા, મહેમાનોનું સ્વાગત કરવામાં મશગૂલ છે. એમની વહાલી બહેનનું લગ્ન છે. જીજાજીની આજુબાજુ બહેનની બહેનપણીઓ વીંટળાઈ વળી છે. ઠઠ્ઠા-મશ્કરી ચાલે છે. ગોર મહારાજ, પ્રકટાવેલ વેદીમાં ઘીની આહુતિ આપી લયબદ્ધ-સંસ્કૃત મંત્રોચ્ચાર કરે છે. મને લાગે છે પુરોહિતે આહ્‌વાન કરી બોલાવેલ દેવો પણ તને આશિષ આપવા હાજર થઈ ગયા છે. આપણી માનવીની નજરને તે ના દેખાય.

'સમય વર્તે સાવધાન : કન્યાને પધરાવો.' મારું હૃદય એક પળ માટે ધબકતું અટકી જાય છે. જીવનમાં એક જ વાર આવતી આ પરમ વિરલ પળ. મામા કન્યાને લાવે છે. લાલ લાલ પાનેતરમાં અર્ધ છુપાયેલી તારી કાજળરંગી કીકીઓમાં આંસુની ભીનાશ છે. જન્મજન્માંતરની તરસ છે. તારી ભીનાશ મહેંદી-રંગી ફૂલ જેવી હથેળીમાં મીઢળબંધ જીજાજીનો હાથ મૂકી પાણિગ્રહણ વિધિ શરૂ કરે છે. તારી પાછળ ઊભેલ તારી મમ્મી રુદન કરે છે. એની તો તું ખૂબ લાડલી તોફાની દીકરી. નાનો ભાઈ પણ કેવો ગંભીર બની ગયો છે ! એને પણ સમજાઈ ગયું છે કે આપણી આ બહેન હવે પારકી થઈ ગઈ. લડતાં-ઝઘડતાં છતાંય એકબીજાં માટે મરી પડતાં ભાઈ-બહેનની આ જોડી આજ વિખૂટી પડશે. અને મારી દશા તો ખૂબ સંવેદનોથી ઊભરાઈ રહી છે. કન્યાદાન થયું તેનો સંતોષ છે, તું જાય છે તેનો ગમ છે અને આંખોમાં તારા ઉજ્જ્વળ ભવિષ્યની ચિંતાનો ભાર છે. રુદન અને આંસુ વહી જાય એ તો સૌ જુએ પરંતુ દીકરીના બાપને વેદના અંદર જ ઘૂંટવી પડે છે. વહેવાર સાચવવાનો છે. જાનૈયાંને જમાડવાનાં છે. વેવાઈને આવકારવાના છે. અત્યારે પિતાને આંસુ સારવાની ક્યાં નિરાંત છે! કન્યા તો પરદેશી પાંદડું, આજે છે, કાલે ઊડી જશે. આજે એવાં આશ્વાસન ઘા ઉપર મલમ તરીકે કામ નહીં આવે, કન્યાદાન કરતાં વધારે કપરી કન્યાવિદાયની પળ આવી ગઈ. 'અમે ઇડરિયો ગઢ જીત્યા' વેવાણે આનંદસભર ગીત ઉપાડ્યું, પરણ્યાં એટલે પ્યારાં લાડી ચાલો આપણે ઘેર રે!! એમનો આનંદ અને સાથે કન્યાપક્ષનું મૂગું રુદન. આ દૃશ્યની નવાઈ નથી. રોજેરોજ ક્યાંક ભજવાય છે. સૌથી પહેલાં માતાની વિદાય લે છે – લાજશરમથી રોકી રાખેલ હૈયાનું રુદન. તમારી બંનેની આંખમાંથી અશ્રુધારા વહી જાય છે. ના, એ રુદન કદી ના રોકશો. એ રુદનમાં જ માતાની શુભકામનાઓ જીવંત થાય છે. ધીમે પગલે તું મારી પાસે આવે છે. 'ઊભી રે' બેન તને ઠોકર ન વાગે', નાનો ભાઈ તને ડગલે ડગલે સાચવે છે. 'બાંધ ગઠરિયા, દુલ્હન ચલી' દીકરી પિતા પાસે વિદાય માગે છે. તારી જિંદગીની ૨૧ વર્ષની કડવીમીઠી યાદોની ગાંસડી તો તેં બાંધી છે. દીકરીને આપતાં ક્યાં માબાપ ધરાય છે ? આંખની કીકી જેવી દીકરીને યથાશક્તિ સરસ કરિયાવર તો કર્યો છે. પગે લાગતાં આ વરઘોડિયાં મારી પાસે શું માગે છે અને હું શું આપું ? પરંતુ આજે તો મારે એવા આશીર્વાદ આપવા છે, શીખ આપવી છે. આ ૨૧ વરસ સુધી ધીરજ, ઉદારતા, સહનશીલતા અને સ્વાર્પણની ખૂબ શિખામણો આપી છે. તે ભૂલી ના જતી. તારા સાસરે એવું વર્તન રાખજે કે તું કોઈનાં દુઃખ, હાનિ કે દ્વેષનું કારણ ના બને. તારા નવા કુટુંબની જીવનશૈલીને

અનુકૂળ થઈ જજે. વાણી અને વિચારમાં ભેદભાવ ન રાખીશ. તારું જીવન એક ધૂપસળી માફક સળગીને સુગંધ ફેલાવે એવું મઘમઘતું કરજે, હોઠ પર સ્મિત ખોવાઈ ના જાય એની ખૂબ ચોકસાઈ રાખજે. ફૂલ મળે તો પ્રભુને ધરજે, કાંટો મળે તો બારી બહાર ફેંકી દેજે. દૂધમાં સાકર ભળે તેમ એ કુટુંબીજનોમાં ભળી જજે. આપણી ભારતીય સંસ્કૃતિની શાન, શરમ અને સુગંધથી વાતાવરણ ખુશનુમા કરજે. કેરીના ભારથી લચી પડેલ આમ્રવૃક્ષની ડાળ માફક વડીલો જોડે આદર અને અદબથી વર્તજે. સમોવડિયાં જોડે સખીપણું સોહાવજે. નાના સભ્યોને તારા હેતના પ્રવાહમાં ડુબાડી દેજે. સાગર જેવું વિશાળ હૃદય અને ભૂરા આકાશ જેવું સ્વચ્છ મન રાખજે. ક્ષમા ના હોય ત્યાં શાંતિ આવતી નથી. શાંતિ ના હોય ત્યાં વૈભવ ટકતો નથી. સુખ પાછળના દરવાજેથી જતું રહે છે. કંકાસ-શંકાથી દૂષિત જીવનશૈલી ચારે બાજુથી દુઃખ અને વેદના લાવે છે. ચડતીપડતી, સુખદુઃખ તો આવ્યાં કરે. સુખમાં છકી ના જઈશ, દુઃખમાં ગભરાઈ ના જઈશ. કમળ કાદવમાં ખીલી બહાર આવી ભગવાનને પૂજામાં અર્પણ થાય છે. ફૂલની સુગંધ પવનની અવળી દિશામાં જતી નથી. પરંતુ સદ્ગુણની સૌરભ સાત દરિયા ઓળંગી સર્વત્ર ફેલાય છે. આકાશમાં ઊગેલા તારા તારી છાબડી ના ભરે તો શું થઈ ગયું? આંગણામાં તુલસીક્યારામાં સળગતો માટીનો દીવો તો તેં જ પ્રકટાવ્યો હતો ને. ક્યારેય શંકાને માળો ના બાંધવા દઈશ. શંકા સ્નેહનું સ્મશાન છે તે યાદ રાખજે. તારી નાની ભૂલને પહાડ સમજી ચિંતા કરજે. બીજાની ભૂલો ભૂલી જઈએ તો ગેરસમજ ક્યારેય આંગણામાં આવતી નથી. સ્વમાન કે સ્વઅસ્તિત્વના ભોગે કરેલ સમાધાનમાં ન્યાય નથી. તારા સવાલનો જવાબ તારે જ ખોળવાનો છે. 'અખંડ સૌભાગ્યવતી ભવ' એટલું યાદ રાખજે. 'સુખ ક્યાંય વેચાતું મળતું નથી, દુઃખ બારીમાંથી ફેંકી દેવાતું નથી.' તમારું સહજીવન સમાનતાના આદર્શ પર મજબૂત કરજે. માબાપનું દિલ છે એટલે એ તો તને સુખ હોય કે દુઃખ, ફફડ્યા જ કરશે. પંખીનાં બચ્ચાં માળામાંથી ઊડી જાય એટલે જાય સદાને માટે; પણ માનવહૈયામાંથી એવી રીતે સ્નેહની સાંકળ તોડી શકાતી નથી. અમને પણ તારી યાદ આવશે ત્યારે એકવીસ વર્ષની કડવી-મીઠી યાદોની ગાંસડી ખોલીને બેસી જઈશું. 'માણ્યું એનું સ્મરણ કરવું એયે છે એક લહાણું.'

'જાવ બેટા, સુખી થાવ. શિખામણની ગાંસડી બહુ જ વજનદાર બની ભલે સાથે લઈ જજે. કોકવાર મદદમાં આવશે. હમણાં તો પિયરની માયા ભૂલી સાસરીમાં ખૂશ રહેજે. નવજીવનની લાલચટક ઉષાના વૈભવ જેવો વૈભવ તારા દામ્પત્ય જીવનમાં ફેલાઈ રહે ત્યારે તારા પાનેતરના પાલવમાં બાંધી રાખજે.'

'આવજો જમાઈરાજ, અમારી દીકરીને સાચવજો. ભૂલ થાય તો માફ કરજો.'

કુર્યાત્ સદા મંગલમ્

આ પત્રમાં સહી તો મેં કરી છે; પણ આજુબાજુ તારી બાનાં, તારા ભાઈનાં, મારાં સુકાયેલાં આંસુ નહીં દેખાય એથી કાંઈ એની સાક્ષી કેમ ભુલાય?

લિ. તારો પ્રેમાળ પીતા

કલાવાર્તા

કલાકાર ભૂપેન ખખ્ખર






• બંસીલાલ દલાલ •

ચિત્રકલા ક્ષેત્રે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત કરનાર શ્રી ભૂપેન ખખ્ખર વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવા છતાં કેટલાંક વર્ષોથી ચિત્રકલાસર્જનમાં ઓતપ્રોત રહેતા આવ્યા છે. તેઓ સભાન અને પ્રામાણિક કલાકાર છે, છતાં આધુનિક [illegible] ચિત્રકલાના ક્ષેત્રમાં ચર્ચાસ્પદ કલાકાર પણ બન્યા છે. તેઓ વિચારક છે, બૌદ્ધિક છે, લેખક છે અને ચિત્રકાર છે.

ગુરુપૂજા વિધિનો પ્રસંગ : એક જ ચિત્રમાં ઘણી બધી માનવપ્રવૃત્તિઓ સમાવી છે. ચિત્રનું ઊંડાણ, મકાનોની ગોઠવણી ધ્યાનપાત્ર છે, છતાં આ ચિત્રના અગ્રભાગમાં મૂળ વિષયને કે પ્રસંગને તેમણે બાખૂબી કેન્દ્રિત કર્યો છે.





ચવાણું વેચનાર - ગ્લાસ પેઇન્ટિંગ. લંડન મૅગેઝિનના મુખપૃષ્ઠ પર છપાયેલું.



'ઘડિયાળી તેની દુકાનમાં' : 'પૉપ આર્ટ'ની અસર દર્શાવતું ભૂપેનનું ખૂબ જ જાણીતું એક ચિત્ર.

વેપાર- વાણિજ્યની એક તજ્જ્ઞ વ્યક્તિને ચિત્રકલા જેવા ક્ષેત્રમાં રસ પડે અને પછી તે રુચિ કેળવવા વડોદરાની સુખ્યાત ફેકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સમાં અભ્યાસ કરવા જાય અને 'કલાવિવેચન' જેવા વિષયમાં ઉપાધિ મેળવે એ પણ એક રસપ્રદ વાત છે. ચિત્રસર્જનકાળની શરૂઆતમાં તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે પૂરા સમયની નોકરી કરી, કારણ કે તે વેળા તેમનાં ચિત્રો સર્જાતાં હતાં પરંતુ વેચાતાં નહોતાં ! ત્યાર પછી તો જેમજેમ તેમનાં ચિત્રોએ ભારતના અને પરદેશના કલાવિવેચકોનું ધ્યાન ખેંચવા માંડ્યું અને થોડાં ચિત્રો વેચાવા માંડ્યાં તેમતેમ તેમણે તેમની પૂરા સમયની નોકરીમાંના કલાકો પણ ઓછા કરવા માંડ્યા. હવે તો તેઓ તેમના વડોદરાના ચીકુવાડી વિસ્તારમાં આવેલા સુવર્ણપુરી સોસાયટીના ૪૧ નંબરના બંગલામાં સવારે દસથી બે વાગ્યા સુધીની ખંડ સમયની નોકરી કર્યા પછી સંધ્યા ટાણે તથા રાત્રે પણ ચિત્ર-સર્જનમાં ઓતપ્રોત રહે છે.

ભૂપેન કોઈ કલારસિક આગંતુક કે કલાવિવેચક કે કલા-વિદ્યાર્થીને પ્રેમ અને સૌજન્યપૂર્વક તેમના બંગલામાં આવકારે છે અને અત્યંત નિખાલ-



← દરજી. કારીગરોની શ્રેણીમાંનું એક ચિત્ર.

જલેબી આરોગતો માણસ.





અગાશી પર પાર્ટી. મેલ્બૉર્ન (ઑસ્ટ્રેલિયા) મૉડર્ન આર્ટ મ્યૂઝીઅમમાં સંગ્રહાયેલું ચિત્ર.




કુટુંબમાં મૃત્યુ. ભૂપેનની ખૂબ ચર્ચિત અને સુખ્યાત કૃતિ. ભારતીય પરંપરાની વિધિ ચિત્રના અગ્રભાગમાં દર્શાવી છે. લંડનના સુખ્યાત 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝીઅમ'માં આ ચિત્ર સંઘરાયું છે.


સતાથી તેમના પોતાના વિષે તેમ જ તેમનાં ચિત્રો વિષે વાત કરે છે, તેમનાં તાજેતરમાં થએલાં ચિત્રો બતાવે છે, થોડાં વર્ષો પૂર્વેનાં વેચાઈ ગએલાં ચિત્રોની છબીઓ તેમજ રંગીન સ્લાઈડો પણ બતાવે છે. સામી વ્યક્તિ જો ચિત્રકલાનું જ્ઞાન ધરાવતી હોય તો ભૂપેન તેમનાં ચિત્રો સમજાવવામાં કે તેમનો રસાસ્વાદ કરાવવામાં ખપપૂરતું બોલે છે, છતાં જો



← જળરંગોમાં કરેલ 'હાથમાં ફૂલગુચ્છા સાથે એક સદ્ગૃહસ્થ.'

'તમે બધાંને રાજી રાખી શકતા નથી.' નૅરેશન (કથન) જુદાં જુદાં દશ્યોમાં રજૂ કરી લોકોની ટીકા દર્શાવી 'તમે બધાંને રાજી રાખી શકતા નથી' કથનનો અનુભવ કરાવતું ચિત્ર.





ચાની દુકાન. ચંડીગઢ મ્યૂઝીઅમમાં સંઘરાયું છે.

તેમને ચિત્રોની સંરચનાઓ અને રંગો તથા તેમાંનાં માનવપાત્રો અને પ્રસંગોના સર્જન ને રજૂઆત વિષે પૂછવામાં આવે તો તે અંગે તેઓ સ્પષ્ટપણે ઉત્તરો આપે છે. તેમનાં જાડા કાચવાળાં ચશ્માંની ફ્રેમની પાછળની આંખોમાં વેધકતા અને ચમક છે, તેમની સાંપ્રત કળા શહેરીજીવન તથા સામાજિક જીવન અને માનવપરિસ્થિતિ તથા વ્યવહારને વેધકપણે અને કટાક્ષયુક્ત રીતે જોવાની દૃષ્ટિનો તરત જ પરિચય આપે છે. સાચેસાચ તો આધુનિક ચિત્રકળામાં ઓળખાતાં તેમનાં ચિત્રસંયોજનો અમૂર્ત નથી યા અમૂર્ત શૈલીનાં નથી, કિંતુ માનવપાત્રો, પ્રસંગો, પ્રાકૃતિક તેમજ અન્ય સ્થાપત્યકીય ભૂમિદૃશ્યો વગેરે તત્ત્વો વડે સભર અને સમૃદ્ધ છે. તેમની વેધક અને કટાક્ષયુક્ત વિવેચનાત્મક દૃષ્ટિ સાંપ્રત શહેરી જીવનની જટિલતા, યાંત્રિક સભ્યતા, સર્વત્ર ફેલાએલી પતનોન્મુખી સામૂહિક સભ્યતા, દાંભિકતા, દૈનિક જીવન અને વિવિધ વ્યવસાયોમાં કાર્યરત માનવીઓને તેમનાં વ્યવસાયી સ્થળોમાં તેમના સમગ્ર પરિવેશની સાથે રજૂ કરે છે, પણ આ બધું તેઓ ઉપહસનીય અને કટાક્ષયુક્ત રીતે રજૂ કરે છે. ખરેખર તો ભૂપેન ચિત્રસર્જનોમાં એક આગવું નિજી વિશ્વ સર્જે છે, જે આપણને પરિચિત લાગે છે તથાપિ તે ભૂપેનની વિવેચનાત્મક છતાં રમૂજી દૃષ્ટિએ જોવાએલું વિશ્વ છે એટલે તે એક નવું, આગવું રૂપ ધારે છે, એ પોતાનું એક રહસ્ય પણ ધારણ કરે છે.

ભૂપેનનાં બધાં જ ચિત્રો જોતાં એક પ્રકારની નિર્લેપતાની, એકલતાની છાપ પ્રેક્ષકના કે ભાવકના મન પર પડે છે. તેમનાં માનવપાત્રો પણ મોટે ભાગે એકબીજાંથી અલગ રીતે બેઠેલાં, ઊભેલાં, જોતાં કે કાર્ય કરતાં દર્શાવાયાં છે. તેઓ એકબીજાંની સામે પણ નથી ! કેટલાંક માનવપાત્રો તો બેઠેલી કે ઊભેલી હાલતમાં આપણી સામે ખોવાએલી ભૂતાળવી નજરે જોઈ રહે છે. આ પ્રકારની રિક્તતા, નિર્લેપતા અને એકલતા સમગ્ર ચિત્રમાં અનુભવાય છે, અને તેનું કારણ શું છે એ જાણવા જ્યારે મેં ભૂપેનને પૂછ્યું ત્યારે તેમણે સૂક્ષ્મ હાસ્ય સાથે જણાવ્યું કે તેમના પોતાના જીવનમાં જ એકલતા છે ને ? તેઓ અપરિણીત છે અને તેમના નિવાસસ્થાનમાં એકલવાયું જીવન જીવે છે. એક નોકર તેમના ઘરની સર્વે પ્રવૃત્તિઓ સંભાળે છે.

ભૂપેનની અત્યાર સુધીની ચિત્રસર્જનની કારકિર્દીને સુગમતા ખાતર ત્રણ વિશાળ તબક્કાઓમાં વિભક્ત કરી શકાય. શરૂઆતના તબક્કામાં તેમનાં ચિત્રોમાં ભારતીય કાંગડા શૈલી જેવાં લઘુચિત્રોની અસર વરતાય છે. ચિત્રસંયોજનમાં તેની દેખીતી અસર છે જ. ભૂપેનની પોતાની એક વિવેચકની દૃષ્ટિએ તેમનાં શરૂઆતનાં ચિત્રોમાં એક પ્રકારનો રૂપાળો ગુણ સવિશેષ પ્રમાણમાં છે. આ તબક્કામાંથી છુટકારો મેળવવા માટે તેમણે તેમની કારકિર્દીના બીજા તબક્કામાં વ્યાવસાયિક જીવનને લગતાં ચિત્રોની એક શ્રેણી સર્જી. આ ચિત્રોમાં મોચી, હજામ, દરજી, ઘડિયાળી જેવી વ્યાવસાયિક વ્યક્તિઓનાં જીવનમાં અને તેમની ક્રિયાઓમાં તથા તેમનાં કાર્યસ્થળોના સમગ્ર પરિવેશમાં તેઓ આપણને ડોકિયું કરાવે છે. આ ચિત્રોમાં એમણે તેમની આધુનિક સંવેદના વ્યક્ત કરી છે. માનવ-આકૃતિઓ, તેમના ચહેરાઓ, તેમની અદાઓ તથા ચેષ્ટાઓ તથા તેમની આજુબાજુ ટીંગાડેલી કે મૂકેલી વસ્તુઓ વધુ ધ્યાનપાત્ર રીતે આપણી સમક્ષ આવે છે. આ ચિત્રોમાં માનવપાત્રો અને વસ્તુઓની હાજરી હોવા છતાં એકલતાની તીવ્ર અનુભૂતિ થાય છે. અહીં રજૂ થએલાં દરજી કે ઘડિયાળીનાં ચિત્રોમાં ખૂબ આગળ ઊપસી આવે તે રીતે તેમના સરંજામની વચ્ચે અને પૂરા પરિવેશમાં તેઓ આ એકલતા રજૂ કરે છે.

ભૂપેનના ચિત્રસર્જનના ત્રીજા અને હાલના તબક્કામાં તેમણે નેરેશન કથન-વર્ણન કરતાં ચિત્રોનું સર્જન કર્યું છે. આ ચિત્રોને પ્રાચીન અને પરંપરાગત ભારતીય કથાત્મક કે વર્ણનાત્મક માળખું ધરાવતાં આધુનિક ચિત્રો તરીકે પણ ઓળખાવી શકાય. એક જ ચિત્રમાં પ્રસંગને ચિત્રસંરચનાના અલગઅલગ ભાગોના પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવ્યાં છે.

તાજેતરનાં તેમનાં ચિત્રોમાં તેમણે રંગોની રજૂઆતમાં વધુ રસ દાખવ્યો છે.

તેમાં તેમણે અર્ધપારદર્શક અને પારદર્શક રંગોનો સમુચિત ઉપયોગ કર્યો છે. વળી, આ ચિત્રોમાં અમૂર્ત ચિત્રોમાં પ્રયોજાએલા રંગો જેવી અસર પણ તેમણે ચિત્રના કોઈક ભાગમાં નિપજાવી છે, પરંતુ તે વિષયની મર્યાદામાં રહીને જ. લંડનમાં સુખ્યાત ટેટ ગૅલેરીમાં રવીન્દ્રનાથ ટાગોર, યામિની રાય, એમ. એફ. હુસેન, કે. જી. સુબ્રહ્મણ્યમ્ તથા અમૃતા શેરગીલનાં ચિત્રોની જોડે તેમનાં ચિત્રો પણ પ્રદર્શિત થયાં હતાં. એ સમગ્ર ગુજરાતના કલાજગત માટે ગૌરવની વાત છે. ભૂપેને જલરંગોમાં, ગ્લાસચિત્રો તથા ઑઈલ રંગોમાં ચિત્રો કર્યાં છે. હાલ તેમણે ટેરાકોટ (માટીકામ)માં કલાસર્જન કરવા માંડ્યું છે.

ભૂપેનની દૃષ્ટિએ ચિત્રકલાનું ટેક્નિકલ પ્રાધાન્ય કેવળ નહીં કિંતુ કલાકારની કે ચિત્રકારની દૃષ્ટિ જ સૌથી મહત્ત્વની બાબત છે. રંગ અને રેખા પણ ચિત્રકલાના માધ્યમ તરીકે મર્યાદા બને છે. મહાન ચિત્રો તેમના માધ્યમને પણ અતિક્રમી જાય છે. તેમજ તેમાં સમયાતીત તત્ત્વો પડેલાં હોય છે. તેઓ તેમનાં ચિત્રો વિશે કહે છે કે એમને મન ચિત્રકલા અત્યંત ગંભીર વસ્તુ નથી.

ભૂપેન સાહિત્યપ્રેમી જીવ છે. તેમણે ચોટદાર, અસરકારક વાર્તાઓ સર્જી છે. ટૉમસ માન તેમનો પ્રિય લેખક છે.

તેમનો જન્મ ૧૯૩૪માં મુંબઈમાં થયો. ૧૯૬૦માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષા પાસ કરી. ૧૯૬૪ની વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી 'કલાવિવેચન' વિષય સાથે એમ. એ. થયા. ૧૯૬૫થી તેઓ નિયમિતપણે મુંબઈ અને દિલ્હીમાં નિજી મૅન પ્રદર્શનો કરતા રહ્યા છે. અમદાવાદમાં પણ તેમનાં પ્રદર્શનો થયાં છે. આંતરરાષ્ટ્રિય પ્રદર્શનોમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. દેશવિદેશમાં અનેક પ્રદર્શનો તેમણે કર્યાં છે. ચંડીગઢ, નવી દિલ્હી, ન્યૂ યૉર્ક વગેરેનાં મ્યૂઝીઅમોમાં એમનાં ચિત્રો સંઘરાયાં છે.

શહેરી જીવનની કથાત્મક ચિત્રકલાને ભૂપેને શરૂઆતના સિત્તેરના દાયકામાં વિકસાવી. તેઓ કલાના ઇતિહાસના સ્રોતોમાંથી શ્લેષ અને ઠઠ્ઠામશ્કરીનો મુક્ત ઉપયોગ કરે છે. તેમનાં ચિત્રોમાં સુશોભનો સર્જતા કલાકારનો સ્પર્શ દેખાશે. તેમની કારીગર તરીકેની ઊંચી દક્ષતા, કોઈ અનામી ચિહ્ન નિર્લેપતા પણ તેમનાં ચિત્રોમાં દેખાશે.

બી.બી.સી. તરફથી એક ખાસ વિડિયો ફિલ્મ પણ ભૂપેનની ચિત્રકળા માટે તૈયાર કરવામાં આવી છે. બ્રિટનના જાણીતા આધુનિક ચિત્રકાર હિમેને (Hyman) ભૂપેનની ચિત્રકળા પર એક પુસ્તક તૈયાર કર્યું છે. □

અનુસંધાન] **પસ્તીનાં પાનાં** [પૃ. ૨૦થી

નવા વડાપ્રધાન રાજીવ ગાંધી રાજકારણમાં સફળ થશે તેવું મનાવતા બેત્રણ પ્રસંગો પણ છાપામાં વાંચ્યા. ઇન્દિરા ગાંધીના રાજમાં કેટલાક લોકો ઇન્દિરાની બહુ નજીક હતા અને તેમની સરકારમાં ઘણી દાદાગીરી ચાલતી હતી. એવો એક પી.ડબ્લ્યુ.ડી.નો એન્જિનીઅર હતો. આ એન્જિનીઅર ઇન્દિરાના અંત્યેષ્ટી સંસ્કાર વખતે બધી વ્યવસ્થાના ચાર્જમાં હતો. તેની દિલ્હીની નોકરીની મુદત પૂરી થતાં તેના મૂળ રાજ્ય ઉત્તર પ્રદેશમાં પાછા જવાનો વખત આવ્યો. પણ સેક્રેટરીને ખબર કે તે ઇન્દિરાના કુટુંબનો માનીતો છે એટલે સેક્રેટરીએ એક આખું પાનું ભરીને અને બીજા પાના ઉપર પા ભાગ ભરાય તેવી નોંધ તૈયાર કરી કે તેની દિલ્હીમાં જરૂર છે માટે તેને રાજ્યમાં પાછો મોકલવાને બદલે દિલ્હી ચાલુ રાખવામાં આવે. આ નોંધ વડા પ્રધાન પાસે મૂકવામાં આવી. રાજીવે નોંધનાં બીજા પાના ઉપર જે પોણો ભાગ કોરો હતો તે આખો ભરાય તેવો ૮ ઇન્ચનો No લખીને સહી કરી!

એ જ રીતે રાજીવનો પર્સનલ સેક્રેટરી એક સમિતિનો કન્વીનર હતો. સરકારી કારખાનાંઓની કામગીરી સુધારવાની વ્યવસ્થા સૂચવવાનું કમિટીનું કામ હતું. કમિટીએ ૩૧ ડિસેમ્બર સુધીમાં રિપોર્ટ આપવાનો હતો. કન્વીનરે નોંધ મૂકી કે કમિટીને તેનું કામ પૂરું કરવા ત્રણ માસનું એક્સ્ટેન્શન આપવું અને ૩૧ માર્ચે અહેવાલ આપવાની પરવાનગી આપવી. નોંધ ઉપર રાજીવે શેરો મૂક્યો, '૩૧ ડિસેમ્બર એ ૩૧માર્ચ નથી.' અત્યાર સુધી સબ ચલતા હૈ એવું તંત્ર હતું. તે હવે ઐસા નહિ ચલેગા તેવું તંત્ર ગોઠવવાનો તે પ્રયત્ન કરી રહ્યો છે.

આ ૮ ઇન્ચીઆ No અને 31 March is not 31 Decemberની એવી અસર થઈ કે નિકાસ માટેની એક સમિતિનો અધ્યક્ષ શ્રી હમીદ કોમર્સ ખાતાનો સેક્રેટરી હતો. તેની રિટાયર થવાની તારીખ ૧૬ જાન્યુઆરી હતી. તેણે કમિટીનો રિપોર્ટ આપવાની તારીખ પણ ૧૬મી જાન્યુઆરી નક્કી કરાવી હતી. આશા એવી હતી કે રિપોર્ટ આપતાં થોડી વાર લાગશે એમ કહી ત્રણ મહિનાનું એક્સ્ટેન્શન માગવું અને આમ પોતાની નોકરીનું પણ આપોઆપ એક્સ્ટેન્શન મળી જાય. ઇન્દિરાના રાજમાં એવું ચાલતું. પણ પેલો ૮ ઇન્ચીઆ No અને ૩૧ માર્ચ તે ૩૧ ડિસેમ્બર નથી તે જાણ્યા પછી હમીદ સાહેબ પણ ઠેકાણે આવી ગયા અને રાતના ઉજાગરા કરીને પણ ૧૬મી જાન્યુઆરી એ રિપોર્ટ તૈયાર કરી લીધો !!

કંકાવટી

હિલેરી રોધમ ક્લીન્ટન

અમેરિકાના પ્રમુખ બિલ ક્લીન્ટનનાં પત્ની, અમેરિકાની પ્રથમ મહિલા એક બાહોશ વકીલ અને સ્વસત્ત્વશીલ મહિલા એટલે હિલેરી રોધમ ક્લીન્ટન. હિલેરીનું વ્યક્તિત્વ અત્યાર સુધીની પ્રથમ અમેરિકન મહિલા કરતાં સાવ નિરાળું છે.

પ્રમુખ ક્લીન્ટનના, ડેમૉક્રૅટિક પક્ષના ચૂંટાયેલા નવા રાષ્ટ્રપ્રમુખ તરીકે હિલેરીનું વ્યક્તિત્વ એટલું બધું ભાતીગળ રહ્યું છે કે અમેરિકનો તેમજ દુનિયાના અન્ય દેશોના લોકો હજી એનો તાગ પામી શક્યાં નથી.

ફ્રાન્સના પ્રમુખ એદોવર્દ બોલ્લાદર (Edovard Bolladar) હિલેરીની આગળ પડતી જાહેર પ્રતિભાને વિચિત્ર અને મિશ્ર રીતભાતવાળી ગણે છે. જર્મનો એને શ્રેષ્ઠ સ્ત્રી (Blonde Eminence) તરીકે ગણે છે. બ્રિટિશર્સ તો અંતરથી એવું ઇચ્છે છે કે હિલેરીનું વ્યક્તિત્વ, ડેનિસ થૅચરની જેમ મૂક અને ભાવવિહોણું હોવું જોઈએ. રશિયનોને એના તેજસ્વીપણામાં રાઈસા ગર્બોચોવ દેખાય છે. ચાઈનીઝ લોકોને એ માદામ માઓની જેમ ભયંકર લાગે છે.



લૅટિન અમેરિકાનાં લોકોને હિલેરી સગાવાદની પુરસ્કર્તા લાગે છે. યુનાઈટેડ સ્ટેટ્સના લોકો એની બુદ્ધિપ્રતિભાને જાણવા છતાં પણ એના પ્રથમ મહિલા બન્યાં પછી એની પ્રશંસા કરી શકતા નથી. કારણ કે એ રાજકારણમાં પ્રમુખની હારોહાર કામ કરે છે એ તેઓને ખટકે છે. ઉપરાંત એનું આટલું બધું વર્ચસ્વ જોઈને લોકો સચેત થઈ ગયા છે. એમને મન તો પ્રથમ મહિલા એટલે સૌન્દર્ય, ફૅશન અને આગવી રીતભાત ધરાવતી, પ્રમુખથી બે ફૂટ પાછળ ચાલતી એવી ચીલાચાલુ સ્ત્રી હોય. એને જ કહી શકાય કે આ પ્રમુખપત્ની છે. દાખલા તરીકે 'જેકી કૅનેડી ઓનાસીસ.'

યેલ યુનિવર્સિટીમાં હિલેરી અને બિલ ક્લીન્ટન સાથે અભ્યાસ કરતાં હતાં. જ્યારે જ્યારે કૉલેજની લૉબીમાં મળે ત્યારે એકબીજાં સામું તાકીતાકીને જોઈને આગળ ચાલી જાય. આમ, ઘણો વખત ચાલ્યું. એક દિવસ જ્યારે બન્નેની 'મળી દૃષ્ટોદૃષ્ટ' ત્યારે હિલેરીએ એકદમ બિલને અટકાવ્યો અને કહ્યું 'મને લાગે છે કે આપણે એકબીજાંને ઓળખી લેવાં જોઈએ. હું હિલેરી રોધમ છું. તારું નામ શું છે?' બસ, ત્યારથી જે સહવાસ શરૂ થયો તે હજી પણ સરસ રીતે ચાલે છે. આના ઉપરથી એ દંપતીના જીવનમાં હિલેરીનું વર્ચસ્વ રહ્યું છે એ જાણી શકાય છે.

૧૯૭૦ની વાત છે. બિલ ક્લીન્ટન ત્યારે આર્કન્સાસના ગવર્નર હતા. ત્યારે હિલેરીએ પોતાની અટક બદલાવી નહોતી. તેમજ એ ગવર્નરનાં પત્ની હોવા છતાં પોતાની વકીલાતની પેઢીમાં જતાં હતાં. સાધારણ રીતે સામાન્ય સ્ત્રી આવું કરે નહિ. આર્કન્સાસમાં ત્યારે બાળશિક્ષણ માટેની એક કમિટી કામ કરતી હતી. ક્લીન્ટને હિલેરીને આ કમિટીનાં પ્રમુખ બનાવ્યાં હતાં. હિલેરીએ પણ મન દઈને આ સંસ્થામાં કામ કર્યું. એક વખત એક કમિટીની સભામાં હિલેરીએ ધારાસભ્યો સમક્ષ, કમિટીનો વચગાળાના ચુકાદાનો હેવાલ જોરદાર ભાષણ આપી રજૂ કર્યો હતો. આ વખતની એની કામગીરી ઘણી જ પ્રશંસાપાત્ર થઈ હતી. ત્યારે રાજ્યનો એક પ્રતિનિધિ લોઈડ જ્યૉર્જ કે જે ગવર્નર ક્લીન્ટનનો ટીકાકાર હતો એ એકદમ ઊભો થઈ બોલી ઊઠ્યો : 'સજ્જનો, આપણે ક્લીન્ટનને ખોટા ચૂંટ્યા છે.'

પંદર વર્ષ પછી અમેરિકાના પ્રમુખ તરીકે બિલ ક્લીન્ટન ચૂંટાયેલા જાહેર થયા ત્યારે સત્તાધીશ અમેરિકન કૉંગ્રેસે પાછી આવી જ લાગણી અનુભવી હતી. અને થયું પણ એવું જ કે ત્યારે જ બિલ ક્લીન્ટને પોતાની 'સ્વાસ્થ્ય સુધારણા'ની મહાત્ત્વાકાંક્ષી યોજના શરૂ કરી. એના પ્રમુખ તરીકે હિલેરીની નિમણૂક કરી. 'સ્વાસ્થ્ય સેવા' સંસ્થા માટે ઉપપ્રમુખના કરતાં પણ વધારે સહાય મળતી હતી. રિપબ્લિકન લોકોએ આ નિમણૂકનો વિરોધ કર્યો હતો. પરંતુ અન્તરથી તેઓ રાજી થતા હતા. કે જો આ યોજના સફળ ન થાય તો ક્લીન્ટનની નાલેશી થશે અને એણે પીછેહઠ કરવી પડશે. હિલેરી આ સંસ્થા સ્વતંત્ર રીતે ચલાવે છે. અડચણો આવે છે, પણ દૂર કરે છે. આત્મવિશ્વાસ અને દૂરંદેશીપણાથી કામ ખંતથી કરે છે. લોકોને હતું કે આમાં તો લાંચરુશ્વત, સગાંવાદ બધું ચાલશે. પરંતુ જ્યારે લોકોએ જોયું કે હિલેરી સહૃદયતાથી કુશળતાથી સ્વચ્છ રીતે વહીવટ કરે છે ત્યારે તેઓ છક થઈ ગયા અને પછી તો હિલેરીને પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવ્યું. લોકોએ કહ્યું : 'હિલેરીની કુશળતાથી અમે આશ્ચર્યમય ગૂંચવણમાં ગૂંચવાઈ ગયા. જ્યાં કામકાજ માટે મદદનીશોની સહાય લેવી પડતી હતી ત્યાં એ કામ હિલેરીએ એકલે હાથે એક કલાતજ્જ્ઞની અદાકારી અને કુશળતાથી કરી બતાવ્યું.' એક કૉંગ્રેસીએ તો કહેવત

(અનુસંધાન પૃ. ૪૮ ઉપર)

અડકો દડકો

શિયાળવી, સસલું અને કૂકડો

—શ્રદ્ધા ત્રિવેદી

એક હતી શિયાળવી ને એક હતું સસલું. બંનેનાં ઘર સાથે સાથે. સસલાએ લીંબુડીનાં ડાળપાનથી સરસ મજાની ઝૂંપડી બનાવીતેને આરામથી તે તેમાં રહેતું. જ્યારે શિયાળવી તો બરફના ઘરમાં રહે.

સમય પસાર થતો ગયો. ઋતુઓ બદલાતી ગઈ. કડકડતી ઠંડીવાળો શિયાળો પૂરો થયો ને મસ્ત મજાની વસંત આવી. પોતાની સાથે કુમળો કુમળો-મીઠો મીઠો તડકો લાવી. સૌ ખુશ થયાં; પણ ના ગમ્યું એક શિયાળવીને. કેમ ના ગમ્યું તેની ખબર છે? શિયાળવીનું ઘર હતું બરફનું. તે તડકો આવતાં પીગળી ગયું. જ્યારે પાડોશમાં રહેતા સસલાભાઈનું ઘર તો જેવું હતું તેવું ને તેવું અકબંધ રહ્યું. પોતાનું ઘર પીગળી ગયું એટલે શિયાળવીએ સસલાને કહ્યું : 'અરે સસલાભાઈ, મારું ઘર તો પીગળી ગયું. મને તમારા ઘરમાં ના રહેવા દો?' સસલાને દયા આવી. કહે : 'અરે, એમાં પૂછવાનું શું? તમારું જ ઘર માનીને રહો! પાડોશીને મદદ તો કરવી જ જોઈએ ને!' ને શિયાળવી સસલાની ઝૂંપડીમાં રહેવા લાગી. ને રહેતાં રહેતાં તેણે ઝૂંપડી પડાવી લીધી. 'હું હવે અહીં જ રહીશ. તું તારે બીજું ઘર બનાવ. અથવા જે કરવું હોય તે કર. હું હવે અહીંથી નહીં ખસું.'

બિચારું નાનું સસલું! રડી પડ્યું. હવે કરવું શું? એ તો રસ્તા પર ચાલવા માંડ્યું. ચાલતું જાય ને રડતું જાય. રડતું જાય ને ચાલતું જાય.

આમ, રખડતાં રખડતાં તે રસ્તા પર ચાલતું હતું. ત્યાં તેને એક કૂતરો મળ્યો. 'હાઉ...હાઉ...હાઉ... કેમ છો બકુડા સસલાભાઈ! અરે, તમે રડો છો? કેમ? કેમ રડો છો?'

સસલું કહે : 'અરે, કૂતરાભાઈ, શું વાત કરું? તમને વાત કરીનેય શું? રહેવા દો. મને મારે રસ્તે જવા દો.'

કૂતરો કહે : 'ના, હવે તો મને તારી વાત કહે જ કહે. તું રડે છે કેમ? મારાથી થાય તેટલી મદદ કરીશ.'

સસલું બોલ્યું : 'તો સાંભળો. મેં લીંબુડીનાં ડાળપાનથી સરસ ઝૂંપડી બનાવી હતી. ને બાજુમાં શિયાળવી બરફના ઘરમાં રહેતી હતી. હવે થયું એવું કે તેનું બરફનું ઘર પીગળી ગયું. તે મારા ઘરમાં આશરો માગતી આવી. મેં તેને રાખી. તો હવે એ જ મને કાઢી મૂકે છે. મારી ઝૂંપડી પણ એણે પચાવી પાડી. ને મને... મને આમ રસ્તે રખડતું કરી દીધું. હું રડું નહીં તો શું કરું ?'

આ સાંભળી કૂતરો બોલ્યો : 'અરે! એ શિયાળવીની આ હિંમત! ચાલ મારી સાથે. હું હમણાં ને હમણાં ત્યાં જાઉં છું. ને અબઘડી શિયાળવીને ભગાડી મૂકું છું. અરે એય સસલાભાઈ! હવે રડવાનું બંધ કરો ને જુઓ આ કૂતરાનો ઝપાટો.'


સસલું કહે : 'ના, ના, તમે નહીં કાઢી શકો. બહુ જબરી છે.'

કૂતરો બોલ્યો : 'અરે ભલેને એ ગમે તેટલી જબરી હોય. તું જો. હવે એ છે ને સામે હું છું, ચાલ.'

ને કૂતરો ભસતો ભસતો આવ્યો ઝૂંપડી પાસે ને જોરથી બોલ્યો : 'હાઉ...હાઉ...હાઉ... એય શિયાળવી, તું બહાર આવ. આ સસલાને એની ઝૂંપડી પાછી આપી દે. બહાર આવે છે કે નહીં?'

સાંભળીને ઝૂંપડીમાંથી એટલા જ જોરથી શિયાળવી બોલી : 'અરે જા, જા. સસલું શું ને વાત શી? હું કાંઈ આ ઝૂંપડીમાંથી બહાર નીકળવાની નથી. જો ભૂલેચૂકેય એક છલાંગ મારીને બહાર આવીને તો તારા કટકે કટકા કરી નાખીશ. અરે! તારા શરીર પરના બધાય વાળ છૂટા કરીને હવામાં ઉડાડીશ.'

આવું સાંભળીને કૂતરો તો બી જ ગયો. વધારે કશું કહ્યા વગર




દબાવેલી પૂંછડીએ જાય ભાગ્યો.

નાનું સસલું ફરી રડતું જાય ને રસ્તા પર ચાલતું જાય. થોડી વાર થઈ કે એને એક રીંછ મળ્યું. એને રડતું જોઈ રીંછ ઊભું રહ્યું ને પૂછવા લાગ્યું : 'અરે સસલા, સદાય નાચતાં-કૂદતાં રહેવાનું ભૂલીને આમ કેમ રડે છે? શું દુઃખ આવી પડ્યું છે?'

સસલું કહે : 'અરે રીંછભાઈ! વાત જ ના કરો. તમને ખબર છે ને કે મેં લીંબુડીનાં ડાળપાનથી એક ઝૂંપડી બનાવી હતી. ને મારી બાજુમાં પેલી શિયાળવી બરફના ઘરમાં રહેતી હતી. હવે થયું એવું કે તેનું બરફનું ઘર પીગળી ગયું. ને તે મારી ઝૂંપડીમાં આશરો લેવા આવી. મેં એને રાખી. તો એણે મને મારા જ ઘરમાંથી તગેડી મૂક્યું. મારી ઝૂંપડી તેણે પચાવી પાડી. હું ઝૂંપડી વગરનું થઈ ગયું. હું રડું નહીં તો શું કરું?'

આ સાંભળી રીંછ કહે : 'એમ? તો એ શિયાળવીએ તારી ઝૂંપડી પચાવી લીધી. અરે! હું હમણાં જ તેને મળું છું. ને સીધી દોર કરું છું. તારી ઝૂંપડી એ કેવી પાછી નથી આપતી તે જોઉં! ચાલ, હવે તું રડવાનું બંધ કર ને ચાલ મારી સાથે ત્યાં.'



સસલું કહે : 'ના, ના, તમે માનો છો પણ તમે તેને કાઢી નહીં શકો. એ બહુ જબરી છે'

રીંછ બોલ્યું : 'અરે એ ગમે તેવી જબરી ભલેને હોય, પણ આ રીંછ આગળ એના શા ભાર? મારો એક જ ઘાંટો સાંભળશે ને કે એવી દૂમ દબાવીને ભાગશે કે તું જોયા જ કરશે. બંધ કર હવે રડવાનું ને ચાલ.'

સસલું બોલ્યું : 'પણ તમે સાંભળો. કૂતરોય એને નથી કાઢી શક્યો. ને તમેય નહીં કાઢી શકો. સાચે જ તે જબરી છે.'

રીંછ બોલ્યું : 'એમ કે? ચાલ ત્યારે તું ય આજે જો કે અમારા બેમાં કોણ વધારે જબરું છે? એ કે હું?' ને રીંછ સસલાની ઝૂંપડી પાસે ગયું. બરાડો પાડીને કહેવા લાગ્યું : 'અરે એય શિયાળવી, બહાર નીકળ ને આ સસલાને એને ઝૂંપડી આપી દે. તુરત જ અંદરથી શિયાળવી બોલી : 'અરે જા, જા. હું અહીંથી ખસવાની નથી. ને જો મને બહુ કહીશને તો એક જ છલાંગે તારી ઉપર ત્રાટકીશ. ને તારા ટુકડે ટુકડા કરી નાખીશ. મને ઉશ્કેર નહીં. નહીં તો તારા શરીર પરના બધાય વાળ ઊખડીને શેરીના રસ્તે ઊડતા થઈ જશે.'

આ સાંભળી રીંછ તો બરફની જેમ ઠરી જ ગયું. બાપ રે! શિયાળવી તો બહુ જબરી! ને એ સસલાની સામેય જોવા ના રહ્યું ને ભાગ્યું.

નાનું સસલું તો વળી રડતું જાય ને રસ્તા પર ચાલતું જાય. થોડી વારે તેને એક બળદ મળ્યો. રડતા સસલાને જોઈ કહે : 'અરે એય સસલા, રડે છે કેમ? મને કહે, તને મદદ કરું.'

સસલું કહે : 'અરે ભાઈ, મને કોઈ મદદ નહીં કરી શકે. જવા દો.'

બળદ બોલ્યો : 'ના, ના, મને કહે. હું આટલો મોટો તને મદદ ના કરું તો ખલાસ! કહે તું કેમ રડે છે?'

સસલું કહે : 'તો સાંભળો. મેં લીંબુડીના ડાળપાનમાંથી સરસ ઝૂંપડી બનાવી હતી. મારી બાજુમાં શિયાળવી બરફના ઘરમાં રહેતી હતી. હવે થયું એવું કે તેનું બરફનું ઘર પીગળી ગયું. તે મારા ઘરમાં આશરો લેવા આવી મેં એને રાખી. એણે મને જ મારા ઘરમાંથી કાઢી મૂક્યું. મારી ઝૂંપડી તેણે પચાવી પાડી. હું રડું નહીં તો કરું શું?'

આ સાંભળી બળદ કહે : 'અરે, એમાં રડે છે શું? એને આ શિંગડું વીંઝતામાં જ કાઢી મૂકીશ. ચાલ, તું રડ નહીં. હવે હું છું ને શિયાળવી છે! જોયા કર!'

સસલું બોલ્યું : 'અરે બળદભાઈ! એ બહુ જબરી છે. કૂતરોય તેને નથી કાઢી શક્યો. અરે રીંછ પણ નહીં. મને લાગે છે તમેય નહીં કાઢી શકો.'

બળદ કહે : 'અરે ભલાભાઈ! તેં આ બળદનો મિજાજ જોયો નથી, માટે આમ કહે છે. મારી એક જ હાક સાંભળીને એ શિયાળવીનાં હાંજાં જ ગગડી જશે. ચાલ તો જોઉં છું - એ બહાર નીકળે છે કે નહીં?' ને પોતાનાં મોટાં મોટાં શિંગડાં ને સરસ મજાનું પૂંછડું હલાવતો હલાવતો બળદ ચાલ્યો ને સસલાની ઝૂંપડી સામે જઈ

ઊભો રહ્યો : 'એય શિયાળવી! બહાર નીકળ!' ને ત્યાં જ અંદર રહ્યે રહ્યે શિયાળવી બોલી : 'અરે જા, જા. હું નહીં નીકળું. જો હું એક જ કૂદકો દઈને ત્યાં આવીશને તો તારા કટકે કટકા કરી નાખીશ.' આ સાંભળી બળદ ડરી ગયો ને એકદમ ત્યાંથી ભાગી છૂટ્યો.

નાનું સસલું તો રડતું જ રહ્યું. એ રડતું રડતું વળી રસ્તે આગળ ચાલવા માંડ્યું. ચાલતું જાય ને રડતું જાય. રડતું જાય ને ચાલતું જાય. એ રસ્તા પર સામેથી એક કૂકડો આવતો હતો. કૂકડાના ખભે દાતરડી હતી. ને તે લહેરથી ચાલતો હતો. તેની નજર આ રડતા સસલા પર પડી. 'અરે, એય મારા વહાલા બકુડા સસલા! કેમ રડે છે? શું દુઃખ આવ્યું તારે માથે કે આમ રડતું રડતું ચાલે છે?'

આ સાંભળી સસલું કહે : 'અરે મારા દુઃખની શી વાત કરું? રડ્યા સિવાય હવે હું કરી પણ શું શકું?'

કૂકડો કહે : 'અરે મને માંડીને વાત કર.'

સસલું બોલ્યું : 'મેં લીંબુડીનાં ડાળપાનથી ઝૂંપડી બનાવી હતી. ને શિયાળવી બરફના ઘરમાં રહેતી હતી. તેનું બરફનું ઘર તાપને કારણે પીગળી ગયું. મારી ઝૂંપડીમાં તેણે આશરો માગ્યો. મેં તેને રાખી. હવે તેણે મારી ઝૂંપડી લઈ લીધી. ને મને જ બહાર કાઢી મૂક્યું. હું રડું નહીં તો કરું શું?'

'અરરર! એમ વાત છે તો! હવે જો. તું જરાય ગભરાઈશ નહીં. શિયાળવીને હું અબઘડી કાઢી મૂકું છું. ને તને તારી ઝૂંપડી પાછી અપાવું છું'. કૂકડો બોલ્યો.

'અરે કૂકડાભાઈ! તમે એને ઓળખતા નથી, માટે આમ કહો છો. તમે એને નહીં કાઢી શકો. એ બહુ જબરી છે. અરે, તમે તો બહુ નાના છો. પેલો મોટો કૂતરો, રીંછ અને બળદ પણ એને ન કાઢી શક્યા. એ બધાને એણે ભગાડ્યા. એ બહુ જબરી છે. તમને ય...'

કૂકડો કહે : 'ભગાડી દેશે એ મને? તો જો હવે તું, કોણ ભાગે છે?' એમ કહી કૂકડો પહોંચ્યો સસલાની ઝૂંપડી પાસે ને બોલ્યો :

'કૂકડે કૂક, કૂકડે કૂક,
શિયાળવી, મુજ આગળ ઝૂક.
લાવ્યો છું હું દાતરડી
ખેંચી કાઢીશ આંતરડી
નીકળ તું જલદી બહાર
નહીં તો કટકા કરું હજાર.'

દાતરડી લઈને કૂકડો પોતાના કટકા કરવા આવ્યો છે એમ સાંભળ્યું કે અંદર રહ્યે શિયાળવી તો થરથર ધ્રૂજવા લાગી. તે તો બી ગઈ. એટલે ધીમે રહી બોલી : 'હું... હું કપડાં જ પહેરું છું. થોડી વારમાં આવું છું.' થોડી વાર થઈ કે કૂકડો ફરી બોલ્યો:

'કૂકડે કૂક, કૂકડે કૂક,
શિયાળવી, મુજ આગળ ઝૂક.
લાવ્યો છું હું દાતરડી,
ખેંચી કાઢીશ આંતરડી,
નીકળ તું જલદી બહાર,
નહીં તો કટકા કરું હજાર.'

આ સાંભળી શિયાળવી ગભરાઈ ગઈ. કહે : 'અરે, બસ, હું આ બહાર આવી. આ છેલ્લે કોટ જ પહેરું છું.'

એટલે ગુસ્સે થઈ કૂકડો કહે : 'આટલી બધી વાર શી? ઝટ આવ. ક્યારનો ખભે દાતરડી લઈ ઊભો છું.' શિયાળવી તો ધીમે રહી બહાર આવી ને કૂકડાને દાતરડી સાથે જોઈને પલકવારમાં જ ત્યાંથી એક જ છલાંગે જાય ભાગી!

સસલાભાઈ તો આમ તેને ભાગતી જોઈ ખુશ ખુશ થયા. પોતાની ઝૂંપડી પાછી મળી તેથી તેમનો આનંદ તો સમાતો નહોતો. તેણે કૂકડાભાઈને કહ્યું : 'તમે મને મારી ઝૂંપડી પાછી અપાવી તો હવે તમે પણ અહીં જ રહો તો મને ખૂબ ગમશે.'

પછી બેઉ જણ ત્યાં આનંદથી રહેવા લાગ્યાં ને ખાઈપીને મજા કરવા લાગ્યાં.

[તો સાંભળીને તમે આ વાર્તા. જુઓ, મેં તમને વાર્તા સાંભળાવી, તો હવે મને ઇનામ આપો! ઇનામમાં મારે જોઈએ માખણભર્યો વાટકો હોં કે!]

નોંધ : ત્યાંની વાર્તાનો અંત આ પ્રમાણે છે 'જ્યારે ત્રીજી વાર કૂકડો શિયાળવીને બોલાવે છે પછી -

શિયાળવી બહાર આવે છે. જેવી તે બહાર આવે છે કે કૂકડો દાતરડી વડે તેને કાપી નાખે છે. ને સસલાની સાથે સુખ શાંતિથી રહે છે.

મમ્મા દૂધ આપો

મમ્મા દૂધ આપો,
મીની આવી.
મીની નો કે'વાય? શું કે'વાય?
માસી આવી?!
મમ્મા દૂધ આપો...
માસી નો કે'વાય? શું કે'વાય?
ફોઈ આવી?!
મમ્મા દૂધ આપો...
ફોઈ નો કે'વાય? શું કે'વાય?
મામી આવી ?!
મમ્મા દૂધ આપો...
મામી નો કે'વાય? શું કે'વાય?
કાકી આવી?!
મમ્મા દૂધ આપો...
કાકી નો કે'વાય? શું કે'વાય?
નાની આવી?!
મમ્મા દૂધ આપો...
નાની નો કે'વાય? શું કે'વાય?
દાદી આવી?!
મમ્મા દૂધ આપો...
દાદીનો કે'વાય? શું કે'વાય?
મમ્મા દૂધ આપો...
માસી નો કે'વાય...
ફોઈ નો કે'વાય...
મામી નો કે'વાય...
કાકી નો કે'વાય...
નાની નો કે'વાય...
દાદી નો કે'વાય...
મમ્મા, મમ્મા, મમ્મા દૂધ આપો,
મમ્મી આવી!!

•

હરિકૃષ્ણ પાઠક

અનુસંધાન] **ચૂનીલાલ પુરુષોત્તમદાસ બારોટ** [પૃ. ૭ થી

કરવા 'ભટ્ટભાસ્કર'ના માધ્યમથી પ્રથમ પાને જાહેરાત આપવાની હિંમત દર્શાવીને અનેક પ્રયત્નો કર્યા. સ્વાતંત્ર્યસેનાની, પત્રકાર, લેખક અને સમાજસુધારક મોતીલાલ શર્મા ચૂ.પુ. માટે નોંધે છે કે, 'તેઓ મને કર્તવ્યનિષ્ઠ અને સાચાબોલા લાગ્યા છે. એમની જ્ઞાતિ માટે કેળવણીની ધગશ અજોડ છે. કોઈ એક પુરુષે જ્ઞાતિની આટલી લાંબી સેવાઓ કર્યાનો એમના પિતાતુલ્ય શ્રી પુરુષોત્તમદાસ માતરવાળા સિવાય બીજો દાખલો મારા ખ્યાલમાં નથી.'

આમ, રાષ્ટ્ર, સમાજ અને જ્ઞાતિની સેવા કરનાર ચૂ.પુ.એ સાહિત્યક્ષેત્રે ખેડાણ કર્યું હતું. ગ્રંથાલયશાસ્ત્રમાં અજોડ એવાં બે પુસ્તકો (૧) રંગનાથન સૂચીકરણ અને (૨) રંગનાથન વર્ગીકરણ, ઉપરાંત (૩) ઇસ્લામનો સુવર્ણયુગ, (૪) જાપાનનો ગાંધી કગાવા, (૫) બેતાજ બાદશાહ - સર ફિરોજશાહ મહેતા, (૬) બંગ-કેસરી સુરેન્દ્રનાથ બૅનરજી, (૭) 'બળવાની બીજી બાજુ' (જેના પર બ્રિટિશ સરકારે પ્રતિબંધ મૂક્યો હતો) પુસ્તકો ઉપરાંત દેશવિદેશના અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ, વીરપુરુષો, મહાત્માઓ, રાષ્ટ્રભક્તો પર અનેક લેખો લખ્યા.

'સાબરમતી', 'પ્રસ્થાન' અને 'ભટ્ટભાસ્કર' જેવાં સામયિકો અને પત્રોમાં લેખમાળા લખવાનું અને 'ભટ્ટભાસ્કર'ના તંત્રી તરીકે તેનું સફળ સંચાલન કરવાનું કામ પણ વર્ષો સુધી સંભાળી પોતાની બહુમુખી પ્રતિભા દર્શાવી છે. એ જ રીતે સ્વદેશી અને ખાદીપ્રચારની પણ પ્રિય પ્રવૃત્તિઓ એમણે આજીવન નિભાવી છે. ચૂ.પુ.ની આ બહુમુખી પ્રતિભા અને સમાજ, રાષ્ટ્ર તથા જ્ઞાતિની સેવાને લીધે, વામન કદ છતાં વિરાટ વ્યક્તિત્વ ધરાવતા આ અદના સેવકરૂપ હતા. માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિ જ નહિ પરંતુ સમગ્ર સમાજનું ગૌરવ તા. ૩૧-૧૦-૧૯૮૩ના રોજ ૮૪ વર્ષની જૈફ વયે નિધન થતાં સમાજે યૌવનના થનગનાટથી સદૈવ કાર્યરત નિષ્ઠાવાન અદના સેવકની ચિરકાલીન ખોટ અનુભવી છે. □

અનુસંધાન] **અબજો સામે એક** [પૃ. ૨૬ થી

ખતમ કરી નાખશું.'


બે દિશામાં પથરાઈ ગયેલી કીડીઓ આગળ વધતી, નહેરના, જે ઘોડાની નાળના આકાર જેવી હતી તેના, નીચેના બે છેડા સુધી પહોંચી ગઈ. ત્યારે ચાર વાગવા આવ્યા હતા. આગળ વહેતી નદીનાં નીર જોઈ કીડીઓ થંભી ગઈ. કીડીઓને કોઈ અજ્ઞાત રીતે પાણીના નડતરનું જ્ઞાન થઈ જતું હશે. જે હોય તે, એ જ્ઞાન કોઈ તાર ઉપર જતા સંદેશાની જેમ, ઘડીકમાં તો કટકની આખી પાછળની હરોળો સુધી પહોંચી ગયું.

લેનિન્જન નહેરના જે છેડે અશ્વ ઉપર ફરી રહ્યો હતો તે હવે સંપૂર્ણ સજાગ થઈ ગયો. ચારે તરફ એ તો ફરતો થયો. એણે જોયું કે પાછળની હરોળોને પહોંચેલ સંદેશાની અસર, ગમે તે કારણે. દક્ષિણ છેડે જમા થયેલી કીડીઓ ઉપર વધુ થઈ હતી. લેનિન્જનને લાગ્યું કે, નહેર પાર કરવાની શક્યતા ન હોઈ કીડીઓ કદાચ પાછી ફરી જવાની હશે અને જ્યાં સહેલાઈથી પહોંચીને બધું ચાવી જવાય તેવા સ્થળ તરફ વળી જશે !

લેનિન્જનનો એ ભ્રમ ઘડીકમાં જ ભાંગી પડ્યો. દૂર સરહદ ઉપરના ચોકિયાતોના શોરબકોર સંભળાતાં લેનિન્જને અશ્વને એડી મારી અને દક્ષિણ સરહદે પહોંચી ગયો - જ્યાંથી બૂમો સંભળાયેલી. ત્યાં પહોંચતાં એણે જે જોયું તેથી એનો શ્વાસ થંભી ગયો. (ક્રમશઃ)

સાહિત્યસંપર્ક

દાનોસો, દિવંગત



૧૯૭૧માં ચીલીના કવિ પાબ્લો નેરુદાને નોબેલ પારિતોષિક એનાયત થયું ત્યારે અન્ય ભાષાભાષીઓને લૅટિન અમેરિકાના સત્ત્વનો અને સ્વત્વનો ખ્યાલ આવ્યો. આ જ ભાષાના એક બીજા ચર્ચાસ્પદ નવલકથાકાર તે યોઝ દોનોસો. તાજેતરમાં જ ૭૨ વર્ષની વયે તેમનું અવસાન થયું. વિવેચકોએ નોંધ્યું છે કે આ સદીના સાતમા - આઠમા દાયકામાં એમણે નીતિબોધકથાવાળી નવલકથાનો પ્રકાર પ્રચાર્યો અને પ્રસાર્યો. સાહિત્યિક માન્ય ધોરણોથી તેઓએ વિપરીત ગદ્યશૈલી અપનાવી અને અજમાવી. મનુષ્યના દિમાગ અને સામાજિકના મનમાં પ્રવેશી ત્યાં જે કંઈ સંકુલ ઘટનાઓ ઘટે છે તેનું કથન કરવાની તેમણે આશાસ્પદ શક્યતાઓ જન્માવી છે. ૧૯૭૦માં પ્રકટ થયેલી એમની કૃતિ 'ધી ઑબ્સીન બર્ડ ઑવ્ નાઈટ' આ પ્રકારની રચના છે, એમ વિવેચકોનું કહેવું છે. એમાં રૂઢિભંજકો અને સ્વૈરવિહારીઓથી ઊભરાતી કોઈ જાગીરની કથા છે. આવા સમાજમાંથી ભાગી છૂટીને કથાનો કથક કોઈ ઉદ્દામ સ્વરૂપાંતર સર્જે છે. એમની કલમમાંથી બહુધા અમીરશાઈ અવનતિ, સન્નિપાત અને કઠોર ટ્રૅજડિનું સર્જન થતું રહ્યું છે. તેઓના મતે પોતાનું લખાણ કોઈ અંધારી અસંગત સૃષ્ટિમાંની સાહસિક સફર છે. એમની આવી પ્રણાલિકાથી ઊફરી ચાલતી. રચનાઓ અને ભાષાશૈલીએ ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું છે. - ધી.પ.

મિતાક્ષરી

સુખના શિખરને માર્ગે એક ડગલું બસ થાય : શ્રી હરિલાલ અ. શાહનું આ પુસ્તક આજના ભૌતિક વાયુવંટોળમાં ઊડાઊડ કરતી અને અટવાતી જનતાને સુખ શામાં છે અને તે શી રીતે પ્રાપ્ત થઈ શકે તેનું વિચારભાથું પૂરું પાડ્યું છે. મોટા વિચારક-ચિંતક હોવાનો દાવો કર્યા વગર નિખાલસ નમ્રતા દાખવી લેખકે પોતાના અનુભવનો અર્ક અહીંનાં ૧૫ જેટલાં લઘુ લખાણોમાં રજૂ કર્યો છે, વિચારોની તર્કબદ્ધતા અને ભાષાશૈલીની સરળતાને કારણે સામાન્ય વાચકને પણ તે પથ્ય થાય તેવું છે અને પ્રેરણાબોધ આપી રહે તેવું છે. આ પ્રકારનાં ફૅશનપરસ્ત કૃતક ચિંતનલેખોથી આ લખાણો તેની નિર્દંભતાને કારણે અને સચ્ચાઈપૂર્વકની અભિવ્યક્તિને કારણે ઉપયોગી થઈ પડશે અને અસરકારક પણ. પુસ્તકની આ બીજી આવૃત્તિ તેની ઉપયોગિતા પુરવાર કરી આપે છે, અને ક્રાઉન કદનાં ૧૭૬ જેટલાં પૃષ્ઠોના આ પુસ્તકની માત્ર છ રૂપિયા જેવી નજીવી કિંમત એ તેના લેખકનો સદ્-અર્થ સૂચવે છે. પ્રકાશક : હરિ ચૅરિટેબલ ટ્રસ્ટ, 'માતૃછાયા', મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

એક માનવીને લેખે : શ્રી ઉશનસ્ સતત લખતા રહેલા આપણા પ્રસિદ્ધ સાંપ્રત કવિ છે. આ કાવ્યસંગ્રહની રચનાઓ જોતાં લાગશે કે તે ભલે કોઈ એક યા બીજા નિમિત્તનું પરિણામ હોય, પરન્તુ તેમાંનો કવિતા-અંશ ઉશનસીય સ્પર્શ પામ્યો છે તેની પ્રતીતિ થશે. એમાં મહાત્મા ગાંધી હોય તો બાદશાહ ખાન પણ હોય. એમાં બી.બી.સી.ના સમાચાર પણ હોય કે ફિનિક્સનો ગાંધી આશ્રમ હુલ્લડખોરોએ બાળી મૂક્યાના સમાચાર હોય - એમની સંવેદનશીલ સર્જકતા તરત જ કલમ ઉપાડી બેસે છે. અહીંયાં છંદોબદ્ધ અને ગદ્યમાં આકૃત રચનાઓ સમાવાઈ છે. સાંપ્રત અને સનાતનનું અહીં સુયોગ્ય દર્શનચિત્ર અનુભવવા મળે છે. પ્રાપ્તિસ્થાન : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળે, જૈન દેરાસર સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧; કાચું પૂઠું, ડિમાઈ, પૃ. ૧૧૨, રૂ. ૫૦.

પ્રાપ્ત પ્રકાશનો

બાપા વિશે : લે. લાભશંકર ઠાકર, પ્રકાશક : ઇમેજ પબ્લિકેશન્સ, ૧૩૩, હસ્સા મહલ, દલામલ પાર્ક, કફ પરેડ, મુંબઈ-૫. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩, ડિમાઈ, પૃષ્ઠ-૧૭૬, કાચું પૂઠું, મૂલ્ય રૂ. ૮૦. પોતાના પિતાશ્રી (પાટડીવાળા વૈદ્ય)નો જીવનાલેખ લાભશંકર ઠાકરે આપ્યો છે. એમાં બાપાની સૂક્ષ્મ બાબતો પણ સંવેદનશીલતાથી વણાઈ ગઈ છે.

શબ્દ... મારો પારસમણિ : લે. સુરેશ દલાલ, પ્રકાશક : રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહાવિદ્યાલય, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૨૦, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩, ડિમાઈ, પૃષ્ઠ : ૧૩૬, મૂલ્ય રૂ. ૬૫. 'મારી બારીએથી શ્રેણી'માં પ્રકાશિત થયેલા લેખોનું એક વધુ પુસ્તક.

ચન્દ્રકાન્ત વર્તકની કેટલીક વાર્તાઓ : અનુવાદ : જયા મહેતા, સુરેશ દલાલ, જશવંતી દવે, પ્રકાશક : ઉપર મુજબ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૨, ડિમાઈ, પૃષ્ઠ : ૧૧૨, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૫૦. મરાઠી વાર્તાકાર ચંદ્રકાન્ત વર્તકની (પ્રતિનિધિ વાર્તાઓનો અનુવાદિત સંગ્રહ. એમાંથી 'અંધકારનાં મોજાં,' 'મરણવસતી' 'ફરતા ઘરની વાત' અને 'ભીંત' નામક વાર્તાઓનું ગુજરાતીકરણ થયું છે.

સ્મૃતિબંધ : સંપાદક : પ્રજ્ઞા પટેલ, પ્રકાશક : આત્મારામ કા. પટેલ, ૧૭૧/૧, 'ચ' ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ: ૧૯૯૧, ડિમાઈ, પૃષ્ઠ : ૧૬૬, કાચું પૂંઠું, મૂલ્ય : આપ્યું નથી. લેખક સ્વ. શ્રી આત્મારામ પટેલનાં દીકરીએ પિતૃતર્પણ

રૂપે પ્રસિદ્ધ કરેલું પુસ્તક.

'નિવૃત્તિપ્રધાનો ચંદ્રલોકમાં' લે. દેવચંદભાઈ ના. સાવલિયા. પ્રકાશક : જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, અમદાવાદ., પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, ડિમાઈ, પૃષ્ઠ : ૧૧૭, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૨૦. અહીં નવલકથાની રીતે વિચારો ગૂંથવાનો પ્રયાસ થયો છે.

શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી : લે. નેમચંદ ગાલા, પ્રકાશક, આર.આર. શેઠની કંપની, મુંબઈ-૨, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૭, ડિમાઈ, પૃષ્ઠ : ૧૨૭, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૨૫. ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રનો તુલનાત્મક પરિચય કરાવતું પુસ્તક.

સરિતાઓના સાન્નિધ્યમાં : લે. રામપ્રસાદ શુક્લ, પ્રકાશક : ગૂર્જર એજન્સીઝ, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩, ક્રાઉન, પૃષ્ઠ : ૨૫૬, પાકું પૂંઠું, મૂલ્ય : રૂ. ૬૦. સરિતાતટની પદયાત્રાઓ કરતાં કરતાં સૌંદર્યદર્શન સાથે સંસ્કૃતિદર્શન કરાવતું પુસ્તક.

લક્ષ્મણ જેવો ભાઈ અને બીજાં કાવ્યો : લે. પ્રેમશંકર ન. ભટ્ટ, પ્રકાશક : શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫ ક્રાઉન, પૃષ્ઠ-૬૪, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૭-૫૦. સરળ બાળકાવ્યોનો સંગ્રહ.

પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨.)ની **પરિચય પુસ્તિકાઓ : દક્ષિણ આફ્રિકા :** લે. મહેન્દ્ર વા. દેસાઈ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃષ્ઠ ૩૨, કાચું પૂંઠું.

ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ લે. અભિજિત વ્યાસ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃષ્ઠ : ૩૨, કાચું પૂંઠું.

ષડ્દર્શન શું છે ? નગીન જી. શાહ, પ્રથમ આવૃત્તિ: ૧૯૯૫, ક્રાઉન, પૃષ્ઠ : ૩૨, કાચું પૂંઠું. દરેક પુસ્તિકાના રૂ. પાંચ. •

રન્નાદે પ્રકાશન, (૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧)નાં **પ્રકાશનો :**

ઇનાયત : ચિનુ મોદી 'ઇર્શાદ,' પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન, પૃષ્ઠ : ૯૬, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૪૦. ૧૯૯૧ પછીથી સર્જાયેલી ગઝલોનો સંગ્રહ. ગઝલની નક્કરતાનો ખ્યાલ એક શેર પરથી જ આવી જશે.

ઊંઘ વચ્ચે જડી, પાછલી ખટઘડી,
ખૂબ અમને નડી, પાછલી ખટઘડી.

તરુરાગ અને નદીસૂક્ત : લે. જયન્ત પાઠક, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃષ્ઠ : ૧૦૮, કાચું પૂંઠું, મૂલ્યઃ રૂ. ૩૮. સંસ્મરણાત્મક અને અતીતરાગી સ્મૃતિકથાનું પુસ્તક. એમાં કલાસર્જનની ક્ષણો ભારોભાર જળવાઈ છે.

'બૂમ કાગળમાં કોરા' : લાભશંકર ઠાકરના કાવ્યસંગ્રહની દ્વિતીય આવૃત્તિ : ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠ : ૭૦, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૨૫.


'મારા નામને દરવાજે' : લાભશંકર ઠાકર ના કાવ્યસંગ્રહની દ્વિતીય આવૃત્તિઃ ૧૯૯૬ ડિમાઈ, પૃષ્ઠઃ ૧૧૨, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૪૦.

વિચારબલ : લે. શ્રીમાન વિશ્વવંદ્ય, પ્રકાશકઃ શ્રી વિશ્વવંદ્ય ઉદ્યાન, મુખ્યમાર્ગ, કારેલીબાગ, વડોદરા, પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠઃ ૭૧, કાચું પૂંઠું, મૂલ્યઃ રૂ. ૧૫. વિચારપરિવર્તનનું મનનીય પુસ્તક.

'મળે ન મળે' લે : આદિલ મન્સૂરી, પ્રકાશક વોરા ઍન્ડ કંપની, ગાંધી ચૅમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠઃ ૩૨૦, કાચું પૂંઠું, મૂલ્યઃ રૂ. ૨૦૦. આદિલના સમગ્ર કાવ્યોનો સંગ્રહ.

'ઝલક પ્રયાગ' : લે. સુરેશ દલાલ, પ્રકાશકઃ ઉપર મુજબ, પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠ : ૧૦૮, કાચું પૂંઠું, મૂલ્યઃ રૂ. ૫૦. જાણીતા સર્જકોનાં ચિંતનાત્મક સુવાક્યોની સમજ અને ઝલક આપતું પુસ્તક.

'તિબેટના ભીતરમાં' : લે. હેનરિક હેસ. અનુવાદકઃ મહેન્દ્ર મેઘાણી, પ્રકાશકઃ લોકમિલાપ ટ્રસ્ટ, પો.બૉ. ૨૩, સરદારનગર, ભાવનગર-૧. દ્વિતીય આવૃત્તિ ૧૯૯૬, કાચું પૂઠું, ક્રાઉન ૧૬૨, રૂ. ૩૦.



સ્હેજ અંદર ઊઘડનાર બારી મળે,
આ જગતની પછી જાણકારી મળે.
આ ગગનને નિભાવું, શરત એટલી;
કે હવા જેમ ફરતી અટારી મળે.

- ચિનુ મોદી

કૉફી અન્નાન (Koffi Anann)



સંયુક્ત રાષ્ટ્રો (યુનો)ના નવા વરાયેલા મહામંત્રી છે. છેલ્લા કેટલાક સમયથી આ હોદ્દા માટે યુનોસ્થિત વિશ્વની મહાસત્તાઓ વચ્ચે વિવાદ સર્જાયો હતો અને જે 'વિશેષાધિકાર' પાંચ મહાસત્તાઓ ધરાવે છે (યુ.એસ.એ.; રશિયા, ફ્રાંસ, ગ્રેટબ્રિટન અને ચીન) તેમની વચ્ચે મહામંત્રીની નિમણુંક માટે વિષેધ અધિકાર પણ વાપરવામાં આવ્યો હતો. યુ.એસ.એ.એ બુટ્રોસ ઘાલીની પુનઃ નિમણૂક વિરુદ્ધ 'વીટો' વાપર્યો હતો અને ફ્રાન્સે કૉફી અન્નાનની નિમણૂક માટે પણ પોતાનો વીટો વાપર્યો હતો. પરંતુ પાછળથી ફ્રાન્સે અંતિમ નિર્ણય માટે સભા મળી ત્યારે વિરોધ નહિ કરતાં ૧૫ સભ્યોની સલામતી સમિતિએ કૉફી અન્નાનને મહામંત્રી તરીકે નીમવાનો નિર્ણય લીધો અને એ રીતે મુત્સદ્દીના બદલે મૅનેજરની પસંદગી કરવામાં આવી.

૧૪ ડિસેમ્બરના રોજ આ રીતે ઘણા વિવાદ અને છેવટે સમજૂતીથી ૧૫ સભ્ય દેશોની સલામતી સમિતિએ શ્રી અન્નાનના નામની ભલામણ સ્વીકારી, પરિણામે તેઓ તા. ૧-૧-૧૯૯૭થી પાંચ વર્ષ માટે આ વિશ્વસંસ્થાના મહામંત્રી નિમાયેલા શ્રી અન્નાન આવા વિવાદાસ્પદ બનેલા પહેલા મહામંત્રી છે અને છેવટે એ પદને પામ્યા છે ત્યારે તેઓનો પરિચય અને કપરી કામગીરી વિષેનો ખ્યાલ આપવો ઉચિત ગણાશે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના અંગોમાં સચિવાલય અને તેના સર્વોચ્ચ વહીવટી વડા મહામંત્રી સૌથી મહત્ત્વના છે. તેઓ આ મહાન આંતરરાષ્ટ્રિય સંગઠનની રોજબરોજની કામગીરી સંભાળે છે. તેમની નિમણૂક સલામતી સમિતિની ભલામણથી મહાસભા દ્વારા થાય છે. વિશ્વશાંતિની દિશામાં પહેલ કરવાનો અધિકાર મહામંત્રીને આપવામાં આવેલો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનાં ચારે અંગો મહાસભા, સલામતી સમિતિ, આર્થિક અને સામાજિક સમિતિ તથા વાલીપણા સમિતિમાં તેઓ મુખ્ય વહીવટી અધિકારી તરીકે હાજર રહે છે. અગિયાર અંડર સેક્રેટરી જનરલ અને પાંચ આસિસ્ટંટ સેક્રેટરી જનરલ તેમને સહાય કરે છે.

તેઓ પહેલા એવા મહામંત્રી છે કે જે રાજકારણમાં નહીં પરંતુ વહીવટી સચિવાલયના કર્મચારી મંડળમાં ૩૦ વર્ષથી હોદ્દો ભોગવતા અને ક્રમિક રીતે ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરતા કરતા આ પદને પામ્યા છે.

તેઓ મૂળ ઘાનાના વતની છે અને યુ.એસ.એ.માં જ શિક્ષણ પ્રાપ્ત કરીને યુનોમાં જોડાયા હતા અને એ રીતે ઘાનાના ઓછા અને યુ.એસ.એ.ના વધુ એવા આંતરરાષ્ટ્રિય નાગરિક છે. ૫૮ વર્ષના તેમના આયુમાં તેઓએ મોટા ભાગનાં વર્ષ યુ.એસ.એ. જેવા મુક્ત લોકશાહીવાળા દેશમાં અને આંતરરાષ્ટ્રિયતાના વાતાવરણમાં ગુજાર્યાં છે. તેમના હોદ્દાની મુદત તા. ૩૧ ડિસેમ્બર ઈ.સ. ૨૦૦૧ના રોજ પૂરી થશે, ત્યારે તેઓ આ મહાન સંસ્થાને ૨૧મી સદીમાં દોરી જનાર મહામંત્રી તરીકેનું સ્થાન પ્રાપ્ત કરવાના યશભાગી બનશે.

તેમના નામની ભલામણ એક પ્રસ્તાવના દ્વારા મતદાન લીધા સિવાય કરવામાં આવી હતી. સમિતિના કેટલાક સભ્યોને તેમના નામ સામે વિરોધ હતો, પણ તેઓ ખુલ્લી રીતે દર્શાવવા ઇચ્છતા ન હતા, જે સાંપ્રત વિશ્વ રાજકારણનું જ પ્રચલિત પાસું અભિવ્યક્ત કરે છે. સમિતિએ વિદાય લેતા મહાંત્રીની સેવાઓને બિરદાવતો પ્રસ્તાવ પણ આ જ રીતે મતદાન સિવાય પસાર કર્યો હતો તે પણ આ પ્રકારનો પહેલો ઠરાવ હતો, જે આ પહેલાં કોઈ પણ મહામંત્રી માટે પસાર કરવામાં આવેલ નથી.

શ્રી અન્નાન જ્યારે આ સંસ્થાની નેતાગીરી સંભાળી રહ્યા છે ત્યારે બાવનમા વર્ષમાં તાજેતરમાં જ પ્રવેશેલી આ સંસ્થાની નાણાકીય હાલત કથળી ચૂકી છે. ત્યારે તેઓએ પોતાની વરણી પછી જણાવ્યું હતું કે, ૨૧મી સદીમાં આપણે કયા પ્રકારનું યુ.એન. જોઈએ છીએ તે નક્કી કરવાની મુખ્ય કામગીરી તેઓની રહેશે. પત્રકારોને તેમણે એવું પણ કહ્યું હતું કે યુ.એસ.એ. અને શ્રી ઘાલી વચ્ચેના છૂપા સંઘર્ષને કારણે યુ.એન. મુશ્કેલીમાં છે. તેઓ આ રીતે યુ.એન.ની આંતરિક મુશ્કેલી અને કામગીરીના સંપૂર્ણ જાણકાર છે. તેઓએ પરોક્ષ રીતે નાણાંકીય શક્તિને વધારવાનું કહી યુ.એસ.એ. પાસે સંયુક્ત રાષ્ટ્રસંઘના જે ૧.૩ અબજ ડૉલર લેણા નીકળે છે તેનો ઉલ્લેખ કર્યો હતો અને તે રીતે યુ.એસ.એ. સાથેના સંબંધોને સમધારણ કરવાની પહેલ કરી હતી. કેબલ નેટવર્કને આપેલી મુલાકાતમાં એવી પણ સ્પષ્ટતા કરી કે અમેરિકા તેની બાકી રકમ નહીં ચૂકવીને મિત્રો અને દુશ્મનોને સરખી રીતે વિરોધી બનાવી રહ્યું છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે એમ પણ કહ્યું કે, સંયુક્ત રાષ્ટ્ર હજુ પણ મહત્ત્વનું છે અને તેઓ

એવાં પગલાં સહુ માટે લેશે કે જેથી સહુને એવું પ્રતીત થાય કે સંયુક્ત રાષ્ટ્ર તેમને માટે જ છે.

આ રીતે શ્રી અન્નાનની કામગીરી કપરી છે. નાણાંકીય, રાજકીય અને નૈતિક કટોકટીમાંથી પસાર થઈ રહેલી આ સંસ્થાને ઉગારવાનું અને વિશ્વસનીયતા પ્રાપ્ત કરવાનું ભગીરથ કાર્ય તેઓને બજાવવાનું છે. પણ સંસ્થાની અંદર જ દીર્ઘકાળ સુધી કામ કરીને તેઓએ જે જાણકારી મેળવી છે તેનો તેઓ પૂરેપૂરો ઉપયોગ કરશે તેવી શ્રદ્ધા તેઓએ કરેલા નિવેદનમાંથી પ્રકટે છે.

તેમની નિમણૂક થાય તેમાં યુ.એસ.એ.ના રાજદૂત શ્રી મેડેલીન ઑલબ્રાઈટે પરોક્ષ રીતે પૂરો રસ દાખવ્યો હતો, કારણ કે તેઓ પણ નવા વર્ષથી યુ.એસ.એ.ની નવી સરકારમાં મંત્રી થવાના છે. અન્નાન વિષે એમ પણ કહેવાય છે કે તેઓ આફ્રિકન કરતાં અમેરિકન વધુ છે. જોકે બુટ્રોસ ઘાલી સિવાયના અન્ય ત્રણ ઉમેદવારો પણ આફ્રિકાના દેશોના જ હતા. અન્નાનનું નિવેદન વરણી સમયે જ આવ્યું અને તેમાં પણ સહુ દેશોએ સાથે મળીને કામ કરવા અને યુ.એન.ને સહકાર આપવા જણાવ્યું તે તથા યુ.એસ.એ. માટેનો સ્પષ્ટ ઉલ્લેખ કદાચ આપણને આ વિચાર કરવા પ્રેરે કે હવે પછી જે સમગ્ર વિશ્વમાં બની રહ્યું છે તે પ્રમાણે માત્ર 'મહાસત્તા'નું જ વર્ચસ્વ સંપૂર્ણપણે સમગ્ર વિશ્વ અને યુ.એન. ઉપર છવાયેલું રહેશે કે શું ?

છેવટે, આપણે એ પ્રવાહ તરફ તો ધસી રહ્યા નથી ને કે સમાનતાને બદલે નાણાંકીય સધ્ધરતા ધરાવતી સર્વોચ્ચ પ્રજાસત્તાઓ આખી દુનિયા ઉપર પરોક્ષ વર્ચસ્વ જમાવી દે ? આશા રાખીએ કે શ્રી કૉફી અન્નાન પોતાના ૩૦ વર્ષના વહીવટી અનુભવને સાચા અર્થમાં વિશ્વશાંતિ, સહઅસ્તિત્વ અને માનવજાતના કલ્યાણ માટે પ્રયોજવામાં પોતાનો ભગીરથ પુરુષાર્થ આદરશે. - પ્રોફે. સુરેશભાઈ શાહ

ઓછી જાણીતી એક ઘટના

રાજકોટમાં સત્યાગ્રહ વખતે ગાંધીજી ઉપર કેટલાંક તોફાની તત્ત્વો ધસી ગયાં હતાં અને એમની હત્યાનો નઠારો પ્રયાસ થયો હતો એ બાબત તદ્દન ઓછી જાણીતી છે. આ પ્રસંગે હું ત્યાં ઉપસ્થિત હતો અને સ્વયંસેવક હતો. આ આખું કાવતરું રાજકોટના નામચીન દીવાન વીરા વાળાનું હતું. એમાં બ્રિટિશ સરકારનો છૂપો હાથ હતો.

અફવાઓ જોર પકડતી હતી કે મુસ્લિમો અને સામંતી તત્ત્વો રાષ્ટ્રિય શાળાના ચૉગાનમાં સાંજની પ્રાર્થનાસમયે કાળા વાવટા બતાવવાના છે તથા ખાસડાંનો હાર પહેરાવવાના છે અને હિંસાત્મક હુમલો લાવવાના છે. ગાંધીજીએ 'બાજી હરિને હાથ છે' એમ અટલ શ્રદ્ધા સાથે હિંસા સામે અહિંસાને મેદાનમાં ઉતારી. સાંજની પ્રાર્થના પડતી મૂકવા ઘણાબધા શુભેચ્છકોએ વિનંતી કરી જોઈ, પરંતુ ગાંધીજી પહાડની જેમ મક્કમ હતા.

ગાંધીજીએ સ્પષ્ટ સૂચના આપી કે મારી પાસે કોઈ પણ માણસ ગમે તે ઇરાદાથી આવે તો આવવા દેવો અને કોઈએ વચમાં રોકાણ ન કરવું. દરેકના મનમાં ભય અને આશંકા હતાં. રોજની પેઠે એ દિવસે પણ ગાંધીજી મોટરમાં બેસીને રાષ્ટ્રિય શાળાએ પહોંચ્યા. લગભગ પાંચસો જેટલા તોફાનીઓનું ટોળું એકઠું થયું હતું. હાથમાં કાળા વાવટા અને પાટિયાં હતાં. એમાં કેટલાંક પર તો અશિષ્ટ લખાણો પણ હતાં. રાષ્ટ્રિય શાળાના કમ્પાઉન્ડ અને માર્ગ વચ્ચે જે મોટી વાડ હતી તેને તોફાનીઓ ઘેરી વળ્યા. સરદારશ્રી એ વખતે અમરેલીમાં હતા.

ગાંધીજીએ જરા પણ વિચલિત થયા વગર વિરોધી તોફાની હિંસક ટોળાને નમન કર્યું, હાથ જોડી સસ્મિત નમસ્તે કર્યા! પ્રાર્થના હંમેશ મુજબ શરૂ થઈ. પ્રાર્થના ચાલી એટલો વખત સતત ખલેલ સૂત્રોચ્ચારો - બુમાટાઓ ચાલુ જ રહ્યાં. ઘણા તો જોર-જોરથી વિચિત્ર અવાજો કાઢી કિકિયારીઓ કરતા રહ્યા. પ્રાર્થના જેવા પવિત્ર કાર્ય વખતે જ આવા હિંસક દેખાવો ચાલી રહ્યા હતા અને અશ્લીલ સૂત્રોચ્ચારો થઈ રહ્યા હતા. આ વસ્તુ ગાંધીજીને કારી ઘા જેવી લાગી હતી, પરંતુ બહુ જ સ્વસ્થતાથી પ્રાર્થના પૂર્ણ થયા બાદ એઓ પોતાના ઉતારે જવા ઊઠ્યા. ત્યાં તો રાષ્ટ્રિય શાળાના ચૉગાનમાં પ્રવેશદ્વારથી થઈને અંદર ઘૂસવા એ લોકોએ જબરો ધસારો કર્યો.

ગાંધીજીએ હંમેશની જેમ પાછલે રસ્તે થઈ મોટર આગળ લઈ જવાને બદલે ટોળાની વચ્ચે થઈને જવાનું નક્કી કર્યું અને આગળ આગળ ગમન કર્યું કે જેથી હિંસક લોકોને ગાંધીજી ઉપર શબ્દો કે લાઠીઓ કે શસ્ત્રોનો પ્રહાર કરવો હોય તે કરે. પ્રવેશદ્વાર આગળ એટલી ધમાચકડી તેમ શોરબકોર અને ઉશ્કેરાટભર્યું હિંસક વાતાવરણ હતાં કે આગળ વધાય નહિ.

એક તો પ્રવેશદ્વારનો સાંકડો રસ્તો હતો અને એમાં વીફરેલાં હિંસક તત્ત્વોની ધક્કા-મુક્કીઓ વધતી જતી હતી. આ સમયે હું ગાંધીજીની સમીપ હતો. અને ગાંધીજીની રક્ષા માટે માનવ-સાંકળ રચવાનો પ્રયત્ન કર્યો તો ગાંધીજીએ સ્પષ્ટ આદેશ આપ્યો કે કાં તો હું આ હિંસક ટોળામાં થઈને આગળ વધીશ અથવા તો અહીં જ બેસી જઈશ.

એટલામાં ગાંધીજીને કંઈક મનોવેદના થવા લાગી. ગાંધીજીને આ હિંસાત્મક પ્રવૃત્તિ જોઈને ભારે દુઃખ થયું હતું. ગાંધીજી ઉપર હુમલો કરવા હિંસક લોકો ધસી આવ્યા હતા એ જોઈને રાજકોટ સત્યાગ્રહના એક મોભી અને મુલ્ક-મશહૂર સૌરાષ્ટ્રના છેલભાઈ ધસી આવ્યા ને સિંહગર્જના કરી. છેલભાઈને જોતાં જ આખું ટોળું થોડુંક ખચકાયું.

ગાંધીજી પર કોઈ અઘટિત ઘટના બનશે એવી સૌપ્રથમ

ખાનગી માહિતી ગાંધીજીને છેલભાઈએ જ આપી હતી. પોતે ખિસ્સામાં નાનકડી રિવૉલ્વર પણ રાખતા હતા. છેલભાઈએ મને કહ્યું હતું કે, 'હિંમતલાલ, હોશિયાર રહેજો. ગાંધીજી પર હુમલો થશે. હું તો ત્યાં હોઈશ જ અને મારાથી બને તેટલું એમનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરીશ જ. હમણાંથી હું ખિસ્સામાં રિવૉલ્વર પણ રાખીને ફરું છું.' એમ કહીને ગજવામાંથી ટચૂકડી રિવૉલ્વર કાઢીને બતાવીય ખરી. - હિંમતલાલ યુ. દવે ('પથિક'માંથી)

ગાંધીવાદી વિજ્ઞાની શિવાકાકા

અમદાવાદ જિલ્લાના અસલાલી ગામે ૧૪-૧-૧૮૯૯ના રોજ શિવાભાઈ જેઠાભાઈ પટેલનો જન્મ થયો. નાનપણથી જ ભણવામાં હોશિયાર એવા શિવાકાકા ૧૯૨૧માં મુંબઈ યુનિવર્સિટીના કૃષિસ્નાતક થયા. તે પછી એમ.એ.જી. ઉપાધી મેળવી. તેઓની નિમણૂક મુંબઈ રાજ્યના વિરમગામ કપાસ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક તરીકે થઈ.



ખેતી ખાતાના અંગ્રેજ અમલદારે શિવાકાકાના કામની કદર કરી, બઢતી આપી. અંગ્રેજ અમલદારની બાબુશાહી સામે તેમણે અહિંસક બળવો પોકારેલો. તે દરમિયાન ગાંધીજીની સત્યાગ્રહની ચળવળના રંગે તેઓ રંગાએલા. ભરૂચના કપાસસંશોધન કેન્દ્રમાં તેમની કામગીરી હતી. કૃષિ-વૈજ્ઞાનિક તરીકેની તેમની ખ્યાતિ મુંબઈ રાજ્યમાં ગણાતી. ખાતાકીય નિવૃત્તિ મેળવ્યા પછીના જીવનમાં તેમની અનેક પ્રકારની દેણગી સમાજને મળી છે.

સઘનક્ષેત્ર-યોજના સાથે બોરખડી ગામના ગ્રામ-આયોજનમાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. પૂ. રવિશંકર મહારાજ સાથે મળીને પારડી ઘાસિયા સત્યાગ્રહમાં વૈજ્ઞાનિક તરીકે શિવાકાકાએ ભાગ ભજવ્યો હતો. શ્રી સંતબાલજી સાથે તેમનો ગાઢ પરિચય હતો.

તેમના નિવૃત્ત જીવનનો સક્રિય સમય તેમણે વેડછી આશ્રમમાં જુગતરામકાકા સાથે વિતાવ્યો હતો, તે દરમિયાન તેમણે કપાસશાસ્ત્ર, ડાંગરશાસ્ત્ર, મગફળીશાસ્ત્ર, ખેતીપેદાશના ભાવો જેવાં ગુજરાતીમાં ઉત્તમ વૈજ્ઞાનિક પુસ્તકો પ્રકાશિત કર્યાં હતાં. વેડછી આશ્રમના જીવનમાં વહેલી સવારની પ્રાર્થનાથી રાતની પ્રાર્થના સુધીનો સમય પૂરેપૂરો આશ્રમથી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવામાં વિતાવ્યો. સાબરમતી આશ્રમ - ગૌશાળામાં ડૉ. કૂરિયનને ટ્રસ્ટી બનાવવામાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. જીવનભર ગાયના દૂધના વ્રતનું પાલન કર્યું. ખાદી આજીવન અપનાવી હતી. શરીર ચાલ્યું ત્યાં સુધી કાંતણ પણ કર્યું. રચનાત્મક કામો સાથે કૃષિવિજ્ઞાનનો સમન્વય શિવાકાકાના જીવનમાં વણાયો હતો. સરકારી કૃષિ વિભાગના કર્મચારીઓ તથા કૃષિ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ સાથે તેમણે જીવનભર ગાઢ પરિચય કેળવ્યો હતો. જ્યાં સુધી શરીરે કામ આપ્યું ત્યાં સુધી શિવાકાકા સક્રિય પ્રવૃત્ત રહ્યા.

ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળની સ્થાપનામાં તેઓનો મહત્ત્વનો ફાળો ગણાય. આજે આ મંડળ વટવૃક્ષ જેવું ફૂલ્યું-ફાલ્યું છે.

તેમના બે દીકરાઓ ડૉ. સ્વ. શ્રી દિનુભાઈ તથા શ્રી નરેન્દ્રભાઈ. શ્રી દિનુભાઈએ દહેગામમાં જીવનભર દવાખાનું ચલાવ્યું સાથે સાથે જનસેવાનાં કાર્યો કર્યાં. શ્રી નરેન્દ્રભાઈએ પોતાના જીવનનો પ્રવૃત્તિકાળ અમૂલમાં ગાળ્યો. એક દીકરીએ રાજકોટ વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં સેવામય જીવન વિતાવ્યું. ૯૭ વર્ષની જૈફ ઉંમરે ૨૪-૪-૯૬ના રોજ શિવાકાકાએ ચિરવિદાય લીધી. આ રચનાત્મક ગાંધીવાદી કૃષિવિજ્ઞાનીનું જીવન ઘણા વિજ્ઞાનીઓ માટે પ્રેરણાત્મક બની રહેશે. - રાજુભાઈ જંત્રાણિયા

સમુદ્રનાં રહસ્ય પણ તેની ઊંડાઈ જેટલાં જ ઘેરાં છે

જે લોકો દરિયાકિનારે એક વાર પણ ગયા છે એ લોકો સમુદ્રની વિશાળ જળરાશિથી ચોક્કસપણે મુગ્ધ થયા હશે. પૃથ્વી પરના સમુદ્રોના સંદર્ભમાં આપણે એટલું તો જાણીએ છીએ કે પૃથ્વીના પોણા ભાગ પર પાણી ફેલાયેલું છે. આંકડાઓની દૃષ્ટિએ જોઈએ તો પૃથ્વીના ૩૬૧.૧ હજાર લાખ ચોરસ કિલોમીટરના ત્રણ ભાગ એટલે કે ૧૩૯.૪૦ હજાર લાખ ચોરસ કિલોમીટર પર તો સર્વત્ર પાણી જ પાણી છે. આટલું બધું પાણી પૃથ્વી પર ક્યાંથી આવ્યું હશે એ પ્રશ્ન જો તમારા મનમાં ક્યારેય ઊભો થયો હોય તોપણ તેનો જવાબ એટલો જ છે કે વિજ્ઞાનીઓ પણ ખાતરીપૂર્વક એમ કહી શકતા નથી કે આટલું પાણી પૃથ્વી પર ક્યાંથી આવ્યું હશે! અલબત્ત, વિજ્ઞાનીઓને એટલી ખાતરી થઈ ગઈ છે કે પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારે સમુદ્રનું અસ્તિત્વ નહોતું.

સમુદ્રની ઉત્પત્તિના સમય અંગે કે તેની ઉંમર અંગે તેમાં મોજૂદ ખનીજ પદાર્થોને આધારે જાણકારી મેળવવામાં આવી છે અને તે મુજબ પૃથ્વી પર સમુદ્રની ઉત્પત્તિ પાંચ હજાર લાખથી દસ હજાર લાખ વર્ષ પહેલાં થઈ હતી. આ સમુદ્રે તેના પેટાળમાં અનેક ઊંડાં રહસ્યો જાળવી રાખ્યાં છે.

ખરી હકીકત તો એ છે કે ઈ.સ. ૧૮૪૦ પહેલાં સમુદ્રના તળ વિશે લોકોને બહુ માહિતી નહોતી. પરંતુ એ જ વર્ષે સર જેમ્સ રોસે સમુદ્રના તળ વિશે ખાસ અભ્યાસ શરૂ કર્યો. એ પછી ૧૯૨૦માં સમુદ્રતળના અધ્યયન માટે એક નવી ટેક્નોલૉજિનો ઉપયોગ શરૂ કરાયો. એ ટેકનૉલૉજિ વડે

સમુદ્રની અંદર અવાજના તરંગો મોકલવા શરૂ કરાયા. આ તરંગો સમુદ્રની અંદરના પદાર્થો સાથે અથડાઈને પાછા આવવા માંડ્યા. આમ, સમુદ્રતળ વિશે વિવિધ માહિતી મળવી શરૂ થઈ. એ પછી તો આ અભ્યાસ માટે નવી નવી ટેકનિકોનો વિકાસ થતો રહ્યો અને આજે તો સમુદ્રતળ વિષે ઘણી માહિતી એકઠી કરી લેવાઈ છે.

ઘણાંને એ જાણીને નવાઈ લાગશે કે સમુદ્રના તળમાં ઊથલપાથલ થવાને કારણે સમુદ્રની અંદર પણ જ્વાળામુખીઓનો વિસ્ફોટ કે ધરતીકંપ થવાનું શક્ય હોય છે. સમુદ્રની અંદર ધરતીકંપ આવવાને કારણે સમુદ્રના જળમાં જોરદાર ધ્રુજારીની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. આ પ્રક્રિયા મોજાંઓ પેદા કરે છે અને આ મોજાં સમુદ્રને ભારે તોફાની બનાવી દે છે. એવા સમયે જો કોઈ જહાજ સમુદ્રના આ અશાંત વિસ્તારમાં પ્રવેશે તો તેને બચવું ભારે થઈ જાય.

ધરતીકંપો મોટે ભાગે સમુદ્રના તળમાં તિરાડો પાડી નાખે છે. તેને કારણે સમુદ્રનું પાણી દેખીતું જ ઓછું થાય છે. તેને લીધે સમુદ્રની સપાટી પર એક વિશિષ્ટ ભરતીઓટ પેદા થાય છે. આ ભરતીઓટ સામાન્યપણે થતી રહેતી ભરતીઓટ કરતાં જુદા જ પ્રકારની હોય છે.

૧૯૪૬માં એલ્યુશિયન ટાપુની નજીક સમુદ્રતળમાં એક જબરદસ્ત ધરતીકંપ આવ્યો હતો. તેને લીધે સમુદ્રની સપાટી પર જે મહાકાય મોજાં ઉત્પન્ન થયાં હતાં તે એલ્યુશિયન ટાપુથી ૩૨૦૦ કિ.મી. દૂર આવેલા હવાઈ ટાપુ વચ્ચે ફેલાઈ ગયાં હતાં અને તેના રૌદ્ર સ્વરૂપે જાનમાલની ખાનાખરાબી કરી નાખી હતી.

એ જ રીતે ૨૭મી ઑગસ્ટ ૧૮૮૩ના રોજ ડચ ઈસ્ટ ઈન્ડીઝના કારાઓટા ટાપુની નજીક સમુદ્રમાં એક જ્વાળામુખી ફાટ્યો હતો. તેને કારણે સમુદ્રની સપાટી પર ૩૦ મીટર ઊંચાં મોજાં પેદા થયાં હતાં. તેની ઝડપ કલાકના ૧૧૨૦ કિલો મીટર જેટલી હતી. આ તોફાનમાં કિનારા પરનાં કેટલાં ગામ આખાં ને આખાં તણાઈને હજારો માઈલ દૂર ઑસ્ટ્રેલિયા અને અમેરિકા પહોંચી ગયાં હતાં.

સમુદ્રની અંદર પર્વતો પણ છે. પણ સમુદ્રના તળથી જેની ઊંચાઈ ઓછામાં ઓછી એક કિલોમીટર હોય તેને જ સમુદ્રી પર્વત કહેવામાં આવે છે. અત્યાર સુધીમાં આવી ઊંચાઈ ધરાવતા લગભગ બે હજાર પર્વતોની જાણકારી મળી ચૂકી છે. આવા હજી બીજા પર્વતો મળી આવશે એવી ધારણા રખાઈ છે. સમુદ્રનાં તળમાં જે ઊથલપાથલ થાય છે તેને કારણે સમુદ્રી પર્વતો પેદા થાય છે. સામાન્યપણે આ પર્વતો એકથી ત્રણ કિલોમીટર ઊંચા હોય છે. મોટે ભાગે આ પર્વત પાણીમાં ડૂબેલા હોય છે. પણ તેમાંના કેટલાક પાણીની સપાટી પર પણ આવી જાય છે. આવા સમતળ પર્વતને ટાપુ કહેવામાં આવે છે.


અમેરિકામાં હવાઈ ટાપુઓની જે શૃંખલા છે તે આ રીતે જ પેદા થયેલી છે. હવાઈ ટાપુઓમાં 'મોનાર્ક' સૌથી ઊંચો પર્વત કહી શકાય. સમુદ્રની સપાટીથી તેની ઊંચાઈ ૪૨૦૦ મીટર (૧૩૭૮૦ ફૂટ) છે. પરંતુ સમુદ્રના તળથી તેની ઊંચાઈ ૯૬૮૬ મીટર (૩૧૭૮૦ ફૂટ) છે. એટલે કે સમુદ્રની અંદર જ આ પર્વત ૫૪૮૬ મીટર (૧૮૦૦૦ ફૂટ) રહે છે. સમુદ્રના તળથી તેની ઊંચાઈને જો ગણતરીમાં લેવામાં આવે તો આ પર્વત વિશ્વનો સૌથી ઊંચો પર્વત કહેવાય. – પ્રતીક્ષા ('સાધના')


૭૫,૦૦૦ વર્ષ જૂના અવશેષો

દુનિયાભરમાં જૂનામાં જૂના પુરાવશેષો તાજેતરમાં મળી આવ્યા છે. ઑસ્ટ્રેલિયાની વાયવ્યે મળી આવેલા ખડકોના રૂપમાં આ અવશેષો છે, જેના પર પુરાતત્ત્વવિદોને હારની હારો મળી છે. આ હાર ૧.૨ ઇંચ પહોળી અને લગભગ એનાથી અર્ધી ઊંડાઈનાં વર્તુળો કોરેલાં છે. એ થયાનો કાળ ૭૫૦૦૦ વર્ષ પુરાણો, એટલે કે અત્યાર સુધીમાં મળેલા ઑસ્ટ્રેલિયન પુરાવશેષો કરતાં ૧૫૦૦૦ વર્ષ, અને ફ્રાંસમાંથી મળેલાં ભીંતચિત્રોના અવશેષો કરતાં લગભગ બમણા જૂના છે.

સિડનીના ઑસ્ટ્રેલિયન મ્યૂઝીઅમના ડૉ. રિચાર્ડ એલ.કે. ફુલેગરનું કહેવું છે કે ગમે તેટલા પ્રાથમિક દશાના હોય પણ તે નિઃશંક કળાના અવશેષો છે. અલબત્ત, તેઓ કહી શકતા નથી

ઉત્તર ઓસ્ટ્રેલિયામાં ૭૫,૦૦૦ વર્ષ પહેલાંના અવશેષો, માણસનો હાથ સરખામણીમાં તેનું કદ દર્શાવવા બતાવ્યો છે.





પ્રાચીન અવશેષોના ખડક, સાથે એને મથાળે તથા નીચે બાજુમાં સંશોધકો.

કે તે કરનાર એના દ્વારા શો સંદેશો પાઠવે છે. આ વિસ્તારમાં રહેનાર આદિવાસીઓનું કહેવું છે કે, ખડકો કરેલી આ કળા એમના વડવાઓ જ્યારે પથ્થરયુગમાં પ્રવેશ્યા ત્યારની છે.

આ ખડકમાં નિષ્ણાતોએ, ૩,૫૦૦ વર્તુળો ગણ્યાં હતાં. તેની બાજુમાં એક પથ્થર પર બીજાં ૩,૨૦૦ વર્તુળો ગણ્યાં હતાં. નિષ્ણાતોનું કહેવું છે કે, ઓછામાં ઓછો એક કલાક તો આવું એક વર્તુળ બનાવવા પાછળ ખર્ચાય જ. જો એક માણસ સતત આઠ કલાક રોજ આ જ કામ પાછળ ખર્ચે તો આ કામ કરતાં એને ૯૦૦ દિવસ તો લાગે જ.

જો દરેક દિવસ જીવવા માટે મથવું રહેવું પડ્યું હોય તો આ કામ પાછળ સખત મજૂરી કરવી પડી હશે અને એ રીતે આટલાં વર્તુળો કોરવાં એ કેટલું મહત્ત્વનું કામ હશે?

યુનિવર્સિટી ઓફ મિચિગનના ડો. વૉલપોફ કહે છે કે, જો ઑસ્ટ્રેલિયામાં ૧,૭૬,૦૦૦ વર્ષો પૂર્વે વસ્યો હશે તો એ દક્ષિણ ધ્રુવ પ્રદેશનો કોઈ માણસ હશે. પણ એથી એમ નથી કે એ કોઈ સ્વતંત્ર માનવી વિકાસ પામ્યો હશે; એમ પણ બની શકે અથવા આ તેની યાયાવર યાત્રા પણ હોઈ શકે.

હાલ તો આ અંગે હજી સંશોધનો ચાલુ છે.

અનુસંધાન] કંકાવટી [પૃ. ૩૭ થી

ટાંકતો હોય એમ કહ્યું : 'અમેરિકન ઈતિહાસમાં એક પણ હિલેરી રોધમ ક્લીન્ટન જેવી પ્રથમ મહિલા થયાં નથી.'

હિલેરી રોધમ ક્લીન્ટનની શૈક્ષણિક કારકિર્દી ઘણી ઉજ્જ્વળ હતી. વકીલ તરીકે એણે એની તીવ્ર બુદ્ધિને લઈને ખૂબ જ નામના મેળવી છે. એ જો વિલિયમ જેફરસન ક્લીન્ટનને પરણ્યાં ન હોત તો એણે પોતાની રાજકીય કારકિર્દી બનાવી હોત. ગવર્નર તો બન્યાં જ હોત, પણ પ્રમુખપદ પણ શોભાવી શક્યાં હોત એમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ નહિ થાય.

હિલેરી અને ક્લીન્ટન બન્ને એક જ યુનિવર્સિટીમાં ભણ્યાં અને બન્ને ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થી હતાં. બિલ ક્લીન્ટનને કારકિર્દીની ટોચ પર પહોંચાડવામાં હિલેરીની આત્મશ્રદ્ધા અને પ્રબળ ઈચ્છાએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે.

પોતાના પતિને આગળ લાવવા માટે અને યોગ્ય પ્રથમ મહિલા બનવા માટે એમણે પ્રયત્ન શરૂ કર્યા. સૌથી પહેલાં એણે પોતાની અટક રોધમ કાઢી નાખી. અને પોતાનું નામ હિલેરી ક્લીન્ટન કરી નાખ્યું. એ પોતે શિકાગોના વેપારીની એકની એક દીકરી છે. નામ બદલ્યા પછી એણે પોતાનો દેખાવ છેલ્લામાં છેલ્લી ફૅશન લક્ષમાં લઈને બદલ્યો. ચશ્માં કાઢીને આંખમાં લેન્સ બેસાડ્યા. વાળ ઓળવાની ઢબમાં ફેરફાર કર્યો. એક ફૅશન-સલાહકાર રાખ્યો, જે એનાં કપડાંની પસંદગી કરે. અને આ ઉપરાંત પોતાનું વજન ૧૫ પાંઉડ જેટલું ઘટાડી નાખ્યું. અને જ્યારે જ્યારે ક્લીન્ટન ભાષણ આપવા જાય ત્યારે એ એમની પાછળ, બે ફૂટ દૂર ઊભાં રહે છે. આ બધી વર્તણૂક એ સમજીને, પોતાના પતિને અને લોકોને અનુકૂળ થવા માટે બુદ્ધિપૂર્વક કરે છે.

આમ, એમણે એક બાજુથી ઘરને કાર્યક્ષેત્ર બનાવ્યું તો બીજી બાજુથી સ્વતંત્રપણે પોતાના બહારના રસ્તા પણ બનાવતાં રહ્યાં છે. પોતાના મતદાર વિસ્તારમાં આંટો મારે છે, તો ક્યારેક રાજકારણમાં પણ માથું, યોગ્ય હોય ત્યાં, મારે છે. જેમ કે Summit in Copenheaganમાં કે U.S. Conference in New Youk માં – એ બન્ને સાથે સંકળાયેલાં હતાં.

એમની પોતાની આદર્શમૂર્તિ એલીનોર રુઝવેલ્ટ હતાં. એ જેમ પોતાનો વિકાસ પોતાની મેળે કરતાં હતાં એમ હિલેરીએ પણ કરવા માંડ્યું છે. આવી સ્વસત્ત્વથી ભરપૂર શ્રીમતી હિલેરી ક્લીન્ટન ૨૮-૨૯-૩૦ માર્ચ ૧૯૯૫ ભારતના પ્રવાસે પણ આવી ગયાં ! –તરલિકા આચાર્ય

સખિ! હૃદયમંથને નીકળશે અમી ને વિષ,
પીજે મધુર તું સુધા; વિષ વિષાદનાં હું પીશ!

— રંજનમ્ —

પ્રસિદ્ધ લેખક કાર્લાઈલ ફ્રેન્ચ ક્રાન્તિ પર એક પુસ્તક તૈયાર કરતા હતા, જેનો પ્રથમ ભાગ લખાઈ ગયો. પરન્તુ એમના પરમ મિત્ર મિલને ત્યાં આ પહેલા ભાગની હસ્તપ્રત બળી ગઈ. મિલે આ હકીકત કાર્લાઈલને જણાવી, એ હસ્તપ્રત નવેસરથી તૈયાર કરવા વિનંતી કરી. એ માટે જેટલો સમય લાગે તેના મહેનતાણા પેટે ૨૦૦ પૌંડ ચૂકવી આપવાની બાયધરી આપી. કાર્લાઈલે એ હસ્તપ્રત ફરીથી તૈયાર કરવામાં કેટલો સમય લાગશે તેની ગણતરી કરી અને તેને લાગ્યું કે તેના પ્રમાણમાં ૨૦૦ પૌંડ વધારે છે. આથી તેને મિલ પાસેથી ૧૦૦ પૌંડ લેવાનો નિર્ણય કર્યો અને તેની પોતાના મિત્ર મિલને જાણ કરી દીધી. ક્યાં આજની ધનભૂખ અને ક્યાં આ પ્રામાણિકતા !

*

ભારતમાં પહેલવહેલું વર્તમાન-પત્ર ઈ.સ. ૧૭૮૦ના જાન્યુઆરીની ૨૯મી તારીખે કલકત્તામાં જેમ્સ હિક્કીએ શરૂ કરેલું અને તેનું નામ હતું, 'બૅંગાલ ગૅઝેટ.'

*

માણસના શરીર પર એટલાં રૂંવાડાં છે કે તેને ભેગાં કરી પૃથ્વીના વિષુવવૃત્ત આસપાસ વીંટીએ તો તેના ૫૦ આંટા પૃથ્વીને વીંટી શકાય !

*

રેહવોથ (પેલેસ્ટાઈન)ના એક વાળંદ આઈઝેક હિબિબિએ પોતાની દીકરીનો લગ્નોત્સવ તથા પોતાના ધંધાની રજતજયંતી ઊજવવા પોતાના બધા ગ્રાહકોને મફત વાળ કપાવવાનું તથા હજામત કરાવવાનું નિમંત્રણ પાઠવ્યું હતું.

*

ગણિતગમ્મત : ૬૯૩ની રકમને ૭, ૯ અને ૧૧થી નિઃશેષ ભાગી શકાય. આ જ રકમને ઉલટાવતાં ૩૯૬ આવે તેને ૬, ૯ અને ૧૧ થી નિઃશેષ ભાગી શકાશે. (મનુભાઈ ગુલાબભાઈ દેસાઈ)

*

પિત્તના પ્રકોપમાં કાંચનાર ફૂલોનું શાક રાહત આપે છે.

*


રાંધતી વખતે કોઈ પણ પ્રકારનું ખીરું વધારે પડતું નરમ થઈ ગયું હોય તો તેમાં થોડો કૉર્નફ્લોર ભેળવી દેવો.

*

સૌરાષ્ટ્રનો કરોડો વર્ષ જૂનો ગિરનાર પર્વત હિમાલય પર્વત કરતાંય પ્રાચીન હોવાનો મનાય છે.

*

આજથી લગભગ ૨,૫૦૦ વર્ષ પૂર્વે રોમમાં છ-સાત માળનાં બહુમાળી મકાનો અસ્તિત્વમાં હતાં એવો એક અંદાજ છે.



૨૦,૦૦૦ વર્ષ પૂર્વે ગુફાવાસીઓએ ચીતરેલું રેન્ડીઅરના સંઘર્ષનું ચિત્ર.



કલાકણિકા : ૪૫.૭ સે.મી.ની ઊંચાઈવાળી આ કલાકૃતિ ઈ.સ. પૂર્વે ૨,૫૦૦ની આસપાસ સુમેરિયામાં તૈયાર થયેલી છે. સંભવતઃ કોઈ નાના મેજને ટેકવતા બે પાયામાંનો આ એક છે, જેમાં વૃક્ષને ટેકવી ઊભી થયેલી બકરી દર્શાવવામાં આવી છે. દક્ષિણ ઈરાકમાં ઉર ખાતે આવેલ રોયલ કબ્રસ્તાનમાં તે છે.